## અહો ! માસક્ષમણમ્ : અહો ! આશ્ચર્યમ્

"એ આશ્ચર્ય એટલે ૬ વર્ષમાં મુંબઈના જૈન સંઘોમાં થયેલ ૧૭૭૮ની કલ્પનાતીત સંખ્યાનાં માસક્ષમણો ! એમાં ૧૦ થી ૧૨ વર્ષની બાળવયના લગભગ ૩૮ બાલતપસ્વીઓનાં માસક્ષમણો છે, તો સામાન્ય વ્યક્તિને જેની કલ્પના ય ધ્રુજારી લાવી દે તેવા ચોવિહાર માસક્ષમણો ય ૩ અને ૧ ચોવિહાર ૪૫ ઉપવાસ છે. તેમાં ૧ તો ચોવિહાર માસક્ષમણ સાથે ૨૭ અહોરાત્ર પૌષધ કરનાર આરાધક છે ! Cancer-Corona-T.B. જેવા રોગો છતાં માસક્ષમણ કરનાર આરાધકો છે, તો જીવનમાં એક પણ ઉપવાસ ન કર્યો હોવા છતાં Direct માસક્ષમણ કરનાર આરાધકો ય છે. અરે ! ૮૪ વર્ષની અતિ વૃદ્ધ વયે કેવલ શ્રદ્ધાથી માસક્ષમણ કરનાર તપસ્વી પણ છે, તો ૧૯ વાર - ૧૭ વાર માસક્ષમણ કરનાર પણ છે. આ અજાયબ માસક્ષમણોથી એક તરફ ધન્યતા અનુભવાય છે કે કેવી દેવ-ગુરુની અદ્ભુત કૃપા જે આ મહાતપમાં અમને પ્રેરકરૂપે નિમિત્ત બનાવે છે, તો બીજી તરફ તીવ્ર ઝંખના ય અનુભવાય છે કે આનાં ફળરૂપે જીવનમાં એક વાર માસક્ષમણ જેવી અશક્યવત્ તપસ્યા થાય !

એ માસક્ષમણો પૈકી કેટલીક ઘટનાઓનું રસપ્રદ આલેખન આ પુસ્તકમાં થયું છે. એ માટે બે સ્પષ્ટતા : (૧) ઘટનાને રસપ્રદ બનાવવા એમાં કલ્પનાની રંગપૂરણી એ રીતે થઈ છે કે મૂલ તત્ત્વ તો યથાવત જ રહે. એમાં કોઈ કાલ્પનિકતા ન આવે. ઉદાહરણરૂપે, ચોવિહાર માસક્ષમણસંબંધી સંવાદમાં શબ્દોની કલ્પનાપૂરણી છે. પરંતુ ચોવિહાર માસક્ષમણ-ચોવિહાર ૪૫ ઉપવાસની વાતમાં કોઈ કાલ્પનિકતા નથી. એ સો ટકાની સત્ય ઘટના છે. આવું દરેક પ્રસંગમાં સમજવું. (૨) આ પુસ્તકમાં નિહાળાતી અદ્ભુત તપઘટનાઓ એ એક જ નથી, એક જ સરખી અનેક ઘટનાઓ સર્જાઈ છે. ઉદાહરણરૂપે, અહીં ચોવિહાર માસક્ષમણની ઘટના એક જ વર્ણવાઈ છે. પરંતુ એવી ઘટના ત્રણ-ચાર છે. વિષયવૈવિધ્ય લાવવા અમે અલગ અલગ બોધ આપતી એકેક ઘટનાઓ પસંદ કરીને આમાં આલેખી છે. અમને વિશ્વાસ છે કે 'અહો ! માસક્ષમણમ્'ની આ સત્ય ઘટનાઓ ભાવકોને 'અહો ! આશ્ચર્યમ્' થી તર-બ-તર કરી દેશે."

- આચાર્ય વિજય રાજરત્નસૂરિ

(આ પુસ્તકના 'લેખકીય નિવેદન'માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

આચાર્ય વિજય રાજરત્નસૂરિ ★ અહો ! માસક્ષમણમ્

# અહો ! માસક્ષમણમ્

મુંબઈના છ ચાતુર્માસમાં થયેલ ૧૭૭૮ માસક્ષમણો પૈકી કેટલીક હૃદયસ્પર્શી સત્ય ઘટનાઓ




આચાર્ય વિજય રાજરત્નસૂરિ

# અહો ! માસક્ષમણમ્ :
# અનુમોદનાનાં અક્ષતવધામણાં

સિદ્ધહસ્તલેખક વિદ્વત્શ્રેષ્ઠ
**આચાર્ય શ્રી વિજય રાજરત્નસૂરિજી આદિ**

શાતાનુવંદના. હું સ્વસ્થ-શાતામાં છું. ખૂબ જ આનંદદાયી સમાચાર મળ્યા કે તમારા સૌ શ્રમણપરિવારની નિશ્રામાં ૫૫૮ માસક્ષમણનો ઈતિહાસ રચાયો છે.

આવી ભીષ્મ તપોસાધના અને તે પણ સામૂહિક સ્તર પર આ બધું સાંભળતા નિઃશંકપણે કહી શકાય કે તમારાં જીવનમાં ગુરુકૃપાનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.

સમસ્ત મુંબઇ મહાનગર પર યુગદિવાકર પૂજ્યપાદ શ્રી ધર્મસૂરિદાદાનો અને તત્પશ્ચાત્ આપશ્રીના ગુરુદેવશ્રીનો અતુલ્ય ઉપકાર રહ્યો છે. તે વારસાને તમે સવિશેષ રીતે દીપાવી રહ્યા છો.

શાસનપ્રભાવકતાનાં અને રક્ષાનાં વિવિધ કાર્યો તમારા હસ્તક થતાં જ રહો એ જ શુભાભિલાષા.

- પૂજ્યપાદ સંઘસ્થવિર ગચ્છાધિપતિ આ.ભ.
**શ્રી દોલતસાગરસૂરીશ્વરજી મ.સા.**

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

# અહો ! માસક્ષમણમ્

મુંબઈના છ ચાતુર્માસમાં થયેલ ૧૭૭૮ માસક્ષમણો પૈકી
કેટલીક હૃદયસ્પર્શી સત્ય ઘટનાઓ


* લેખક *
પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક
પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યસર્જક તેજસ્વીવક્તા શાસનપ્રભાવક
પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ



* પ્રકાશક *
શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૧૯૩

## * પ્રકાશક - પ્રાપ્તિસ્થાન *

**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**
**શ્રી પરિમલભાઈ સી. શાહ**
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે,
જૈન મંદિર પાસે, માંજલપુર,
વડોદરા – ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

## * પ્રકાશનતિથિ તથા સ્થળ *

મહાવીર સં. ૨૫૪૯ * વિ.સં. ૨૦૭૯
માગશર શુદિ–૩, શનિવાર, તા. ૨૬–૧૧–૨૦૨૨
કાંદિવલી–મહાવીરનગરસંઘમાં પ્રતિષ્ઠા તથા
આચાર્યપદ–દીક્ષા પ્રદાન શુભ દિન

## * પ્રથમાવૃત્તિ પ્રત *

૩૫૦૦

## * મૂલ્ય *

રૂા.૭૫/–

## * મુદ્રક *

**જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.**
૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨. * ફોન : ૪૩૬૬ ૭૧૭૧

પૂજ્યપાદ શાસનપ્રભાવક આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.
આદિની પુણ્યનિશ્રામાં છ ચાતુર્માસોમાં
માત્ર મુંબઈ શહેરમાં થયેલ **1778** માસક્ષમણ સાંપ્રત
જૈન શાસનનો વિરલ તપRecord છે !

અન્યાન્ય ગુરુભગવંતો માટે
સામૂહિક માસક્ષમણનો પ્રેરણાસ્રોત બનેલ
સામૂહિક માસક્ષમણની આ યશોજ્જવલ પરંપરા
પૂજ્યશ્રીની નિશ્રામાં
આગામી વર્ષોમાં પણ ગંગાપ્રવાહની જેમ વિસ્તરતી રહેશે.
એથી આ સિવાયની સત્ય ઘટનાઓ

# માસક્ષમણની
# મહાસફર

પુસ્તકરૂપે આગામી સમયમાં પ્રકાશિત કરવાની
અમારી ભાવના છે.
પ્રભુપ્રાર્થના કરીએ કે સિદ્ધહસ્તસર્જક પૂજ્યશ્રીની
કલમે શ્રી સંઘને માસક્ષમણશ્રેણિનું
આ નવું પુસ્તક શીઘ્ર સંપ્રાપ્ત થાય.





# હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ શાસનપ્રભાવક
**આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિની
નિશ્રામાં વિ.સં. ૨૦૭૮ના ચાતુર્માસમાં મુંબઈમાં
થયેલ 558 ની વિરાટ સંખ્યાના માસક્ષમણોની
તેમજ તે અંતર્ગત કાંદિવલી–પૂર્વના
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય સંઘમાં
થયેલ યશસ્વી સામૂહિક માસક્ષમણોની અનુમોદનાર્થે,
પ.પૂ.આ.ભ.**શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.**ના
શિષ્યરત્ન પ.પૂ.મુનિપ્રવર **શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.**
તથા પૂ.સા.**શ્રી વસંતપ્રભા-વિશ્વરત્નાશ્રીજી મ.** ના શિષ્યા
પૂ.સા.**શ્રી વિશ્વરમ્યાશ્રીજી મ.** ની પ્રેરણાથી,
**શ્રી અશોકગ્રામ જૈન ટેમ્પલ ટ્રસ્ટ -**
**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય-કાંદિવલી**
તરફથી આ પુસ્તકપ્રકાશનનો ઉદાર લાભ લેવાયો છે.
પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન.

– પ્રકાશક

# ★ અહો ! માસક્ષમણમ્ઃ ★
# અનુમોદનાનાં અક્ષતવધામણાં

પૂજ્યપાદ પરમગુરુકૃપાનિધાન **આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિની નિશ્રામાં વિ.સં.૨૦૭૨થી આરંભાયેલ સામૂહિક માસક્ષમણોની યશોજ્જવલ પરંપરામાં વિ.સં. ૨૦૭૮માં શ્રેષ્ઠ સીમાચિહ્ન એ સર્જાયું કે એક જ ચાતુર્માસમાં 558 ની માતબર સંખ્યામાં સમૂહ માસક્ષમણો યોજાયા! આ અદ્ભુત તપશ્ચર્યાની અનુમોદનાર્થે વિધવિધ સમુદાયોના શાસનપ્રભાવક સૂરીશ્વરોનાં જે અનુમોદનાપત્રો પૂજ્યશ્રી પર આવ્યા તેમાંનાં કેટલાક પત્રો અન્ય પુસ્તકોમાં પ્રસ્તુત છે, તો બાર પત્રો અત્ર પ્રસ્તુત છે. **– પ્રકાશક**

### શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી રાજરત્નસૂરિજી મ. !

સસ્નેહ સુખશાતાપૃચ્છા...

આપશ્રીનો પત્ર મળ્યો. મોહમયી મુંબઈનગરીને ધર્મમય તપનગરી બનાવી સર્વોત્તમ શાસનપ્રભાવનારૂપ ૫૫૮ સમૂહ માસક્ષમણો કરાવ્યા તેની અંતરથી અનુમોદના. સમગ્ર જિનશાસનમાં તપનો ડંકો બજાવ્યો છે. આપશ્રીની નિશ્રામાં થઈ રહેલા અન્ય પણ શાસનકાર્યોની ભાવભીની અનુમોદના... મુંબઈનગરીમાં આપ જૈન શાસનનો 'સૂર્યોદય' કરી રહ્યાં છો. **- પૂ. તપાગચ્છાધિપતિ આ.ભ.શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.**

### શાસનપ્રભાવક આ. શ્રી વિજય રાજરત્નસૂરિજી મ. !

અનુવંદના... સુખશાતા !

તપ-જપ-સાધનાના ચાતુર્માસિક કાળમાં આપે આપની પ્રબળ પ્રેરણાદાયિની વાણી વડે આરાધના-ઉપાસનાના ઉત્તમ માહોલનું સર્જન કરી શ્રી સંઘના ૩૨૮ શ્રાવક-શ્રાવિકાઓને મૃત્યુંજય તપમાં જોડીને તેમજ આપની આજ્ઞાથી આપના શિષ્યવૃંદે વિવિધ ક્ષેત્રોનાં ચાતુર્માસમાં ત્યાંના ૨૩૦ આરાધકોને જોડી કુલ ૫૫૮ માસક્ષમણ કરાવવા દ્વારા જે શાસનપ્રભાવના કરી છે તેની ખૂબ ખૂબ અનુમોદના... સર્વે તપસ્વીઓને અંતરનાં આશીર્વાદ...

**- પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય અભયદેવસૂરીશ્વરજી મ.સા.**

### શાસનપ્રભાવક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ. !

અનુવંદના...સુખશાતા !

તમે કરેલી પ્રેરણા દ્વારા અનેક સુષુપ્ત આત્માઓ અનાદિની વળગેલી આહારસંજ્ઞાને જીતવા માટે 30 દિવસના મૃત્યુંજય તપ કરવા તત્પર થયા, અનેક ભાવિકોમાં ઉલ્લાસ જાગૃત થયો, તપસ્વીઓએ તપની મંગલ શરૂઆત કરી. ધન્ય તે તપસ્વીઓને જેઓએ જીવનમાં આ મહાન તપની આરાધનામાં પુરુષાર્થ કર્યો. ૫૫૮ જેવી જબરદસ્ત મોટી સંખ્યામાં માસક્ષમણ કરીને તપસ્વીઓ જૈન શાસનના તપધર્મની પ્રભાવના કરી રહ્યાં છે. સર્વે તપસ્વીઓને ધર્મલાભ સાથે આ મહાન તપની ભૂરિ અનુમોદના જણાવશો. સર્વે તપસ્વીઓને સુખશાતા વર્તી રહે એ શુભ કામના. તપસ્વીઓએ ઉત્તમ મનોરથ કરવા.

**- પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.**

# અનુમોદનાનાં અક્ષતવધામણાં

## પરમ શાસનપ્રભાવક 'ધર્મ-સૂર્યોદય' પરમ ગુરુકૃપાપ્રાપ્ત યશસ્વી આચાર્યવર્ય રાજરત્નસૂરિજી મ.!

અનુવંદના ... સુખશાતા સહ

મહાતપ...મૃત્યુંજય તપ...માસક્ષમણ તપ...'૫૫૮' ની સંખ્યા ! અમારા હૃદયમાં આનંદ અને અનુમોદનાની ઉર્મિઓ ઉછળી રહી છે. જરાક આંખ મીંચતા ત્યાંનું ભવ્ય વાતાવરણ આંખ સામે ખડું થઈ જાય છે. સહુ તપસ્વીઓ શાતામાં હશે. તમે ગુરુકૃપાથી ધાર્યું કાર્ય પાર પાડો છો. તમારી માસક્ષમણપ્રેરણાનો આંક '૧૭૭૮' સુધી પહોંચ્યો. આવતા ૨૦૨૩ના વર્ષે તમે માસક્ષમણનો '૨૦૨૩' નો આંકડો પાર કરી જવાના. કાળથી આગળ જઈ કાળજયી બનો...

- પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મ.સા.

## વિદ્વદ્વર્ય આચાર્યપ્રવર શ્રી રાજરત્નસૂરિજી મ. !

સાદર વંદના ...!

આપની નિશ્રામાં થઈ રહેલ ૫૫૮ માસક્ષમણતપની ખૂબ ખૂબ અનુમોદના. પાંચ વર્ષથી આપની નિશ્રામાં આ જે વિરાટ તપોયજ્ઞ ચાલી રહ્યો છે તે આગળ ને આગળ ચાલે એવી અન્તસ્તરની કામના.

- પૂ. ગચ્છાધિપતિ આ.ભ.શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.સા.

## શાસનપ્રભાવક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ. !

સાદર અનુવંદના ...સુખશાતા !

સમાચાર જાણ્યા. કમાલ કરી ! આટલા બધા માસક્ષમણો ! ખૂબ - ખૂબ અનુમોદના.

ગુરુકૃપા-પ્રવચન-પુણ્યાઈ અનરાધાર વરસે છે. હવે ૧૦૦૮ તરફ આગળ વધો. અમારી ખૂબ શુભેચ્છા છે.

- પૂ. હૃદયસ્પર્શી પ્રવચનકાર આ.ભ.શ્રી વિજય યશોવર્મસૂરીશ્વરજી મ.સા.

## શાસનપ્રભાવક વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિજી મ. !

સાદર અનુવંદના ... સકુશળ હશો / છીએ.

છેલ્લા કેટલાય વર્ષોથી મુંબઈના અનેક શ્રી સંઘોમાં સામુદાયિક સ્વરૂપે માસક્ષમણ જેવા ભીષ્મ તપની અને એ પણ વિરાટ સંખ્યામાં થતી આરાધનાઓના સુયશના સદ્ભાગી જો કોઈ હોય તો તમારા ગુરુજી આચાર્ય રાજરત્નસૂરિજી છે. લગાતાર અત્યંત સુખરૂપે ચાલી રહેલ તમારા આ લોકહિતકારક પુરુષાર્થથી અનેક જીવો ધર્માભિમુખ અને તપાભિમુખ થયા છે એ હકીકત છે. આ વર્ષે ગીતાંજલિ શ્રી સંઘે પણ પોતાના ઈતિહાસમાં સામુદાયિક તપસ્યાઓનાં ક્ષેત્રે એક નવું જ સુવર્ણ પૃષ્ઠ ઉમેરી દીધું. વર્ષીતપ-શ્રેણિતપ-ધર્મચક્રતપ અને આ માસક્ષમણ ! શ્રી સંઘની આ પ્રગતિ જોઈને કોને હર્ષ ન થાય ?

કામકાજ જણાવશો. સહવર્તી સહુને વંદનાદિ ...

- પૂ. ધર્મચક્રતપપ્રભાવક આ.ભ.શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.

# અનુમોદનાનાં અક્ષતવધામણાં

**શાસનપ્રભાવક આચાર્ય શ્રી વિજય રાજરત્નસૂરિજી મ. !**

**અનુવંદના ... શાતા**

માસક્ષમણના સૂર્યને સતત તેજસ્વી બનાવતાં આપને હૃદયની ઉર્મિઓથી ખૂબ-ખૂબ ધન્યવાદ છે. ૩૦-૩૦ દિવસના ઉપવાસ કરવા એ ખૂબ અઘરું કાર્ય છે. ગુરુકૃપા-પ્રવચનકુશળતા અને સૂરિમંત્રસાધનાના ત્રિવેણીસંગમે આપના દ્વારા ૫૫૮ આરાધકો મૃત્યુંજય તપમાં જોડાયા છે તે અનુમોદનીય છે. માસક્ષમણની તપસ્યા કરવી અને કરાવવા માટે પ્રેરણા કરવી તે પણ એક પડકાર છે. લાગે છે કે આપની ઈચ્છાશક્તિ જ આમાં ભાગ ભજવે છે...

અમે ગયા વર્ષે ભાવનગરમાં ૨૩૭ માસક્ષમણ કરાવ્યા ત્યારે જ ખ્યાલ આવી ગયો હતો કે આ તપમાં સફળતા ઈચ્છાશક્તિ અને ગુરુકૃપા વગર મળવી કઠિન છે. **કર્મણાં તાપનાત્ તપઃ** આ પંક્તિને લોકોના હૃદયમાં સહજભાવે ઉતારીને આપે ખરેખર કમાલ કરી છે. આપના આ ગુણની હું વારંવાર અનુમોદના કરું છું. આઠ પ્રભાવકમાં પાંચમા પ્રભાવક તપસ્વી છે. તપધર્મના માધ્યમે જે શાસનની પ્રભાવના થઈ રહી છે તે પ્રશંસાપાત્ર છે.

સરળ સ્વભાવ-ગુણાનુરાગિતા અને નમ્રતાનાં માધ્યમે આપને સતત સફળતા મળતી જ રહો એવી મંગલ કામના ...

**- પૂ. તત્ત્વપ્રવચનપ્રજ્ઞ આ.ભ.શ્રી વિજય રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક પૂ.આ. શ્રી રાજરત્નસૂરિજી મ. !**

**સાદર વંદના ... શાતામાં હશો !**

આપશ્રીની નિશ્રામાં થતાં ચાતુર્માસમાં માસક્ષમણની તપશ્ચર્યા અદ્ભુત થઈ રહી છે. સાંભળતા આનંદ અનુભવાય છે. પ્રભુ અને ગુરુની પ્રચંડ કૃપા અવતરિત થઈ રહી છે. ખૂબ અનુમોદના. કાર્ય સેવા ફરમાવશોજી.

**- પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી ભાગ્યેશવિજયસૂરીશ્વરજી મ.સા.**

**પૂ. શાસનપ્રભાવક આ. ભ. શ્રી રાજરત્નસૂરિજી મ. !**

**સાદર વંદના ... શાતા...**

આ વખતે આપની નિશ્રામાં બોરીવલી-ગીતાંજલિ સંઘમાં અદ્ભુત Record થઈ રહેલ છે. જાણે કે માસક્ષમણોની દુકાન મંડાઈ છે અને હોલસેલમાં તપસ્વીઓ એના લાભ લઈ રહ્યાં છે. આ શુભ અવસરે અમે પણ શુભાનુબંધની વૃદ્ધિ થાય તે માટે પ્રમોદભાવનાપૂર્વક અનુમોદના કરીએ છીએ. ધન્ય-ધન્ય છે એ મારા તપસ્વીઓને જે મૃત્યુંજય તપ કરીને કર્મક્ષય અને આત્મશુદ્ધિનું કાર્ય કરી રહ્યાં છે. તે તપસ્વીઓ સાનુબંધ પરંપરાથી અગ્રિમ ભવમાં પણ વિશેષ તપથી કર્મક્ષય-આત્મશુદ્ધિ પામે તેવા શુભાભિલાષ.

**- પૂ. શાસનપ્રભાવક આ.ભ. શ્રી પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ.સા.**

# અનુમોદનાનાં અક્ષતવધામણાં

**શાસનપ્રભાવક પૂ.આ.શ્રી રાજરત્નસૂરિજી મ. !**

**વંદના... શાતા.**

મોટા અને કઠિન તપ સતત કરાવવા એ સ્વયં કઠિન કાર્ય છે. માસક્ષમણ, સિદ્ધિતપ જેવા તપ કરાવનાર સાધુ સંઘ માટે :-

**(૧) શ્રદ્ધેય હોવા જોઈએ.**

* આમના વાસક્ષેપ કે પચ્ચક્ખાણથી અમારું તપ થઈ જશે.

* સાહેબે કીધું છે તો પ્રયત્ન કરી લઈએ.

આવી લોકશ્રદ્ધા જેના માટે કેળવાયેલી હોય.

**(૨) કુશળ હોવા જોઈએ.**

* ઢીલા પડતા તપસ્વીને સ્થિર કરવાની...

* બિમાર પડે તેને હામ આપવાની...

* વિશિષ્ટ સંયોગે પારણું કે ઉપચાર કરાવવાની...

* સહકાર ન આપતા કુટુંબીજનોને સમજાવવાની...

આવી અનેક કુશળતા જેમને વરી હોય...

**(૩) પુણ્યવાન હોવા જોઈએ.**

* જેની છાયામાં સરેરાશ તપસ્વીનાં તપ પૂર્ણ થાય.

* કોઈ મોટા કલેશ-દુર્ઘટના ન થાય.

આદેયવચની અને નિઃસ્વાર્થ એવા સાધુજનો સંઘ માટે શ્રદ્ધેય-કુશળ અને પુણ્યવાન અનુભવાય ત્યારે આવી તપશ્ચર્યાઓ થાય છે. માસક્ષમણનો આંકડો આ બધી વાતે આપ સંપન્ન છો એની સાખ પૂરે છે. આપ જેવા ગુરુજનોનાં આલંબને સંઘનું તપોબળ વિસ્તાર પામો !

- પૂ. સૌજન્યશીલ આ.ભ.શ્રી શ્રમણચંદ્રસૂરીશ્વરજી મ.સા.

**પૂ. શાસનપ્રભાવક આ.ભ.શ્રી રાજરત્નસૂરિજી મ.!**

**વંદના... સુખશાતા.**

આ વર્ષે બોરીવલી ગીતાંજલિ સંઘમાં આપશ્રીની પાવનકારી નિશ્રામાં ૫૫૮ માસક્ષમણ એટલે મૃત્યુંજય તપની અદ્‌ભુત સાધના થઈ ! અજોડ તપ કરીને સકલ સંઘ બડભાગી બન્યો છે. આ Record Break તપની ખૂબ ખૂબ અનુમોદના સહ શુભેચ્છા. બધા તપસ્વીઓ શાતામાં હશો.

- પૂ. ગચ્છાધિપતિ આ.ભ. શ્રી વિજ્ઞાનપ્રભસૂરીશ્વરજી મ.સા.

श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ❊ सूर्योदयं सूरिवरं नमामि

# અહો ! આશ્ચર્યમ્

## લેખકીય નિવેદન

સાહિત્યના નવ રસોમાં એક છે અદ્ભુત રસ. આ અદ્ભુત રસ જે કથામાં-પ્રબંધમાં યા કાવ્ય આદિમાં પ્રવાહિત હોય એને માણતા માણતા તજ્જ્ઞ ભાવકો કોઈ અલગ જ આનંદવિશ્વમાં મહાલે. એમને એ અદ્ભુત રસની પ્રસ્તુતિ પ્રત્યે ઊછળતો અહોભાવ જાગે, ઉત્કૃષ્ટ વિસ્મય પ્રગટે અને એની અભિવ્યક્તિ 'અહો ! આશ્ચર્યમ્' જેવા શબ્દોથી થાય.

જેઓ આ અદ્ભુત રસના જ્ઞાતા નથી, તજ્જ્ઞ નથી તેઓ પણ જગતમાં જ્યાં અદ્ભુત-અજાયબ-આશ્ચર્યકારી બાબતો જાણવા-નિહાળવા મળતી હોય ત્યાં એને જાણવા-નિહાળવામાં ઈંતેજારી અનુભવે અને જ્યારે એ જાણવા-નિહાળવા મળે ત્યારે તે પણ વિસ્મયવિભોર થઈ જાય અને આવડે તેવી આનંદાભિવ્યક્તિ કરે. વર્તમાન વિશ્વમાં તાજમહાલ-કુતૂબમિનાર- Eiffel Tower વગેરે Seven Wonders નિહાળવાનો જે Craze છે તે આ જ અર્થાત્ અદ્ભુતતા પ્રત્યેનાં આકર્ષણની ભૂમિકાનો છે.

પણ.. સબૂર! કથા-કાવ્યની કે Seven Wondersની અદ્ભુતતાનાં જે આકર્ષણો છે તે ભલે ભાવકને કદાચ Extreme ભાસે. પરંતુ એની બે મર્યાદાઓ છે : એક એ કે તે નિર્જીવ છે-જીવંત નથી અને બીજી એ કે તે વિસ્મયચકિત ભલે કરી દે, પરંતુ આત્મકલ્યાણની ભૂમિકા સર્જવાની એની કોઈ ગુંજાયેશ નથી. જ્યારે પરમતારક પરમાત્માનાં શાસનમાં આજે ય એવાં અદ્ભુત-અજાયબ-આશ્ચર્યરૂપ આકર્ષણો છે કે જે કોઈ પણ સહૃદય આરાધકને વિસ્મયવિભોર તો કરે જ. ઉપરાંત એ જીવંત છે અને આત્મકલ્યાણની પ્રબળ-સબળ ભૂમિકા સર્જવાની જબરજસ્ત ગુંજાયેશ ધરાવે છે. આપણે સાંપ્રત શાસનની નિકટના ભૂતકાળની યા આજની-અદ્યતન આવી કેટલીક અજાયબીભરી વાતોની એકેક ઝલક પંચાચારના સંદર્ભમાં નિહાળીએ :

❊ શ્રી સિદ્ધક્ષેત્ર પાલિતાણાસ્થિત સા.શ્રી પ્રબોધશ્રીજી નામે શ્રમણીભગવતી નેવું વર્ષની વયે આંખે અક્ષમ હોવા છતાં આજે ય નિત્ય છ થી આઠ હજાર ગાથાઓનો સ્વાધ્યાય પુસ્તક વિના કંઠસ્થપણે કરે છે.

❊ નિકટના ભૂતકાળમાં કાલધર્મ પામેલ પ્રવર્તિની સા. શ્રી નેમશ્રીજી ચોરાણું વર્ષની વયે નિત્ય સમગ્ર દિવસ પાટ પર વિરાજે અને કાન અક્ષમ હોવાથી કોઈ સાથે

વાર્તાલાપાદિ ન કરી શકે. છતાં એમની 'સમય પસાર થતો નથી' ની ફરિયાદ કદી ન હતી, બલ્કે સમય ઓછો પડે છે તેવી અનુભૂતિ હતી ! કારણ? નિરોગી અવસ્થામાં પોતે કરેલ જિનપ્રતિમાઓની વંદના-યાત્રામાંથી નિત્ય ત્રણ હજાર પ્રતિમાઓને માનસપટ પર ક્રમશઃ લાવી નિત્ય તેમની ભાવવંદના-ભાવયાત્રા તેઓ કરતા હતા!

* ક્રોડાધિપતિનાં સંતાનો છતાં સુખશીલતા ત્યાગી એ સંયમીઓ ભરઉનાળે તમામ ઉપધિ ઊંચકી પ્રસન્નભાવે પ્રભુભાખી વિહારયાત્રા કરે છે, તો ૯-૧૦ વર્ષના બાલમુનિઓ લોચ જેવી અતિ કષ્ટભરી ક્રિયા સત્ત્વશીલતાથી આજે ય સંપન્ન કરે છે.

* કલિકાલના ધન્નાઅનગારની ઉપમા વરેલ અમારા સમુદાયના તપકોહિનૂર પૂ. ઘોરતપસ્વી મુનિવર્ય શ્રી ધનંજયવિજયજી મ. યાવજ્જીવ પ્રતિમાસ વીશ-વીશ ચોવિહાર ઉપવાસ, પારણે ઠામચોવિહાર અવઢ્ઢનું એકાસણું, પાણીસહિત કુલ નવ દ્રવ્યની જ છૂટ, તમામ Fruit-Dryfruit લીલાં શાકત્યાગ, પાંચ વિગઈનો મૂળથી ત્યાગ જેવા ભીષ્મ નિયમો તપક્ષેત્રે આજીવન ધરાવતા હતા.

* જ્ઞાનાદિ આચારોમાં શક્તિ-સામર્થ્ય-વીર્યનો છેલ્લા અંશ સુધી સદુપયોગ ઉપરોક્ત સંયમી ભગવંતો તથા અન્ય અનેકાનેક સંયમીભગવંતો ત્યારે અને આજે ય કરી રહ્યાનું વ્યાપકપણે નિહાળાય છે.

અમે માનીએ છીએ કે સૃષ્ટિનું Extra Ordinary અને આત્મકલ્યાણકારી જીવંત આશ્ચર્ય - અજાયબી તો આ છે કે જે અંતરના અણુએ અણુમાં 'जैनं जयति शासनम्' અને 'नमोऽस्तु तस्मै तव शासनाय'નો નાદ અનાહતપણે ગુંજાયમાન કરે.

માર્ગસ્થ સુકૃતાનુમોદનાના ઘરાનાનો Extreme આનંદ અમને એ છે કે સાંપ્રત જિનશાસનની આવી એક અજાયબી-એક આશ્ચર્યમાં પરમતારક પરમાત્માએ અને અનંતોપકારી સદ્ગુરુભગવંતે અમને નિમિત્ત બનાવ્યા છે. એ આશ્ચર્ય એટલે ૬ વર્ષમાં મુંબઈના જૈન સંઘોમાં થયેલ 1778ની કલ્પનાતીત સંખ્યાનાં માસક્ષમણો ! એમાં ૧૦ થી ૧૨ વર્ષની બાળવયના લગભગ ૩૮ બાલતપસ્વીઓનાં માસક્ષમણો છે, તો સામાન્ય વ્યક્તિને જેવી કલ્પના ય ધ્રુજારી લાવી દે તેવા ચોવિહાર માસક્ષમણો ય ૩ અને ૧ ચોવિહાર ૪૫ ઉપવાસ છે. તેમાં ૧ તો ચોવિહાર માસક્ષમણ સાથે ૨૭ અહોરાત્ર પૌષધ કરનાર આરાધક છે ! Cancer-Corona-T.B. જેવા રોગો છતાં માસક્ષમણ કરનાર આરાધકો છે, તો જીવનમાં એક પણ ઉપવાસ ન કર્યો હોવા છતાં Direct માસમક્ષમણ કરનાર આરાધકો ય છે. અરે ! ૮૪ વર્ષની અતિવૃદ્ધ વયે કેવલ શ્રદ્ધાથી માસક્ષમણ કરનાર તપસ્વી પણ છે, તો ૧૯ વાર - ૧૭ વાર માસક્ષમણ કરનાર પણ છે. આ અજાયબ માસક્ષમણોથી એક તરફ ધન્યતા અનુભવાય છે કે કેવી દેવ-ગુરુની અદ્ભુતા કૃપા જે આ મહાતપમાં અમને પ્રેરકરૂપે નિમિત્ત બનાવે છે, તો બીજી તરફ તીવ્ર ઝંખના ય અનુભવાય છે કે આનાં ફળરૂપે જીવનમાં એક વાર માસક્ષમણ જેવી અશક્યવત્ તપસ્યા થાય !

એ માસક્ષમણો પૈકી કેટલીક ઘટનાઓનું રસપ્રદ આલેખન આ પુસ્તકમાં થયું છે. એ માટે બે સ્પષ્ટતા : (૧) ઘટનાને રસપ્રદ બનાવવા એમાં કલ્પનાની રંગપૂરણી એ રીતે થઈ છે કે મૂલતત્ત્વ તો યથાવત જ રહે. એમાં કોઈ કાલ્પનિકતા ન આવે. ઉદાહરણરૂપે, ચોવિહાર માસક્ષમણસંબંધી સંવાદમાં શબ્દોની કલ્પનાપૂરણી છે. પરંતુ ચોવિહાર માસક્ષમણ-ચોવિહાર ૪૫ ઉપવાસની વાતમાં કોઈ કાલ્પનિકતા નથી. એ સો ટકાની સત્ય ઘટના છે. આવું દરેક પ્રસંગમાં સમજવું. (૨) આ પુસ્તકમાં નિહાળાતી અદ્‌ભુત તપઘટનાઓ એ એક જ નથી, એક જ સરખી અનેક ઘટનાઓ સર્જાઈ છે. ઉદાહરણરૂપે, અહીં ચોવિહાર માસક્ષમણની ઘટના એક જ વર્ણવાઈ છે. પરંતુ એવી ઘટના ત્રણ-ચાર છે. વિષયવૈવિધ્ય લાવવા અમે અલગ અલગ બોધ આપતી એકેક ઘટનાઓ પસંદ કરીને આમાં આલેખી છે, અમને વિશ્વાસ છે કે 'અહો ! માસક્ષમણમ્'ની આ સત્ય ઘટનાઓ ભાવકોને 'અહો ! આશ્ચર્યમ્' થી તર-બ-તર કરી દેશે.

હજુ ત્રણ માસ પૂર્વે ગત ચાતુર્માસમાં જે ૫૫૮ જેવી વિરાટ સંખ્યામાં માસક્ષમણો થયાં એણે સાંપ્રત જૈન શાસનમાં 'અહો ! આશ્ચર્યમ્'નાં કેવાં મોજાં સર્જ્યાં હતા તે અનેક શાસનપ્રભાવક સૂરિવરોનાં પત્રોમાં પ્રતિબિંબિત થાય છે. એ પૈકી વાગડ સમુદાયના બંધુયુગલ વિદ્વદ્વર્ય આ.શ્રી મુક્તિ-મુનિચન્દ્રસૂરિજીનો પત્રાંશ ટાંકીએ તો તેઓ લખે છે કે :- ''આ વખતે તો તમે માસક્ષમણના બધા રેકોર્ડ તોડી નાંખ્યા. પાંચ સંઘોમાં મળીને ૫૫૮ માસક્ષમણો કોને કહેવાય? વિચારતાં જ તમ્મર આવી જાય. પૂ.ગુરુભગવંતોની આવી ને આવી જ કૃપા તમારા પર વરસતી રહે અને પ્રવચનપ્રભાવનાનાં આવાં કાર્યો થતાં રહે.''

૧૭૭૮ માસક્ષમણો પૈકી આ પુસ્તકમાં માત્ર ૪૫ માસક્ષમણોની વાત જ આલેખાઈ છે. વળી આગામી વર્ષોમાં આ સામૂહિક માસક્ષમણોની પરંપરા વધુ પ્રબળ-સબળપણે જારી રાખવાના અમારા મનોરથો છે. એથી હજુ ભાવિમાં આ શ્રેણિના પુસ્તકો આલેખવાની ઝંખના હૈયે ઉત્કટપણે પ્રવર્તે છે. આ સમગ્ર આલેખન તથા અમારી અદ્યાવધિ ૧૦૦ પુસ્તકોની સાહિત્યયાત્રા જેઓશ્રીની પરમ કૃપાનું પરિણામ છે તે અમારા અનંતોપકારી સદ્‌ગુરુભગવંતો પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા. તેમજ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના પુનીત પાદારવિંદમાં કૃતજ્ઞભાવે ભાવવંદનાપૂર્વક તમામ ૧૭૭૮ તપસ્વીઓની અંતઃકરણથી અનુમોદના કરતાં અમે 'શાંતસુધારસ' ગ્રન્થની આ પંક્તિના ભાવોથી સતત તર-બ-તર છીએ કે :-

''तेषां वयमुचिताचरितानां, नाम जपामो वारंवारम् ।''

વિ.સં.૨૦૭૯, માગશર શુદિ-૩.
તા. ૨૬-૧૧-૨૨. કાંદિવલી-મુંબઈ. } -વિજયરાજરત્નસૂરિ

श्री लोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि ❋ सूर्योदयं सूरिवरं नमामि

# પ્રકાશકીય પ્રકાશ

**1778** જેવી અ..ધ..ધ.. સંખ્યાનાં માસક્ષમણો જેઓશ્રીની પુણ્યનિશ્રામાં થયા છે તે સિદ્ધહસ્તસર્જક પૂ. ગુરુદેવશ્રીની કસાયેલી કલમે, ભાવોર્મિ છલકતી શૈલીમાં આલેખાયેલ સમૂહ માસક્ષમણોની વિરલ ઝલકરૂપ 45 અદ્‌ભુત સત્ય ઘટનાઓના પ્રસ્તુત **'અહો! માસક્ષમણમ્'** પુસ્તકનું પ્રકાશન, મુંબઇ-કાંદિવલી શંકરલેનના શ્રી મહાવીરનગર શ્વે. મૂ. જૈન સંઘમાં આયોજિત ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠાદિ મહોત્સવના આજના **પ્રતિષ્ઠા–આચાર્યપદપ્રદાન–દીક્ષાપ્રદાનના મંગલ દિને** કરતાં અમે પરમ ગૌરવ અને ધન્યતા અનુભવીએ છીએ.

અમારી સંસ્થાના પ્રેરક-માર્ગદર્શક પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી દર્ભાવતી-તીર્થોદ્ધારક **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.** ના પટ્ટપ્રદ્યોતક પૂજ્યપાદ શાસનપ્રભાવક પરમગુરુકૃપાનિધાન **આ. ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ની પુણ્યપ્રભાવવંતી નિશ્રામાં સતત યોજાઇ રહેલ શાસનપ્રભાવનાની ભરપૂર શ્રેણિમાં વિ.સં. ૨૦૭૮માં પાંચ પાંચ ભવ્ય અંજનશલાકાઓ-ચાર ચાર ભવ્ય શિખરબદ્ધ જિનાલયો સહિત અનેક જિનાલયોની પ્રતિષ્ઠાઓ-ધર્મધામ નાગેશ્વરપાર્શ્વતીર્થે ૩૦૦થી વધુ આરાધકોના ભવ્ય ઉપધાન તપ-બે ભાઇઓ તેમજ બે બહેનો સહિત ચાર દીક્ષાઓ આદિ એકેકથી ચડિયાતાં ધર્મકાર્યો ઐતિહાસિક સ્વરૂપે હજારો ભાવિકોના ઊછળતાં ઉલ્લાસ વચ્ચે વૈશાખમાસ સુધીમાં યોજાયા.

એ પછી વૈશાખમાસમાં ઉજવાયો શાસનમાં અને યુગદિવાકર સમુદાયમાં સુવર્ણાક્ષરે આલેખાય તેવો અદ્‌ભુત આંખ-અંતરનાં નજરાણાંરૂપ ઐતિહાસિક મોક્ષપથમહોત્સવ. પૂ. ગુરુદેવ આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા., એમના શિષ્યવૃંદના તમામ પદસ્થો સહિત ૧૭ શ્રમણભગવંતો અને ૪૧ શ્રમણીભગવંતો મળી કુલ ૫૮ સંયમી ભગવંતોએ એકાંતર ૫૦૦ આયંબિલની જે આરાધના કરી હતી તેના સમાપનરૂપે યશસ્વી-યાદગાર મહોત્સવ મુંબઇ-બોરીવલીના કોરાકેન્દ્ર મેદાન નં.૨ અને ૩ માં ઉજવાયો હતો. (૧) દેવલોકની અલકાપુરીને શરમાવે તેવા બાદશાહી વિરાટ મંડપમાં રોજે રોજ હજારો ભાવિકોની ઉપસ્થિતિમાં સાવ નવા જ કાર્યક્રમો (૨) લોકડાયરો-નાટક જેવા રાત્રિકાર્યક્રમોમાં આઠ-આઠ દશ-દશ હજારની મેદની (૩) પૂ. યુગદિવાકરશ્રી તથા પૂ. દર્ભાવતીતીર્થોદ્ધારકશ્રીના

ઉપકારવાસિત સંઘોના જિનાલયોનાં વિરાટ Screen પર જીવંત દર્શન અને તે તે સંઘોના અગ્રણીઓ દ્વારા દેવ-ગુરુવધામણાં (૪) પૂ. ગુરુભગવંતોના ૫૦૦ આયંબિલ નિમિત્તે ૧૦૮ આયંબિલ કરનાર મુંબઈના ૨૮૦૦ પૈકી પ્રત્યેક તપસ્વીનું રૂા. ૩૦૦૦ થી બહુમાન (૫) મુંબઈની તમામ પાઠશાળાઓના ૭૦૦ થી અધિક પૈકી પ્રત્યેક શિક્ષક-શિક્ષિકાઓનું રૂા. ૧૦૦૦ થી બહુમાન (૬) એક જ સરખા ખાસ તૈયાર કરાયેલ વસ્ત્રોમાં સજ્જ ૧૨૭૬ ભાવિકો દ્વારા વિરાટ સિદ્ધચક્રમહાપૂજન (૭) વિરાટ ફલક પર અષ્ટોત્તરી-મહાભિષેક (૮) સળંગ ૫૦૦ (તેમજ એ જ અખંડ ધારામાં હાલ ૯૦૦ આસપાસ) આયંબિલ કરનાર ગુરુભગવંતો-૧૦૦૮ સળંગ આયંબિલ કરનાર ગુરુભગવંત-ત્રણ ત્રણ વાર અને બબ્બેવાર ૫૦૦ આયંબિલ કરનાર ગુરુભગવંતોના હૃદયસ્પર્શી પ્રસંગોનું પ્રવચનોમાં પ્રેરક વર્ણન અને (૯) આ સર્વથી શ્રેષ્ઠ Technology નાં માધ્યમથી પૂ. દિવંગત પરમ ગુરુદેવ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજે આકાશમાર્ગેથી પધારીને પૂ.ગુરુદેવ આ.ભ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ને કરાવેલ પારણું વગેરે અઢળક વિશેષતાઓથી એ મહામહોત્સવના સાદ-નાદ માત્ર મુંબઈ મહાનગરમાં જ નહિ, ભારતભરમાં ગુંજ્યા.

તે પછી પૂ. ગુરુદેવશ્રીના વરદ હસ્તે (૧) કાંદિવલીમાં મુમુક્ષુ આયુષીબેન રાકેશભાઈ મહેતાનો ભવ્ય દીક્ષામહોત્સવ (૨) ભાયંદર તિરુપતિ હાઈટ્સમાં ભવ્ય શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતજિનાલયનો પ્રતિષ્ઠામહોત્સવ તથા પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. આરાધના-ભવન ઉદ્‌ઘાટન (૩) ભાયંદર શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ રથાકાર જિનાલયનો શાનદાર પ્રતિષ્ઠારજતમહોત્સવ (૪) બોરીવલી-ક્રિસ્ટલ હાઈટ્સમાં શ્રી મુનિસુવ્રતસ્વામીજિનાલય પ્રતિષ્ઠામહોત્સવ (૫) બોરીવલી-સૌભાગ્યવર્ધક સંઘમાં શ્રી આદિનાથજિનાલય પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં યોજાયા. તે પૈકી ભાયંદરની સ્થિરતા દરમ્યાન પૂ. પરમગુરુદેવશ્રીની પુણ્યનિશ્રામાં પ્રતિષ્ઠિત શિખરબદ્ધ શ્રી જીરાવલાપાર્શ્વનાથ જિનાલયના સંઘે સંઘમાં બીજા ઉપાશ્રયની જરૂરિયાત અંગે વિનંતિ કરતાં પૂજ્યશ્રીએ તે સ્વીકારી અને માત્ર ત્રણ દિવસમાં માતબર ફંડ સાથે ત્રણ ઉપાશ્રયોનું કાર્ય થયું. આ ઉપરાંત મુખ્યત્વે યુગદિવાકર સમુદાયના શ્રમણીભગવંતો માટે પણ એક ઉપાશ્રય નિર્ણીત થયો.

અને...આ તમામ શાસનપ્રભાવનાઓની હારમાળાના અંતે આવ્યા ચાતુર્માસના દિવસો. પૂજ્યશ્રીનો શાનદાર ચાતુર્માસપ્રવેશ થયો બોરીવલી-ગીતાંજલિ સંઘમાં અને એમના શિષ્યવૃંદના ચાર ગુરુભગવંતોનો ચાતુર્માસપ્રવેશ થયો મુંબઈના અન્ય ચાર સંઘોમાં. પાંચે ય સંઘોમાં નિત્ય પ્રવચનો-રાત્રિપ્રવચનો-રવિવારીય શિબિરો-પ્રત્યેક રવિવારે વિધવિધ અનુષ્ઠાનો વગેરે યોજાતાં પ્રત્યેક ચાતુર્માસ યશસ્વી આરાધનામય નીવડ્યા. આ ચાતુર્માસની સૌથી મહાન તપશ્ચર્યા એટલે ૫૫૮ માસક્ષમણો. સમગ્ર ભારતવર્ષમાં જેના ઘોષ ગાજી ઉઠ્યા એ આ

૫૫૮ માસક્ષમણો બાર-તેર વર્ષની વય સુધીના ૧૦ બાળકો, ચોવિહાર સળંગ ૪૫ ઉપવાસ, ૩૫૦ જેટલા તપસ્વીઓ દ્વારા સળંગ ૧૬+૧૪ ઉપવાસના મળી બે જ વારનાં પચ્ચક્ખાણ વગેરે ચમત્કૃતિસભર ઘટનાઓ દ્વારા સર્વત્ર પ્રશંસનીય બન્યા. પાંચ સંઘો પૈકી એકમાત્ર ગીતાંજલિ સંઘમાં માસક્ષમણોની સંખ્યા હતી ૩૩૦! હજુ ગત વર્ષે (વિ.સં. ૨૦૭૭માં) પૂજ્યશ્રી આદિના ચાતુર્માસ બોરીવલીના બે સંઘોમાં થયા ત્યારે માસક્ષમણો (૨૧૫+૫૪) ૨૬૯ની માતબર સંખ્યામાં થયા હતા. તેમ છતાં આ વર્ષે એક જ સંઘમાં ૩૩૦ જેવી અ..ધ..ધ.. સંખ્યામાં માસક્ષમણો થતાં **માત્ર બોરીવલીમાં તેર માસના સમયમાં પૂજ્યશ્રી આદિની નિશ્રામાં 599 માસક્ષમણો થયા.**

“આ માત્ર પ્રભુ અને દિવંગત ગુરુદેવો ધર્મ-સૂર્યોદયસૂરીશ્વરની જ કૃપાનું પરિણામ છે. અમારું યોગદાન આમાં શૂન્ય છે” આ પૂજ્ય ગુરુદેવની દૃઢ શ્રદ્ધાએ માસક્ષમણક્ષેત્રે સીમાચિહ્નો સર્જાયા છે. પૂજ્યશ્રી તથા શિષ્યવૃંદની નિશ્રામાં છેલ્લા પાંચ વર્ષોથી થતાં સામૂહિક માસક્ષમણોની કુલ સંખ્યા થઇ ૧૭૭૮. તે પૈકી વિ.સં. ૨૦૭૮ના ચાતુર્માસમાં પૂ. મુનિશ્રી શૌર્યરત્નવિજયજી મ., પૂ. સા. શ્રી વિશુદ્ધમિત્રાશ્રીજી મ., પૂ.સા.શ્રી પરાર્થમિત્રાશ્રીજી મ. એ માસક્ષમણતપ કર્યા હતા, તો પૂ.સા.શ્રી નિસર્ગમિત્રાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી હિતાર્થમિત્રાશ્રીજી મ.એ સિદ્ધિતપ કર્યા હતા.

ગીતાંજલિ સંઘના ચાતુર્માસની અન્ય બે ઉલ્લેખનીય બાબતો હતી ૯૫ બાળકોનું પ્રથમ ઉપધાનતપ (અઢારિયું). દીવાળીની રજાઓના આ ઉપધાનતપમાં પૂજ્યપાદ પ્રભાવક પ્રવચનકાર આ.ભ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. ની વાત્સલ્યમયી કાળજીથી સાત-સાત વર્ષના નાના નાના બાળકોએ પણ એક પણ અપવાદ વિના ઉપવાસ+નીવિના તપથી અને ક્રિયાઓ સાથે કરેલ ઉપધાનતપે સમગ્ર સંઘમાં અહોભાવનાં અંજન આંજ્યા હતા. દાતાઓ મન મૂકીને વરસતા દરેક તપસ્વી બાળકોને રૂ. ૧૦ હજારના મૂલ્યની માતબર પ્રભાવના કરાઇ હતી. બીજી ઘટના એટલે નવ દિવસીય નવકારયાત્રા. ૬૮ તીર્થોના પટયુક્ત ૬૮ તીર્થકુલિકાઓની વિશિષ્ટ સજાવટ અને અલગ અલગ સંગીતકારોના સથવારે થયેલી આ નવકારયાત્રામાં ભાવિકો એ હદે જોડાયા હતા કે જાણે પર્યુષણા પછી બીજા પર્યુષણા આવ્યા! આ ઉપરાંત બાળકોના ઉપધાન દરમ્યાન, પૂજ્યશ્રીના બે વિદ્વાન શિષ્યરત્નો પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી આગમરત્નવિજયજી ગણિવર તથા પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ધર્મરત્નવિજયજી ગણિવરના આચાર્યપદપ્રદાનનાં તેમજ બાલમુમુક્ષુ મોક્ષકુમાર (વર્ષ-૧૫)નાં દીક્ષાપ્રદાનનાં મુહૂર્તો-પત્રિકાલેખન આદિ અનેક રંગારંગ કાર્યક્રમો પણ થયા. જેવું ભવ્ય ચાતુર્માસ થયું એવું જ ભવ્ય પ્રસ્થાન પણ થયું. ચાતુર્માસ પછીના પૂજ્યશ્રીના વિહારદિને ૭૦૦ થી વધુ ભાવિકો વિહારમાં સાથે ગયા. બેન્ડ-વાજાંસહિતનો એ માહોલ જાણે કોઈ પદયાત્રાસંઘનો હતો.

ચાતુર્માસ પછીના વિહારપ્રસ્થાનના બીજા જ દિને કાંદિવલી-શંકરલેનના શ્રી મહાવીરનગર જૈન સંઘમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠાદિના દ્વાદશાહ્નિક મહામહોત્સવ નિમિત્તે પૂજ્યશ્રીનો પ્રવેશ થયો. આ મહોત્સવમાં (૧) ૧૫ આરસપ્રતિમાજીઓ તથા અન્ય રજત-ધાતુપ્રતિમાઓની અંજનશલાકા (૨) પ્રભુજીઓની પ્રતિષ્ઠા (૩) સંઘના પ્રથમ જિનાલયનું સુવર્ણવર્ષ (૪) પૂર્વોક્ત બન્ને પૂ. પંન્યાસપ્રવરશ્રીઓને આચાર્યપદ પ્રદાન (૫) બાલમુમુક્ષુ મોક્ષકુમારને પ્રવજ્યાપ્રદાન તેમજ (૬) પૂજ્યશ્રી લિખિત ૯૮ થી ૧૦૦ ક્રમાંકના પુસ્તકોના ઉદ્ઘાટનરૂપ છ-છ મહાન આયોજનો થયાં હતા. પૂજ્યશ્રીની પુણ્યવંતી નિશ્રામાં માત્ર એક જ વર્ષમાં આ છટ્ઠો વિરાટ અંજનશલાકા મહોત્સવ હતો. સ્વ-પર સમુદાયના લગભગ સો જેટલા સંયમીઓની ઉપસ્થિતિ, પ્રત્યેક કલ્યાણક ઉજવણી અને રાત્રિભાવનામાં બબ્બે હજારથી વધુ ભાવિકોની હાજરી, વિશુદ્ધ વિધિકાર શ્રી મૂકેશભાઇ ડભોઇવાળાના ઉત્કૃષ્ટ વિધિવિધાનો, સ્ટાર સંગીતકાર નીલેશભાઇ રાણાવતની જાનદાર ભાવવિભોર કલ્યાણક સ્ટેજઉજવણી, નિત્ય બન્ને ય ટંક સંઘસાધર્મિકવાત્સલ્યો, ભવ્યાતિભવ્ય રથયાત્રા, શાનદાર ગુલાલબાંદોલી, હૃદયસ્પર્શી મુમુક્ષુવિદાયસમારોહ વગેરે યુક્ત આ મહામહોત્સવમાં આજથી બે દિવસ પૂર્વે નયનોનાં ઓવારણાં સમો એક અદ્ભુત ભવ્ય સમારોહ યોજાયો હતો.

એ સમારોહ એટલે ભાવાચાર્યવન્દના અને ચાતુર્માસજયોત્સવ. વિખ્યાત પ્રવક્તા શ્રી સંજયભાઇ વખારિયાએ વીરપ્રભુની પટ્ટપરંપરાના મહાન આચાર્ય ભગવંતોની અને અંતે પૂ. ધર્મસૂરિદાદાથી લઇને પદારૂઢ થનાર પૂ. પંન્યાસજી ભગવંતો સુધીની ઘટનાઓની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ કરી હતી, તો આ જ સમારોહમાં વડોદરાનગરના ૧૫-૧૫ સંઘોના તથા વસઇસંઘના ટ્રસ્ટીવર્યો ચાતુર્માસજય માટે ઉપસ્થિત થયા હતા. આ વર્ષે પૂજ્યશ્રીએ ચાતુર્માસ માટે વડોદરાક્ષેત્ર પર સંમતિનો અભિષેક કરતાં પૂજ્યશ્રીસહિત કુલ ૭૭ શ્રમણ-શ્રમણીભગવંતો વડોદરા ચાતુર્માસ માટે પધારી રહ્યા છે. વડોદરાના છ સંઘોમાં શ્રમણભગવંતો તથા પંદર સંઘોમાં શ્રમણીભગવંતોના ચાતુર્માસ પૂજ્યશ્રીએ નિધારિત કર્યા હતા, તો વસઇ માટે પૂ. શ્રમણીભગવંતનું ચાતુર્માસ નિર્ધારિત કર્યું હતું. આ તમામ બાવીશ સંયમીવૃંદોની ચાતુર્માસજય એક જ મંચ પરથી એક સાથે ઘોષિત થઇ ત્યારનો માહોલ સાચે જ અહોભાવછલકતો હતો.

હવે આજના માગશર શુદિ-૩ના પુણ્યદિને પૂ. ગુરુદેવ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સાના વરદ હસ્તે વહેલી પ્રભાતે અંજનવિધાન-તે પછી પ્રતિષ્ઠાવિધાન-તે પછી પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી આગમરત્ન વિજયજી ગણિવર તથા પ.પૂ.પંન્યાસપ્રવર શ્રી ધર્મરત્ન વિજયજી ગણિવરને આચાર્યપદપ્રદાન-બાલમુમુક્ષુ શ્રી મોક્ષકુમારને પ્રવ્રજ્યાપ્રદાન અને તેની સાથે પૂજ્યશ્રીના કુલ ત્રણ

નવા પુસ્તકો સહિત આ ૧૦૦મા પુસ્તકનું વિમોચન અત્યંત શાનદાર જાજરમાન સમારોહરૂપે થઇ રહ્યું છે. આ ઉપરાંત આ શેષકાલની પૂજ્યશ્રીની ૨૦૦૦ કિ.મી.ની વિહારયાત્રા દરમ્યાન (૧) ભાયંદરમાં ચાર ઉપાશ્રયોનું ઉદ્‌ઘાટન (૨) સફાલામાં બે ઉપાશ્રયોનું ઉદ્‌ઘાટન (૩) ધોલવડમાં પ્રતિષ્ઠા સુવર્ણમહોત્સવ ઉછામણી (૪) શ્રી સિદ્ધક્ષેત્ર પાલિતાણામાં પુનરુદ્ધૃત શ્રમણીવિહાર ઉદ્‌ઘાટન (૫) શ્રી શત્રુંજયમહાતીર્થથી શ્રી ગિરનારજીતીર્થનો ૧૫૦ સંયમીભગવંતો સહિત કુલ ૧૨૦૦ વ્યક્તિઓનો સત્તર દિવસીય પદયાત્રા સંઘ (૬) તારંગા તીર્થે ૩૫૦ આરાધકોની સામૂહિક ચૈત્રી ઓળી (૭) હિંમતનગરમાં છસો વર્ષ પ્રાચીન પ્રભુજીઓના ત્રિશિખરીય ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રયાદિ ઉદ્‌ઘાટન (૮) ગઢોડાનગરમાં ૧૭૫ વર્ષ પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધારરૂપ શિખરબદ્ધજિનાલયપ્રતિષ્ઠા (૯) મોહનપુરમાં પ્રતિષ્ઠા (૧૦) પૂજ્યપાદ સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ની દીક્ષાભૂમિ લીંચનગરે તેઓશ્રીની ગુરુમંદિરની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રય-જૈન ભવન ઉદ્‌ઘાટન (૧૧) પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની દીક્ષાભૂમિ સાંગણપુરમાં તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠાદિ શાસનપ્રભાવનાઓ સર્જાશે. આ તમામ ધર્મકાર્યો ઉપરાંત એક ઉલ્લેખનીય બાબત છે મુંબઇ-કાંદિવલીમાં C.B.S.E. અભ્યાસક્રમ અને પૂર્ણ English Medium ધરાવતી નવપદ જૈન International School નો પ્રારંભ. પૂજ્ય ગુરુદેવશ્રીના આશીર્વાદથી ધર્મ અને સમાજની સેવાનું લક્ષ્ય ધરાવતા આ આયોજનની ચોમેર પ્રશંસા થઇ રહી છે. આ Schoolમાં જૈન પર્વોની રજાઓ-જૈન મર્યાદા મુજબનું જ Food-Jainismનો અભ્યાસ વગેરે ચુસ્ત નિયમો રહેશે.

આ તમામ શાસનપ્રભાવનાઓ અને વિહારયાત્રાઓ વચ્ચે પણ પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા નિરંતર જારી છે. એથી જ અમારી સંસ્થા કુલ ૧૯૩ પુસ્તકોનું અને તેમાં પૂજ્યશ્રીના ૧૦૦ પુસ્તકોનું પ્રકાશન કરવા સૌભાગી બની શકી છે. આજના દિને પૂજ્યશ્રીના આ ૧૦૦મા ક્રમાંકના પુસ્તકની સાથે જ અન્ય બે પુસ્તકો પણ પ્રકાશિત થશે અને એ રીતે પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા ૧૦૦નો Mile Stone પસાર કરશે. એમાં ૭૦૦-૭૦૦ પેજના બે વિરાટકાય મહાગ્રન્થો ૩૦૦-૩૦૦ પેજની બે રસાળ મહાકથાઓ-સંસ્કૃતકથાપ્રત વગેરે ઉલ્લેખનીય છે. પૂજ્યશ્રીની આ સરલ-સરસ -પ્રેરક સાહિત્યગંગાનું પાન-સ્નાન કરીને ભાવિકો સમ્યગ્ બોધવાસિત બને એ જ અભ્યર્થના.

**વિ.સં.૨૦૭૯, માગશર શુદિ-૩.**
**તા. ૨૬-૧૧-૨૨**
**દર્ભાવતીતીર્થ.**

**- ધર્મકૃપા ટ્રસ્ટ**

# 1

''મમ્મી! માસક્ષમણ એટલે શું? એમાં કેટલા ઉપવાસ હોય?'' પ્રશ્ન કરનાર દીકરી સાવ નાનકડી સાડા નવ-દશ વર્ષની હતી. એનો પરિવાર અચલગચ્છનો અનુયાયી અને ધર્મના સાવ આછા રંગો ધરાવતો હતો. એથી એને ખબર ન હતી કે માસક્ષમણમાં કેટલા ઉપવાસ હોય. એ સ્કૂલે જતા પહેલા નિત્ય ગોરેગામ-જવાહરનગર સંઘના જિનાલયે દર્શન કરે અને રજાએ પૂજા કરે. ત્યાં વારંવાર સાંભળવા મળેલ 'માસક્ષમણ' શબ્દથી એનાં બાળમાનસમાં કુતૂહલ પ્રગટ્યું હતું.

''બેટા! માસક્ષમણ એટલે સળંગ ત્રીશ ઉપવાસ. બહુ કઠિન તપશ્ચર્યા છે એ.'' મમ્મીએ ઉત્તર આપ્યો.

''સાંભળ્યું છે કે આપણા સંઘમાં આ ચાતુર્માસમાં સામૂહિક માસક્ષમણ થવાના છે અને પરમ દિવસે એનાં પહેલા પચ્ચક્ખાણ છે.''

''હા બેટા! સંઘમાં માહોલ તો જોરદાર બન્યો છે. પણ આ માસક્ષમણ છે. કેટલા લોકો કરી શકશે એ મોટો સવાલ છે. જો કે, ગુરુભગવંત કહે છે કે મોટી સંખ્યામાં માસક્ષમણ થશે.''

''તો મમ્મી, હું માસક્ષમણ કરવાનો પ્રયત્ન કરું?''

''ના રે ના. પાગલ થઈ ગઈ છે કે શું? તેં હજુ સુધી એક પણ ઉપવાસ કર્યો નથી. તારી વય એકદમ નાની, તારી કાયા કુમળી અને તારે રોજ સ્કૂલે જવાનું. એટલે તારે તો આવું કાંઈ વિચારવાનું જ નહિં.'' મમ્મીએ દીકરીની વાત સાવ હળવાશથી ઉડાવી દેતા કહ્યું.

''ભલે, કાંઈ વાંધો નહિ. પણ મારે એક ઉપવાસ તો પહેલા દિવસે કરવો જ છે.'' દીકરીએ કહ્યું. મમ્મીએ એક ઉપવાસ પૂરતી સરલતાથી હા કહી અને દીકરીએ પ્રથમ ઉપવાસ કર્યો.

એ દીકરીનું નામ હતું વિધિ. કુમળી કળી સમી અને સાવ નિર્દોષ એ બાલિકાનું હૈયું એકદમ કોરી પાટી જેવું હતું. બપોરે ચાર વાગ્યે એ માતા સાથે ગુરુભગવંત પાસે વાસનિક્ષેપ માટે આવી. એનું બાળ હૈયું મૂકપણે જાણે ગુરુભગવંતને કહી રહ્યું હતું કે ''હવે તો અક્ષર પાડો ગુરુવર! મારી કોરી પાટી છે'' જીવનનો એ પ્રથમ ઉપવાસ સરસ થયો હોવાથી એ ખુશખુશાલ હતી.

એની પેલી મૂક પ્રાર્થના ગુરુભગવંતે જાણે સાંભળી હોય એમ ગુરુભગવંતે અક્ષર પાડવા માંડ્યા : ''બેટા ! કાલે પણ ઉપવાસ કરવાનો. કરીશ ને?'' ''હા સાહેબજી! આપ કહેશો એ કરીશ.'' એની મમ્મી દંગ થઈ ગઈ કે મને પૂછતી ય નથી ને અજાણ્યા ગુરુદેવને આ એકદમ હા કહી દે છે. મમ્મી પણ એટલી જ સરલતાથી દીકરીના Supportમાં જોડાઈ. જો કે મમ્મીનાં મનમાં હતું કે થશે તો દીકરીને વધુમાં વધુ ત્રણ ઉપવાસ–અટ્ઠમ કરાવવો.

બીજો દિવસ... ત્રીજો દિવસ... વિધિ વાસનિક્ષેપ માટે આવે ત્યારે ગુરુભગવંત વત્સલ સૂરે પૂછે : ''કાલે કયું પચ્ચક્ખાણ કરીશ?'' ભોળી બાળા સાવ સાચુકલા સૂરે કહે : ''આપ કહેશો એ.'' બે દિવસમાં એણે ઘરમાં ય પપ્પા–દાદા વગેરે સહુને એક જ ઉત્તર આપવા માંડ્યો કે ''સાહેબજી કહેશે એ પચ્ચક્ખાણ કરીશ.'' ગુરુભગવંતે એની મમ્મીને સમજાવ્યું કે ''આપણે કોઈ લક્ષ્યાંક રાખવું નથી. વિધિને એકેક ઉપવાસ આગળ વધવા દો. જે દિવસે એની ભાવના અટકશે કે સ્વાસ્થ્ય બગડશે એના બીજા દિવસે પારણું કરાવીશું.'' મમ્મી અસમંજસમાં રહેવા છતાં સંમત થઈ.

પણ... છટ્ઠા–સાતમા ઉપવાસે અન્ય સ્વજનો દ્વારા મોટું વિઘ્ન આવ્યું. એમાં વિધિના દાદા મુખ્ય હતા. એમનું મન્તવ્ય એ હતું કે 'વિધિ માસક્ષમણ તો કોઈ સંજોગમાં કરવાની નથી. સ્વાસ્થ્ય વિપરીત થાય અને ગમે તે દિવસે પારણું કરવું પડે. એના કરતા અટ્ઠાઈનું પારણું ધામધૂમથી કરાવવું સારું.'' એમણે પ્રસંગ માટે

Hall નું Booking પણ કરાવી લીધું. પરંતુ ગુરુદેવે સહુને સમજાવ્યા : ''દીકરી સહજતાથી તપમાં આગળ વધે છે તો વધવા દો. એક પ્રસંગ નહિ ઉજવાય તો કાંઇ ખાટું–મોળું નહિ થાય. ઉજવણીના નામે તપમાં વિક્ષેપ ન કરો. શી ખબર કે પ્રભુકૃપા–ગુરુકૃપા કોઈ અણધાર્યો ચમત્કાર નહિ કરે?'' ગુરુભગવંતની પ્રેમાળ સમજાવટ રંગ લાવી અને પરિવારે પ્રેમથી નાનકડી દીકરીને તપમાં આગળ વધવા દીધી.

એક–એક કરતા સળંગ બાવીશ ઉપવાસ થયા. વિધિ એવી ને એવી જ સ્વસ્થ હતી. હવે પરિવારજનોને પાકો વિશ્વાસ પ્રગટ્યો કે એ માસક્ષમણ કરશે જ. ત્રેવીશમા ઉપવાસે સકલ સંઘ સમક્ષ ધર્મસભામાં એ બાલકુમારિકાને ઉપસ્થિત કરાઇ ત્યારે કંઇ કેટલા ય ભાવિકોની આંખોમાં અશ્રુનાં અંને અંતરમાં અહોભાવનાં તોરણ ઝૂલતા હતા. એ દિવસ ઉછામણીસમારોહનો હતો. એક મોટી ઉછામણીનો લાભ લેનાર ભાવિકે ગુરુભગવંતને કહ્યું: ''આટલી નાની બાલિકાનું આવું મોટું પરાક્રમ જોઈને જ મને ઉછામણીનો ભાવ જાગ્યો!''

Climax આ ઘટનાનો હવે આવે છે. બાલિકાને પ્રફુલ્લિત રાખવા ગુરુભગવંત રોજ પૂછે : ''કાલે કયું પચ્ચક્ખાણ કરીશ?'' એ કહે : ''સાહેબજી ! આપ કહેશો એ.'' ઉપવાસો સુધી તો આ જવાબ હતો જ. પણ કમાલ એ થઈ કે પારણાના દિવસે ગુરુદેવે પૂછ્યું : ''આજે કયું પચ્ચક્ખાણ કરીશ?'' જવાબ એ જ હતો કે ''સાહેબજી! આપ કહેશો એ.''

નથી લાગતું કે આ ઉત્તર નિર્મલ શ્રદ્ધાનો હતો? એ વિના પારણાદિને પણ આવો ઉત્તર ક્યાંથી મળે? કહેવું જ જોઈશે કે :–

શ્રદ્ધાભરી જે જિંદગી, જગમાં કદી ફરતી નથી;
શ્રદ્ધાવિહોણી જિંદગી, જગમાં કદી ફળતી નથી..

✤ ✤ ✤

# 2

વિ.સં. ૨૦૭૨. સામૂહિક માસક્ષમણનું એ મંગલાચરણ વર્ષ હતું. મુંબઈના આરાધક સંઘોમાં અગ્રિમ હરોળમાં સ્થાન પામતા ગોરેગામ–જવાહરનગરસંઘમાં માસક્ષમણ માટે અનેરો ઉમંગ હતો. પ્રારંભિક મંગલરૂપે અટ્ઠમમાં પાંચસો ચુમ્માલીશ ભાવિકો સામેલ થયા અને એમાંથી એકસો પંદર આરાધકોએ સત્ત્વશીલતાપૂર્વક માસક્ષમણતપ પરિપૂર્ણ કર્યો! આશ્ચર્ય એમાં એ હતું કે સહુ તપસ્વીઓ સવારે ૭ થી ૧૨ સુધીમાં પચ્ચક્ખાણ–વાસનિક્ષેપ માટે આવે, જ્યારે એક યુવાન તપસ્વી ભાઈ એનાથી બિલકુલ વિપરીત સાંજે પાણહારનું પચ્ચક્ખાણ લેવા અને વાસનિક્ષેપ માટે આવે. અલબત્ત, એ ભાઈ પણ પચ્ચક્ખાણ–વાસનિક્ષેપ માટે એટલી જ નિયમિતતાથી આવે, જેટલી નિયમિતતાથી સવારના સર્વ તપસ્વીઓ આવે.

ગુરુભગવંતને આશ્ચર્ય થતું કે આ એક જ તપસ્વી સાંજે કેમ આવે છે? ખરેખર તો ઉપવાસ સરસ થાય તે માટે તપસ્વીઓ સવારના જ પચ્ચક્ખાણ–વાસનિક્ષેપ પસંદ કરે. આમ છતાં તેઓ કારણ પૂછવાથી દૂર રહ્યા : હશે એને કોઈ પોતીકી સમસ્યા એમ સમજીને. પરંતુ માસક્ષમણના પંદર દિવસ બાદ એ તપસ્વી યુવાનના નિત્ય ક્રમનું શીર્ષાસન થઈ ગયું. તે પણ હવે સહુની જેમ સવારે પચ્ચક્ખાણ–વાસનિક્ષેપ માટે આવવા માંડ્યો.

અઢારમા દિવસે એ પચ્ચક્ખાણાદિ માટે આવ્યો ત્યારે ગુરુભગવંતે પૂછ્યું : ‘‘કેમ તમે પંદર દિવસ જલ્દી ન સમજાય એમ સાંજે પચ્ચક્ખાણ–વાસનિક્ષેપ માટે આવતા હતા?’’ યુવાને ઉત્તર આપ્યો : ‘‘સાહેબજી Service અને એને લગતી જવાબદારી મારે એવી છે કે સવારે છ –સવા છએ ઘરેથી નીકળી જ જવું પડે અને સાંજે છ કલાકે જ ઘરે પરત અવાય. અધૂરામાં પૂરું મારા Boss એવા કડક મિજાજના અને ધર્મ–કર્મ ન સમજે એવા છે કે એ કાંઈ ચલાવે નહિ. ફક્ત બોલાચાલી અને ઘર્ષણ થાય એટલું જ.’’

''અચ્છા, તો પછી હવે આ સવારના સમયની અનુકૂળતા કેવી રીતે થઇ ગઇ?''

''જુઓ સાહેબજી! આપે પ્રવેશદિને પ્રવચનમાં પેરણા કરી એ જ દિવસે મેં દઢ નિર્ધાર કરી લીધો હતો કે આ માહોલમાં માસક્ષમણ તો કરીશ જ. મને મારી Service સંબંધી સમસ્યા ખ્યાલમાં હતી. એથી મેં નક્કી કર્યું હતું કે પહેલા પંદર દિવસ શ્રમ લઇને Service વચ્ચે ય ઉપવાસ જારી રાખીશ. પંદર દિવસ બાદ શરીર રોજિંદી Journey અને Office Workનો શ્રમ નહિ ઉઠાવી શકે ત્યારે બીજો Plan અમલમાં મૂકીશ.''

''બીજો Plan એટલે ?'' ગુરુભગવંતને તપસ્વીના આ કિસ્સામાં રસ જાગ્યો.

''એટલે એમ કે પંદર દિવસ પછી કુલ વીશ દિવસની સળંગ રજા લઇશ. મને પાકો સંશય હતો કે મારા તુંડમિજાજી અને ધર્મવિમુખ Boss રજા મંજૂર નહિ કરે.'' યુવાને વાત આગળ વધારી.

''તો શું થયું? રજા મંજૂર કેવી રીતે થઇ?''

''સાહેબજી! નિશ્ચય તો દઢ જ હતો કે માસક્ષમણ કરવું જ છે. એથી હું ખીસામાં બે પત્રો લઇને Boss પાસે ગયો. એક પત્ર રજામંજૂરીની વિનંતિનો હતો અને બીજો Serviceમાંથી રાજીનામાનો હતો. એ જો રજા મંજૂર ન કરે તો રાજીનામું આપીને હું Service છોડી દેવાનો હતો. પછી ભલે જે થવાનું હોય તે થાય.પણ તપનો ચમત્કાર સર્જાયો કે ગમે તે, મારા Boss એમથી પ્રકૃતિથી વિરુદ્ધ વર્ત્યા. કોઇ જ ચર્ચા–વિખવાદ વિના એમણે વીશ દિવસની રજા મંજૂર કરી દીધી. મારે બીજો પત્ર ખીસામાંથી કાઢવાની જરૂર જ ન રહી!''

ગુરુભગવંત આશ્ચર્યસ્તબ્ધ થઇ ગયા એ યુવાનની અદ્‌ભુત તપનિષ્ઠા પર. કારણ કે મુંબઇ જેવા શહેરમાં Well-set થયેલી Service છોડવાનું જોખમ કોઇ જલ્દી લે નહિ અને એ પણ તપ ખાતર! જો કદાચ Service છૂટી જાય અને નવી

વ્યવસ્થા સમયસર ન થાય તો પરિવાર Upset થઇ જાય અને ધર્મવિમુખજનો તપ પર આંગળી ઉઠાવે. પરંતુ શ્રદ્ધા–સંકલ્પ–સત્ત્વથી સમૃદ્ધ એ યુવાને આવી કોઇ ચિંતા કર્યા વિના માસક્ષમણના એકમાત્ર લક્ષ્યથી તપમાં ઝુકાવ્યું તો ''ધર્મો રક્ષતિ રક્ષિતઃ'' ઉક્તિ ચરિતાર્થ થઇ. એ યુવાનનું નામ રાજેશભાઇ મનહરલાલ શાહ.

આવો, આપણે એ યુવાનની શ્રદ્ધાને–સત્ત્વને અહોભાવની આંખે બિરદાવતા ગાઈએ કે :–

**કદમ અસ્થિર છે જેનું, એને રસ્તો નથી જડતો;**
**અડગ મનના મુસાફિરને, હિમાલય પણ નથી નડતો...**

✤ ✤ ✤

# 3

આ સૃષ્ટિમાં બુદ્ધિને આગળ કરીને પ્રવર્તનારો એક વર્ગ છે. એને પોતાની જાતને 'બૌદ્ધિક' તરીકે ઓળખાવવાનું પસંદ હોય છે. દરેક બાબતને એ બુદ્ધિથી તોલી-જોખીને પ્રવૃત્તિ કરે. ભાવુકતા-શ્રદ્ધા-સંવેદનાથી એ જાણે આભડછેટ પાળે. કોઈ નાનો બાળક દીક્ષા લે કે માસક્ષમણ જેવી મોટી તપસ્યા કરે તો એ કહેશે કે 'બાળકને શી સમજ પડે?' જાણે કે બધી સમજ તેમને જ વરી હોય. પરંતુ ઘણી વાર એવું બને છે કે કહેવાતા એ બુદ્ધિજીવી વર્ગને જે નથી સમજાતું તે એમની 'નજર'ના પેલા ના-સમજ બાળક વગેરેને સમજાતું હોય છે. એટલું જ નહિ, બુદ્ધિથી ચાલનાર જે પડકારમાં ડગી જાય એ જ પડકારમાં પેલા કહેવાતા ના-સમજ બાળક વગેરે મજબુતાઈથી ટકી જતા હોય છે. ધર્મનાં ક્ષેત્રે આવા અનુભવો દષ્ટિસંપન્ન વ્યક્તિઓને વારંવાર થતા હોય છે.

મુંબઈ-ગોરેગામના સામૂહિક માસક્ષમણોમાં એક ઘટના બની ઉપરોક્ત સત્યનો સાક્ષાત્કાર કરાવે તેવી. બન્યું એવું કે સંઘના એક અગ્રણી કાર્યકર અને શ્રીમંત-સંપન્ન ભાવિકને એક પુત્રી હતી. દીકરીને અશુભ કર્મોનો ઉદય એટલે એ માનસિક રીતે પ્રમાણમાં ઘણી અક્ષમ હતી, તો વચન અને કાયાથી પણ અક્ષમ હતી. મંદબુદ્ધિ અને વિકલાંગ કહી શકાય તેવી એની અવસ્થા હતી. આમ છતાં રણમાં મીઠી વીરડીની જેમ એનાં જીવનનો Plus Point એ હતો ક ધર્મી પિતાની સાથે એ નિત્ય જિનાલય-ઉપાશ્રયે આવે. એટલે એની અક્ષમતાની સરખામણીમાં એને ભગવાન-ગુરુ-ઉપવાસ-સામાયિક વગેરેની સમજ સારા પ્રમાણમાં હતી.

સામૂહિક માસક્ષમણોનો માહોલ રચાયો ત્યારે એણે પોતાની અસ્પષ્ટ ભાષામાં ત્રૂટક સૂરે પિતાને કહ્યું કે ''મારે પણ માસક્ષમણ કરવું છે!'' એની માનસિકતાથી પરિચિત પિતાએ એકેક ઉપવાસની હા કહી. પ્રથમ દિવસે એને ગુરુભગવંત પાસે પચ્ચક્ખાણ માટે લવાઈ ત્યારે ગુરુભગવંત પણ ક્ષણભર વિચારમાં પડી ગયા કે આ

માનસિક–કાયિક વિકલાંગ બાળાને પચ્ચક્ખાણ આપવું કે કેમ? એના પિતાએ ખુલાસો કર્યો : "સાહેબજી! એક ઉપવાસનું પચ્ચક્ખાણ આપો. હું એને બરાબર ઓળખું છું. એનાં મનમાં જે વાત બેસી ગઇ હોય તે એ કરશે જ." ગુરુભગવંતે પરીક્ષા માટે પૂછ્યું: "કેટલા ઉપવાસ કરીશ?" એણે અસ્પષ્ટ ભાષામાં કહ્યું: "માસક્ષમણ કરીશ." અને... ખરેખર એણે એક પણ દિવસ વિચલિત થયા વિના બા–અદબ માસક્ષમણ પરિપૂર્ણ કર્યું જ!

એવો પણ અનુભવ છે કે વ્યક્તિએ માસક્ષમણની ભાવનાથી અટ્ઠાઇનાં પચ્ચક્ખાણ લીધા બાદ આંશિક પણ શિથિલતા વિના અટ્ઠાઇ હેમખેમ કરી. પરંતુ પરિવારના ડૉક્ટર બનેલ દીકરા–દીકરી–પુત્રવધૂએ આઠમા ઉપવાસે બેહદ ચર્ચાઓ અને ભાતભાતના કુતર્કો કરી ભાઇને એવી દ્વિધામાં મૂકી દીધા કે Well-Educated એ ભાઇએ પારણું કરી લીધું. પાછળથી એ પસ્તાયા પણ ખરા કે હવે જિંદગીમાં માસક્ષમણ થવું સો ટકા મુશ્કેલ છે. એ Well-Educated હોવા છતાં ભરમાઇ ગયા અને એમના ડૉક્ટર પુત્રાદિએ એમને ભરમાવી દીધા. એની સામે આ વિકલાંગ બાળાની કોઈ Option વિનાની નિર્વિકલ્પ મક્કમતા વિચારીએ તો ચોક્કસ પ્રતીતિ થાય કે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે એમના સિદ્ધહેમચન્દ્રસંસ્કૃતવ્યાકરણમાં એક સ્થળે જે 'श्रद्धामेधे' ઉદાહરણ આપ્યું છે તે સો ટચનું સત્ય છે. સંસ્કૃત વ્યાકરણના દ્વન્દ્વસમાસ વિભાગનું આ ઉદાહરણ ત્યાં એટલા માટે અપાયું છે કે બેમાં જે વિશેષ પૂજ્ય હોય તે શબ્દ પ્રથમ આવે. મેધા અર્થાત્ બુદ્ધિ કરતાં શ્રદ્ધા વિશેષ પૂજ્ય છે. માટે ત્યાં શ્રદ્ધાને પ્રથમ સ્થાન અપાયું છે. શ્રદ્ધા કેમ વિશેષ પૂજ્ય છે? તેની પ્રતીતિ ઉપરોક્ત સત્ય ઘટનામાં સુપેરે થાય છે. એ તપસ્વીનું નામ છે કુ. હિરલ પરેશભાઇ શાહ.

**શ્રદ્ધાનો જય હો! સત્ત્વનો જય હો!**

✤ ✤ ✤

# 4

અનેક અલૌકિક અદ્ભુત અને આફ્રીન પોકારાવી દે તેવા સિદ્ધાંતો પ્રસ્તુત કરતા જૈન શાસનનો એવો એક સિદ્ધાંત છે કરણ–કરાવણ–અનુમોદનનું સમાન ફળ. ઉદાહરણરૂપે આ સિદ્ધાંત નિહાળીએ તો, એક વ્યક્તિ ઉલ્લસિતભાવે તપસ્યા કરે એ છે કરણ. અન્ય વ્યક્તિ એને પ્રેરણા–પ્રોત્સાહન–ભક્તિ–વૈયાવચ્ચ વગેરે દ્વારા તપ કરવા તત્પર બનાવે એ છે કરાવણ. ત્રીજી વ્યક્તિ તપસ્વીના તપની અંતઃકરણ પૂર્વકની નિર્ભેળ પ્રશંસા કરે તે છે અનુમોદન. જો તેવા પ્રકારના ઉત્તમ ભાવો કરાવણ અને અનુમોદનમાં હોય તો તેનું ફળ કરણની બરાબરીનું પણ આવી શકે. એથી જ પૂજાપંક્તિમાં લખાયું છે કે **''કરણ કરાવણ ને અનુમોદન, સરીખાં ફળ નિપજાવે.''** અનુષ્ઠાન કર્યા વિના પણ કરનાર જેટલું ફળ મળી શકવાનું પ્રતિપાદન કરતો આ સિદ્ધાંત માત્ર લોકોત્તર શ્રી જૈનશાસનમાં નિહાળવા મળે, અન્યત્ર નહિ.

અલબત્ત, એક વાત આમાં એ સમજવી કે શક્તિ–સંયોગ હોય ત્યાં સુધી કરણનો જ વિકલ્પ પસંદ કરવાનો હોય. પરંતુ અન્યાન્ય જવાબદારીઓ–માસક્ષમણ જેવી તપસ્યામાં 'તકલીફ આવી જશે તો' જેવો કાલ્પનિક ભય વગેરે કારણે વ્યક્તિ કરણના બદલે કરાવણ–અનુમોદન જેવા સહેલા–સલામત વિકલ્પોને ઘણી વાર અનુસરતી હોય છે. પણ... સબૂર! વિ.સં.૨૦૭૨ના ગોરેગામ–જવાહરનગર સંઘના સર્વપ્રથમ સામૂહિક માસક્ષમણોમાં એક વંદનીય ઘટના એવી બની કે જેમાં માત્ર કરાવણની ભૂમિકાએ પ્રબળ–સબળપણે જોડાયેલ એક પુણ્યાત્માને દેવ–ગુરુકૃપા અચાનક કરણનાં સ્તરે લઈ ગઈ. એવી રીતે કે એમને ખુદને અગિયાર ઉપવાસ સુધી આવી કોઈ સંભાવના શક્ય લાગતી ન હતી. એ રસપ્રદ ઘટના કાંઈક આવી હતી :

તીર્થરક્ષા–સાધર્મિકભક્તિ–સંસ્કરણ–સમ્યગ્જ્ઞાનઅભિયાન વગેરે કાર્યો કરતી સંસ્થાના અગ્રેસર એક યુવાકાર્યકર. પોતે ધાર્મિક કાર્યક્રમોના Powerful વક્તા ય ખરા. ગુરુભગવંત માટે સામૂહિક માસક્ષમણનું આયોજન સર્વપ્રથમ હતું. આથી એમણે બે–ત્રણ ખૂબ ઉપયોગી Suggestions કર્યા.

એમાંનું એક Suggestion હતું 'સામૂહિક અટ્ઠમ+માસક્ષમણ શબ્દ રાખો. માત્ર માસક્ષમણની વાતમાં આરાધકો જોડાતાં ખચકાશે.' એ સૂચન સ્વીકારાયું. ગુરુભગવંતનાં પ્રવચન બાદ તેઓ બે–ચાર Minute રજૂઆત કરતા કે 'અટ્ઠમમાં તો સૌએ જોડાવું જ જોઈએ' માહોલ સર્જાતો ગયો અને અટ્ઠમના Pass ગયા પાંચસો ચુમ્માલીશ.

અટ્ઠમ+માસક્ષમણ પ્રારંભદિને એ યુવાપ્રવક્તાની ભીતરમાં સંવેદના પ્રગટી કે સહુને અટ્ઠમમાં જોડાવાનું કહેનાર મારે અટ્ઠમ તો કરવો જ જોઈએ. માસક્ષમણની કોઈ જ વિચારણા–ભાવના એમની હતી નહિ. માત્ર સંવેદનામાંથી સર્જાયેલ ઔચિત્યથી એમણે અટ્ઠમતપ કર્યો. ચોથા દિવસે વહેલી પ્રભાતે તપસ્વીઓને પ્રેરણા મળે તેવો કાર્યક્રમ હતો. આ પુણ્યાત્મા એમાં સામેલ હતા. એમણે એવું મન બનાવ્યું હતું કે 'પચ્ચક્ખાણ ગુરુભગવંતનાં મુખેથી વ્યક્તિગત જ લઈશ. છાનુંછપનું પચ્ચક્ખાણ લઈ નવકારશી નહિ કરું.' વાસનિક્ષેપ માટે એ ક્રમમાં આવ્યા અને પચ્ચક્ખાણ માંગ્યું. ગુરુભગવંતે પ્રેમાળભાવે કહ્યું : ''સ્વસ્થતા એકદમ સરસ છે. તમે ટકશો તો અન્યોને આલંબન મળી રહેશે. હું આપું એ પચ્ચક્ખાણ લો.'' એમણે ઉત્તમ ઔચિત્ય દાખવી કહ્યું : ''આપને જે ભાવ હોય એ પચ્ચક્ખાણ આપો.'' ગુરુભગવંતે આપ્યા એક સાથે પાંચ ઉપવાસનાં પચ્ચક્ખાણ!

આઠ ઉપવાસ થઈ ગયા. નવમા દિવસે તો શ્રાવિકાએ સ્પષ્ટ ના કહી કે 'હવે ગુરુ ભગવંત કહે તો પણ વિવેકથી ઈન્કાર કરજો.' ઘરે પારણાની તૈયારી થઈ ગઈ હતી. પરંતુ એ પુણ્યાત્માનું ઔચિત્ય તે દિવસે ય એ જ હતું કે ''પચ્ચક્ખાણ ગુરુ ભગવંતનાં મુખેથી વ્યક્તિગત લઈશ, સમૂહમાં હાથ જોડી છાનુંછપનું નવકારશી પચ્ચક્ખાણ નહિ લઉં '' ભાઈ વાસનિક્ષેપ માટે ક્રમમાં આવ્યા. ગુરુભગવંતે એ જ પ્રેમાળભાવે કહ્યું : ''અમારી પ્રેરણા આજે અંતિમ વારની છે. એક વાર હજુ પચ્ચક્ખાણ લો. પછી મનોમંથન કરી તમારે નિર્ણય કરવાનો રહેશે કે આગળ વધવું યા નહિ. શાંતિથી વિચારવાનો સમય લેજો. પણ આજે ઉતાવળમાં પીછેહઠ ન થઈ જાય માટે હજુ ઉપવાસના જ પચ્ચક્ખાણ લેવાય એ જરૂરી છે.'' ભાઈએ વાત

સ્વીકારીને કહ્યું : ''આપ જે પચ્ચક્ખાણ આપો તે લઈશ.'' ગુરુભગવંતે અટ્ઠમનું પચચક્ખાણ આપ્યું.

અગિયારમા ઉપવાસે એ ચર્ચા માટે આવ્યા. મન દ્વિધામાં હતું કે ''માસક્ષમણ ન થયું તો?'' વળી જે દિવસે ચૌદમો ઉપવાસ આવતો હતો તે દિવસે અમદાવાદમાં તીર્થોદ્ધારકાર્યની Meetingમાં એમને સતત બોલવાનું હતું. ગુરુભગવંતે સમજાવ્યું : ''કાલે અમે કોઈ પ્રેરણા નહિ કરીએ. તમારી ઈચ્છા હશે તો નવકારશીનું પચ્ચક્ખાણ આપીશું. પરંતુ બે બાબત ખાસ વિચારજો : એક, જો ઉપવાસ જારી રાખશો તો હવે મંઝિલ ઓગણીશ દિવસની રહેશે અને છોડશો તો ભવિષ્યમાં ત્રીશ દિવસની મંઝિલ રહેશે. બે, તીર્થોદ્ધારની Meeting જેવાં કાર્યો પછી પણ થશે. આવી સ્વહિત–સાધના પછી થવી મુશ્કેલ રહેશે.''

બન્ને વાત પર એમણે મંથન કર્યું. બીજે દિવસે પૂજાવસ્ત્રોમાં વાસનિક્ષેપ માટે આવીને કહે : ''આપને જે ભાવ હોય તે પચ્ચક્ખાણ આપો. હવે માસક્ષમણ કરવું જ છે.'' અટ્ઠમનું પચ્ચક્ખાણ અપાયું. ચૌદમા ઉપવાસે By Flight તેઓ અમદાવાદ જઈ Meetingમાં વક્તવ્ય પણ કરી આવ્યા. હવે મન Positive હતું. માટે બધું જ શક્ય બન્યું ! એ આસાનીથી માસક્ષમણની મંઝિલે પહોંચ્યા.

Extra-ordinary વાત હવે આવે છે. તપના છેલ્લા દિવસોમાં તપસ્વીઓની ઉપબૃંહણાસભા યોજાઈ. એના પૂર્વદિને ભાઈ આવીને કહે : ''સાહેબજી! આ આરાધના જાત માટે જ રહેવા દો. સભામાં મારા માટે કાંઈ ન બોલશો તો મને વધુ આનંદ થશે.'' ગુરુભગવંત આ નિઃસ્પૃહતાથી પ્રભાવિત થયા. આ પુણ્યાત્મા એટલે સમકિત ગ્રુપ–ગોરેગામના અગ્રણી અને વિખ્યાત પ્રવક્તા અલ્પેશભાઈ શાહ.

**સમગ્ર બીનામાં ત્રણ બાબતો નોંધપાત્ર છે : (૧) અટ્ઠમ કરવાની સ્વયંસ્ફૂર્ત સંવેદના. (૨) પારણાની ધારણા છતાં ગુરુભગવંત જે પચ્ચક્ખાણ આપે તે ઝીલવાનું ઔચિત્ય. અને (૩) આરાધના આત્મહિતલક્ષી બનાવી રાખવા પ્રશંસાથી દૂર રહેવાની નિઃસ્પૃહતા. આને કહી શકાય ગુણોના ત્રિવેણીસંગમતટે પ્રગટેલું તપતીર્થ !**

✤ ✤ ✤

# 5

''મહારાજ સાહેબ! માહોલ એટલો મજાનો છે કે સંઘમાં ચારે તરફ 'માસક્ષમણ–માસક્ષમણ' ચાલી રહ્યું છે. મેં અને મારા ધર્મપત્નીએ સાથે માસક્ષમણની ભાવના કરી છે. પરંતુ તકલીફ એ થઈ છે કે શ્રાવિકાને ગઈ કાલ રાત્રિથી તાવ ચડ્યો છે. મેં તો આજે પચ્ચક્ખાણ અટ્ઠમનું લીધું છે, પરંતુ શ્રાવિકા માટે શું કરવું એ વિમાસણ છે. એ તો મક્કમ છે કે મારે માસક્ષમણ કરવું જ છે.''

ગોરેગામ–જવાહરનગર સંઘના ઉપાશ્રયમાં એક પુણ્યાત્મા ગુરુભગવંત સાથે આ ચર્ચા કરી રહ્યા હતા. દિવસ હતો માસક્ષમણના પ્રારંભનો. માસક્ષમણ જેવું મહાન–ભીષ્મ તપ હોય અને પ્રારંભ પૂર્વે જ તાવ શરૂ થઈ જવાથી 'આગળ શું થશે?' એવી ચિંતા એમના ચહેરા પર તરવરતી હતી.

ગુરુભગવંત ભાઈને પ્રશ્ન કર્યો : ''તમારી ચિંતા વ્યાજબી છે. પરંતુ હું તમને પૂછું કે આ ચિંતા વધારે કોને હોવી જોઈએ? તમારા શ્રાવિકાનું વય બાલ નથી, એ પુખ્ત છે–સમજદાર છે. પીડા એમને સહન કરવાની છે અને તમે કહો છો કે એ તો માસક્ષમણ માટે મક્કમ છે.''

ગુરુભગવંતની દલીલ ભાઈને બરાબર અસર કરી ગઈ. છતાં ચિંતાનાં કારણે હજુ એ દ્વિધામાં હતા. ગુરુભગવંતે કહ્યું : ''તમારા શ્રાવિકા તો આ મક્કમતાથી શ્રાવિકા શબ્દની નિરુક્ત શાસ્ત્રીય વ્યાખ્યાનો પ્રથમાંશ દિપાવી રહ્યા છે. વંદિત્તાસૂત્રની 'અર્થદીપિકા' ટીકામાં શ્રા–વ–ક આ ત્રણે ય અક્ષરનો એકેક અર્થ નિરુક્ત પદ્ધતિથી દર્શાવાયો છે. એમાં 'શ્રા' નો અર્થ કરતા લખાયું છે કે ''શ્રદ્ધાલુતાં શ્રાતિ જિનેન્દ્રશાસને.'' મતલબ કે જિનેશ્વરપ્રભુનાં શાસન પર જેને પ્રબળ શ્રદ્ધા હોય તે શ્રાવક/શ્રાવિકા. તમારા શ્રાવિકા તાવ વચ્ચે માસક્ષમણ શરૂ કરવાનું કહે છે એ એમની દેદીપ્યમાન શ્રદ્ધાની દ્યોતક બીના છે. તમે ચિંતા કરીને અટકાવો નહિ. એમની શ્રદ્ધા જ એમને પાર ઉતારશે. વળી એમને કાંઈ મોટાં પચ્ચક્ખાણ લેવાની જરૂર નથી. એકેક ઉપવાસે આગળ વધે તો ય ચાલે.''

ભાઈ સંમત થયા. એમના શ્રાવિકાને લઈ પચ્ચક્ખાણ લેવા આવ્યા. શ્રાવિકા કહે : ''સાહેબજી! મંગલરૂપે મારે અટ્ઠમથી જ માસક્ષમણતપ શરૂ કરવું છે. માટે અટ્ઠમથી ઓછું પચ્ચક્ખાણ ન આપશો. ત્રણ દિવસમાં મને કાંઈ થઈ જવાનું નથી.'' એમના શબ્દોમાં નરી શ્રદ્ધા નીતરતા હતી.

ગુરુભગવંતે એમનો ઉચ્ચતર ભાવ નિહાળી અટ્ઠમનું પચ્ચક્ખાણ આપ્યું. પહેલો દિવસ–રાત તાવ ચાલુ, પણ બહેન મક્કમ હતા. બીજા–ત્રીજા દિવસે પણ એ જ સ્થિતિ, છતાં બહેન મક્કમ રહ્યા. ત્રીજા દિવસે બહેનની શ્રદ્ધા રંગ લાવી. કોઈ જ દવા–Injection વિના તાવ ઊતરી ગયો અને બહેને કોઈ જ તકલીક વિના સમગ્ર માસક્ષમણ પૂર્ણ કર્યું! એમના પતિએ પણ ઉલ્લાસથી માસક્ષમણ કર્યું. એ દંપતીનું નામ છે વર્ષાબહેન તથા ધનેશભાઈ. ગુરુભગવંતે એ પણ Mark કર્યું કે ધનેશભાઈ ત્રીશે ત્રીશ દિવસ ઉપાશ્રયમાં ઊભા ઊભા જ પ્રતિક્રમણ કરતા હતા.

વર્ષાબહેનની શ્રદ્ધાભરી દઢતા માટે યાદ આવી જાય પેલી શાયરી કે :–

શ્રદ્ધાભરી જે જિંદગી, જગમાં કદી ફરતી નથી;
શ્રદ્ધાવિહોણી જિંદગી, જગમાં કદી ફળતી નથી...

✤ ✤ ✤

# 6

ગોરેગામ–જવાહરનગર સંઘમાં આજે 'ઈડરિયો ગઢ જીત્યા રે આનંદ ભયો' પંક્તિનો સાક્ષાત્કાર થાય તેવા આનંદ–ઉમંગનો ઊછળતો માહોલ હતો. કારણ કે આજે દશ વર્ષના બાલતપસ્વીથી લઈને એંશી વર્ષથી ઉપરની વય સુધીના તમામ તપસ્વીઓ દેવ–ગુરુકૃપાથી માસક્ષમણતપની મહાસફર પૂર્ણ કરી ચૂક્યા હતા. આજે હતો એમનો પારણાદિન. એટલે આનંદનો મહાસાગર હિલોળા લે જ ને ?

સહુ તપસ્વીઓ સરસ શણગાર–અલંકારો વગેરેથી વિભૂષિત થઈ, પારણાંસ્થળે જતાં પૂર્વે ગુરુભગવંત પાસે વાસનિક્ષેપ માટે આવી રહ્યા હતા. એમની સાથેના સ્વજનો 'તપસ્વીનો જયજયકાર...તપસ્વી અમર રહો...' જેવા વિધવિધ નારાઓ ઉચ્ચારી રહ્યા હતા. ઉપાશ્રયપરિસરમાં એમની સાથે આવેલ ઢોલ–શહનાઈના નાદ ગુંજી રહ્યા હતા. ગુરુભગવંતને પણ ચતુર્વિધ સંઘ સાથે પારણાંસ્થળે સમયસર પધારવાનું હતું. એથી તપસ્વીઓને અગાઉથી જ નિશ્ચિત સમય વાસનિક્ષેપ માટે અપાઈ ગયો હતો. એ સમયાવધિ પૂર્વે વાસનિક્ષેપ માટે તપસ્વીઓનો ધસારો હતો. સમયાવધિ પૂર્ણ થયો તે પૂર્વે મોટા ભાગના તપસ્વીઓ ત્યાંથી વિદાય થઈ ચૂક્યા હતા. શેષ થોડા તપસ્વીઓ પાંચ–સાત Minuteના વિલંબે આવ્યા એમને પણ ગુરુભગવંતે વાસનિક્ષેપ કર્યો. હવે વરઘોડાનો સમય થઈ ગયો હોવાથી ગુરુભગવંતે કપડો–કામળનું પરિધાન કર્યું. નીચે જવા માટે એમણે ડગ ભર્યાં ત્યાં છેલ્લા એક તપસ્વી વાસનિક્ષેપ માટે આવ્યા.

એ સૌથી છેલ્લા હતા અને સમયથી ખરેખર Late હતા. એ પૂજાવસ્ત્રોમાં હતા. ગુરુભગવંત જાણતા હતા કે આ તપસ્વી ત્રીશે ય દિવસ પ્રવચનમાં સૌથી વધુ સમયસર અને અગ્રેસર રહેતા હતા. આજે એમને સૌથી છેલ્લા જોઈ ગુરુભગવંતે હળવાશથી કહ્યું : ''કેમ તમે આજે સૌથી છેલ્લા ? પૂજાવસ્ત્રોમાં છો. એટલે વિલંબ માટે શણગાર જેવું કોઈ કારણ નથી લાગતું. પારણું નથી કરવું કે શું ?''

ઉત્તરરૂપે એ તપસ્વીએ જે વાત કહી એનાથી ગુરુભગવંત અક્ષરશઃ વિસ્મયચકિત થઈ ગયા. એ બોલ્યા : ''ભાવના તો એવી થાય કે તપ મૂકવો નથી. પણ શરીરની જરૂરિયાત છે. એટલે પારણા વિના ક્યાં ચાલવાનું છે? પારણું તો કરીશ. પરંતુ વિલંબ થવાનું કારણ બીજું છે. ઊઠવાનું તો મેં આજે સૌથી વહેલું– અઢી વાગ્યે રાખ્યું હતું. મને ભાવ થયો કે 'આજે પારણાદિને પહેલા થોડો સ્વાધ્યાય કરવો છે, પછી પારણું કરવું છે.' એથી ઊઠ્યા બાદ સાતસો ગાથાનો સ્વાધ્યાય કર્યો. પ્રતિક્રમણ–સામાયિક કર્યા અને એ પછી પ્રભુપૂજા કરી. એમાં આ થોડો વિલંબ થયો!''

ગુરુભગવંત તાજુબ થઈ ગયા એ તપસ્વીની સ્વાધ્યાયપ્રીતિ–જ્ઞાનલગન પર. એ વિના ત્રીશ ઉપવાસ ઉપર, પારણું કર્યા વિના, વહેલી સવારે આટલો સ્વાધ્યાય કરવાનો ભાવ શે થાય? એમને એ પણ યાદ આવ્યું કે આ એ જ તપસ્વી છે જેમણે થોડા દિવસ પૂર્વે જ કહ્યું હતું : ''સાહેબજી! ગુજરાતસમાચારની 'અમૃતની અંજલિ' કોલમમાં આપે 'શાંતસુધારસ' ગ્રન્થ પર લેખમાળા લખી હતી. એ વાંચીને મને 'શાંતસુધારસ' ગ્રન્થ કંઠસ્થ કરવાનો ભાવ પ્રગટ્યો અને દેવ–ગુરુકૃપાથી ચાર માસમાં 'શાંતસુધારસ' ગ્રન્થ કંઠસ્થ થઈ પણ ગયો.''

તપના બાહ્ય–અભ્યંતર પ્રકારોની દૃષ્ટિએ વિચારીએ તો માસક્ષમણ અનશન નામે બાહ્ય તપ છે, જ્યારે સ્વાધ્યાય અભ્યંતર તપ છે. શાસ્ત્રો એને બિરદાવતા જણાવે છે કે ''स्वाध्यायःपरमं तपः'' મતલબ કે સ્વાધ્યાય તો શ્રેષ્ઠ–ઉત્કૃષ્ટ તપ છે. કારણ કે એ પ્રવૃત્તિ અને પરિણતિ, ઉભય સ્તરે બદલાવ લાવે છે. દશવૈકાલિક–આગમમાં સંયમીઓ માટે એક પંક્તિ છે કે ''सज्झायसज्झाणरयस्स तायिणो'' ભાવાર્થ કે સંયમીઓ સ્વાધ્યાય અને સદ્ધ્યાનમાં રત રહીને પોતાના ભાવપ્રાણોની રક્ષા કરે છે. તો આવશ્યક ક્રિયાનાં સૂત્રોમાં સંયમીઓ માટે વિશેષણપંક્તિ મળે છે કે

''ज्ञानादिगुणयुतानां, नित्यं स्वाध्यायसंयमरतानाम्.'' ભાવાર્થ કે સંયમી જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોય અને હંમેશા સ્વાધ્યાયમાં–સંયમમાં રક્ત હોય. બન્ને પંક્તિઓ સંયમીઓનાં જીવનમાં સ્વાધ્યાયનો મહિમા કેવો હોય એ દર્શાવે છે. એ તપસ્વી બહેન સંયમી ન હતા, છતાં એમનાં જીવનમાં સ્વાધ્યાયનું સ્થાન ઉત્તમ હતું એ પારણાદિનની ઉપરોક્ત ઘટના સમજાવી જાય છે.

સંસ્કૃતમાં એક પંક્તિ છે કે ''तपस्विनां पारणके परीक्षा.'' એનો નિર્દેશ એ છે કે પારણાદિને ભોજનમાં કેવો રસ–રુચિ છે એના આધારે તપસ્વીની તપોભાવનાની પરીક્ષા થઈ જાય. આ સંદર્ભમાં એ તપસ્વી માટે કહી શકાય કે તેઓ પારણાદિનની પરીક્ષામાં ૧૦૦% લઈને ઉત્તીર્ણ થયા છે!

એ તપસ્વી બહેનનું નામ છે અલકાબહેન જિજ્ઞેશભાઈ શાહ. વિ.સં. ૨૦૭૨ પૂર્વે એમણે પોતાના બે સંતાનોને સંયમપંથે વળાવ્યા હતા અને એ પછીના સમયખંડમાં બાકીના બે સંતાનોને પણ એમણે દીક્ષા અપાવી!

શાસનસમર્પિત એ તપસ્વીની સ્વાધ્યાયપ્રીતિને લાખ લાખ વંદન.

✤ ✤ ✤

# 7

કોઇ પણ સુકૃતને–ધર્માનુષ્ઠાનને પરાકાષ્ઠાનાં સ્તર સુધી આત્મસાત્ કરવા માટે શાસ્ત્રો પાંચ આશય દર્શાવે છે : (૧) **પ્રણિધાન.** આ ધર્મકૃત્ય કરવું જ છે એવી દઢ તન્મયતા–એકાગ્રતાને કહેવાય પ્રણિધાન. (૨) **પ્રવૃત્તિ.** માત્ર વિચારો કરીને અટકી ન જતાં તે ધર્મકૃત્ય કરવાનો સબળ–પ્રબળ પુરુષાર્થ કરવો તે છે પ્રવૃત્તિ. (૩) **વિઘ્નજય.** તે તે ધર્મકૃત્ય કરવામાં નાના–મોટાં જે વિઘ્નો–કસોટીઓ–મુશ્કેલીઓ આવે એનાથી ડગ્યા–ડર્યા વિના પ્રવૃત્તિશીલ રહી વિઘ્નો પસાર કરી જવા તે છે વિઘ્નજય. (૪) **સિદ્ધિ.** તે તે ધર્મકૃત્યને પરિણામ સુધી પહોંચાડવું તે છે સિદ્ધિ. (૫) **વિનિયોગ.** તે તે ધર્મકૃત્યના ભાવો અન્યોનાં જીવનમાં પ્રગટાવવા તે છે વિનિયોગ. ધર્મકરણી યથાસંભવ આ પાંચે ય બાબતો સર કરે છે ત્યારે એ પરાકાષ્ઠાએ પરિણમે છે અને પરાકાષ્ઠાનું ફળ આપે છે.

આમાંની ત્રીજી બાબત છે વિઘ્નજય. કેટલી ય વાર કેટલા ય આરાધકોનાં જીવનમાં એવું બને છે કે કોઇ વિશિષ્ટ ધર્મકરણીની ભાવના રાખે ને એમાં વિઘ્નો આવીને હાજર થઇ જાય. પૂજ્યપાદ સૂરિપુરંદર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે એ વિઘ્નો ય ત્રણ પ્રકારના હોઇ શકે : કેટલાક હોય **કંટક** જેવા. એ બાહ્ય સ્તરેથી આવે. કેટલાક હોય **જ્વર**–તાવ જેવા. એ અભ્યંતર સ્તરેથી આવે. અને કેટલાક હોય **દિઙ્મોહ** જેવા. એ ભ્રમણાસ્વરૂપે આવે. એ ત્રણે ય ઉત્તરોત્તર ખતરનાક હોય છે. જે આરાધક મક્કમ હોય એ જ આ વિઘ્નો પર વિજય મેળવી શકે.

વિ.સં. ૨૦૭૨ના ગારેગામ–જવાહરનગરસંઘના સામૂહિક માસક્ષમણોમાં એક તપસ્વીને કંટક જેવું બાહ્ય સ્તરનું વિઘ્ન આવ્યું. પરંતુ એ વિઘ્ન જાણે બાવળનાં કાંટા જેવું હતું : એકદમ તીક્ષ્ણ અને સખત નડે એવું. એ તપસ્વી ગુરુભગવંત પાસે આવી રડવા જેવા સૂરમાં બોલવા માંડ્યા : ''અહીં માસક્ષમણોનો માહોલ જામ્યો છે. બીજા આરાધકો આ તપ કરવા થનગને છે. પણ હું જ એક કમનસીબ છું.'' બોલતા બોલતા

એ બહેન રીતસર રડી પડ્યા.

‘‘કેમ આમ ઢીલા થઈ ગયા છો? શી વાત છે?’’ ગુરુભગવંતે આશ્વાસનના સૂરમાં પૂછ્યું.

‘‘સાહેબજી! મારે માસક્ષમણ કરવું જ છે. મારું મનોબળ અને શરીરબળ જોતાં હું ખાતરીથી કહું છું કે મારાથી માસક્ષમણ થશે જ. પરંતુ મારા શ્રાવક અવરોધરૂપ બન્યા છે. એ ઘસીને ના કહે છે કે ‘‘તારે માસક્ષમણ કરવાનું નથી, નથી ને નથી જ. હું નહિ કરવા દઉં તને માસક્ષમણ.’’

‘‘પણ કેમ એ એમ કહે છે? કાંઈ કારણ?’’ ગુરુભગવંતે પૂછ્યું.

‘‘બસ એમનું મન એ જ કારણ. એમનાં મનમાં અત્યારે માસક્ષમણ નહિ કરવા દેવાની વાત પકડાઈ ગઈ છે. એટલે ત્રણ–ચાર વાર વિનંતિ–આજીજી કરી છતાં એ માનતા નથી. એમનો સ્વભાવ જિદ્દી છે. એમની સામે થઈને હું તપ કરીશ તો એ ઝઘડા કરશે. ઘરમાં વાતાવરણ કલુષિત કરી મૂકશે. પણ તો ય મારે માસક્ષમણ તો કરવું જ છે. શું કરું?’’

ગુરુભગવંત પણ વિમાસણમાં આવી ગયા. ઘરમાં આ નિમિત્તે ક્લેશ–કંકાસ થાય એ એમને ઈષ્ટ ન હતું. બે ક્ષણ વિચારીને તેઓ બોલ્યાઃ ‘‘હજુ માસક્ષમણના પ્રારંભની બે–ત્રણ દિવસ વાર છે. પ્રભુને દિલથી પ્રાર્થના કરજો. પ્રભુ જે સુઝાડે એ કરજો.’’ બહેન થોડું આશ્વાસન પામીને ગયા.

માસક્ષમણતપનો પ્રારંભ થયો. પ્રારંભદિનના સામૂહિક મંગલ વિધાન અને એ દરમ્યાનના પચ્ચક્ખાણ–વાસનિક્ષેપમાં એ બહેનની ઉપસ્થિતિ ન હતી. પરંતુ એ પછી અવારનવાર અન્ય તપસ્વીઓ સાથે એ વાસનિક્ષેપ માટે આવતા પણ હતા. એથી તેઓ માસક્ષમણ કરે છે કે નહિ તે સ્પષ્ટ થતું ન હતું. એ બહેનની દુખતી નસ

અજાણતા ય ન દબાઈ જાય તે માટે એમને ગુરુભગવંત તપ વિશે કાંઈ પૂછતા ન હતા. ''अकोउहल्ले उ सया स पूज्जो'' આ શાસ્ત્રપંક્તિનો વિચાર એમને આ કુતૂહલથી–જિજ્ઞાસાથી દૂર રાખતો હતો.

એકવીશમા દિવસે એ તપસ્વી સહુની સાથે વાસનિક્ષેપ કરાવી બે Minute ઊભા રહ્યા. ગુરુભગવંતને ઉલ્લાસથી કહે : ''મારે માસક્ષમણ ચાલે છે. આજે એકવીશમો ઉપવાસ છે.''

''કઈ રીતે તમે આ કર્યું? તમારા ઘરમાં તો આ માટે ભયંકર સંક્લેશ હતો ને?''

''એ બરાબર. પણ આપે મને કહ્યું હતું ને કે 'પ્રભુને દિલથી પ્રાર્થના કરજો... પ્રભુ જે સુઝાડે એ કરજો.' એ મુજબ પ્રારંભ પૂર્વે મેં પ્રભુને દિલથી પ્રાર્થનાઓ કરી. પ્રભુએ જાણે મારી પ્રાર્થનાઓ સાંભળી હોય એમ મને માર્ગ સુઝાડ્યો પણ ખરો. એ પ્રમાણે હું આગળ વધી ને આ સ્વપ્ન જેવું તપ થઈ રહ્યું છે.''

''કયો માર્ગ સુઝાડ્યો પ્રભુએ તમને?''

''પ્રભુએ સુઝાડ્યું હોય એમ મને થયું કે 'ઉપવાસ શરૂ કરી જ દઉં. પણ શ્રાવકને એમ કહીશ કે હમણાં એકાસણાં કરું છું. એ સવારે દશ વાગ્યે તો ઓફિસે જવા નીકળી જાય છે. પછી ઠેઠ રાત્રે આવે છે. એમને ક્યાંથી ખબર પડશે કે મેં વાપર્યું છે કે નહિ? વચ્ચે ત્રણ રવિવાર આવ્યા. એમાં મેં આયંબિલ કર્યાનું કહ્યું. એમને કાંઈ શંકા ન થઈ ને મારી તપસ્યા આગળ વધતી ગઈ. રસોઈ વગેરે તમામ ગૃહકાર્ય અગાઉની જેમ જ કરતી હતી. એથી એમને વિચારવાની–પ્રશ્ન કરવાની તક ન મળી.''

''જબરજસ્ત તમારી ભાવના અને ગજબનાક પુરુષાર્થ. કમાલ કરી તમે તો? હવે શી સ્થિતિ છે?''

"એ કહેવા જ આવી છું આપને. ગઈ કાલે પહેલી વાર એમણે પૂછ્યુંઃ "તું એકાસણાં કરે છે કે ઉપવાસ? તારું શરીર ઊતરતું દેખાય છે." હવે પારણું નજીક આવી રહ્યું છે. એથી મારે પણ ખુલાસો કરવાનો જ હતો. મેં હિંમતથી બહુ નમ્ર અને સારા શબ્દોમાં ઉપવાસની માહિતી આપી દીધી. આ પ્રભુએ સુઝાડેલો ઉપાય હતો. એનો જ ચમત્કાર હોય એમ મારા જીદ્દી શ્રાવક કાંઈ જ એલફેલ બોલ્યા નહિ. ઉપરાંત એમણે જ તાત્કાલિક ઘરકામ માટે બાઈ રાખી લઈ મને ઘરકામથી મુક્ત કરી દીધી!" બહેનના શબ્દોમાં નર્યો આનંદ ટપકતો હતો.

ગુરુભગવંત ત્યારે પણ મીઠી મુંઝવણમાં આવી ગયા કે આ બહેનની તીવ્ર તપોભાવનાને બિરદાવવી? એમની પ્રબળ પ્રભુશ્રદ્ધાને પોંખવી? કે એમના બેજોડ તપપુરુષાર્થને વધાવવો? વીશ-વીશ દિવસ સુધી કોઈને અણસાર ન આવે એ રીતે તમામ ગૃહકાર્યો કરવા અને કોઈની માનસિક હૂંફ વિના-શારીરિક સેવા વિના આવી ઉગ્ર તપશ્ચર્યામાં એકલવીર બનીને ટકી રહેવું સાચે જ અતિ અતિ મુશ્કેલ હતું. એ બહેને ત્યારે નામ ક્યાં ય કદાપિ ન લખવાનું કહ્યું હતું. આપણે નામની ઇંતેજારી રાખ્યા વિના એમની દઢતાને વંદન કરીએ. એ તપસ્વીનો માંહ્યલો જાણે કહી રહ્યો છે કે :-

સંકટભરી આ જિંદગીથી હારનારો હું નથી,
સાગર ડુબાડી દે મને એવો કિનારો હું નથી;
મારે સદા અજવાળવા અંધકારઘેર્યા પંથ સહુ,
ચમકી અને તૂટી પડે એવો સિતારો હું નથી.

✤ ✤ ✤

# 8

ચિતા અને ચિંતા, આ બે શબ્દોમાં ફર્ક અનુસ્વારનો છે ખરો. પરંતુ ચિંતકો આ બન્નેનું કાર્ય જાણે એક સમાન હોય એમ સરસ વાસ્તવિક વાત કરે છે કે ''ચિતા અને ચિંતા, બન્નેનું કાર્ય છે બાળવાનું. ચિતા મૃત વ્યક્તિને બાળે, જ્યારે ચિંતા જીવંત વ્યક્તિને બાળે!'' છે ને કમાલની વાત. ચિતા મૃત વ્યક્તિને બાળે એ પ્રત્યક્ષ સત્ય છે, તો ચિંતા જીવંત વ્યક્તિને બાળે એ પરોક્ષ (ઘણી વાર પ્રત્યક્ષ!) સત્ય છે. ક્યારેક એ ચિંતાઓ કાલ્પનિક હોય છે, તો ક્યારેક વાસ્તવિક.

આવી એક ચિંતા લઈને ગોરેગામ–જવાહરનગરના ઉપાશ્રયમાં ગુરુભગવંત પાસે આવ્યા હતા કોઈ ભાઈ. સાથે એમની વીશ વર્ષીય નવયુવાન Collegian દીકરી હતી. એ Medical science નો સાત વર્ષનો ખર્ચાળ અભ્યાસ શરૂ કરી રહી હતી. પિતા કહેઃ ''સાહેબજી! સંઘના માસક્ષમણના માહોલમાં આને માસક્ષમણની તીવ્ર ભાવના જાગી છે. પણ College અને Classમાં એક દિવસની રજા લઈ શકાય નહિ. અભ્યાસમાં એ જરાક કાચી પડે તો પૂરું વર્ષ બગડે. એથી ય વિશેષ અમારી આર્થિક સ્થિતિ ખૂબ સામાન્ય છે. સાત વર્ષના ખર્ચનાં આયોજનમાં ધોળે દિવસે તારા દેખાય છે. એમાં જો એનું એક વર્ષ બગડે તો કમરતોડ ફટકો પડે. મને આ ચિંતા છે.''

ગુરુભગવંતને પિતાની ચિંતા વાસ્તવિક લાગી. એક ક્ષણ વિરમીને એમણે દીકરીને પૂછ્યુંઃ ''તું શું વિચારે છે?''

''સાહેબજી! Difficulty તો છે જ. પણ એક આછું આશાકિરણ પણ છે જ. અમને Holiday બિલકુલ ન હોય. પરંતુ હજુ અભ્યાસ શરૂ થયો નથી. College અને Class બે દિવસે ય શરૂ થાય અને પાંચ દિવસે ય શરૂ થાય. જો કે, આ અભ્યાસ વિનાનો Period લાંબો નહિ ખેંચાય એ પણ નક્કી છે. મારે માસક્ષમણ કરવું છે.''

''અને સાહેબજી! બીજી વાત એ કે આ Education એવું Hard હોય છે કે મગજનું દહીં થઇ જાય. મારી દીકરીની તો એ Capacity નથી જ કે એ સવારથી સાંજ ભણતી રહીને ઉપવાસ કરે.'' ભાઈએ એમની ચિંતા વધુ ઘટ્ટ રીતે વ્યક્ત કરી.

''જુઓ, સંસ્કૃત સુભાષિતો બહુ મૂલ્યવાન માર્ગદર્શન આપે છે. અલગ અલગ પરિસ્થિતિ મુજબ એ માર્ગદર્શન લેવાનું હોય. એક શ્લોકમાં એવી પંક્તિ છે કે ''भविष्यं नैव चिन्तयेत्.'' એ જ શ્લોકમાં અન્ય પંક્તિઓ આવી છે કે वर्तमानेन कालेन, वर्तन्ते हि विचक्षणाः.'' આ પંક્તિ એમ કહે છે કે ભવિષ્યની ચિંતાઓ ન કરવી. વિચક્ષણ વ્યક્તિએ વર્તમાનમાં વર્તવું. તમારી દીકરી કહે છે કે હાલ તુરત અભ્યાસ શરૂ થયો નથી. વળી એની ખુદની ભાવના છે. તો ઝાઝી ચિંતા વિના એને માસક્ષમણ શરૂ કરવા દો. ત્રીશ દિવસના પચ્ચક્ખાણ કાંઇ એક સાથે અપાતા નથી. આગળ જેવી પરિસ્થિતિ આવશે એવું વિચારીશું.''

પિતા–પુત્રી બન્ને સંતુષ્ટ થઇને ગયા. નિર્ધારિત દિને દીકરી સમૂહમાં પચ્ચક્ખાણ પ્રારંભ માટે આવી. નિત્ય તપસ્વીઓ સાથે વાસનિક્ષેપ માટે ય આવી. અભ્યાસની વાત લટકતી તલવાર જેવી હતી. છતાં હાલ તો રજા જારી હતી. બે–પાંચ–સાત–દશ–બાર પંદર દિવસ થયા. પંદરમા દિવસે દીકરી જરા ચિંતામાં બોલીઃ ''હવે પાકા સમાચાર છે કે વીશમા ઉપવાસથી College start થઇ જશે. હવે શું કરું?''

''તું ઉપવાસ જારી રાખ. ધીરજ ગુમાવીશ નહિ. જોઇએ, પાંચ દિવસમાં શું થાય છે? કદાચ આવું બને તો ય તેં જેટલા ઉપવાસ કર્યા એનો લાભ અને માસક્ષમણની ભાવનાનો લાભ તને મળશે. તારી આરાધના કોઇ રીતે નિષ્ફળ નહિ ગણાય.'' ગુરુભગવંતે એને ખૂબ મજબૂતાઇથી હૂંફ–હિંમત આપી.

અને... માનશો? રજાઓ લંબાતી ગઈ. દીકરીનું માસક્ષમણ સરસ પૂર્ણ થઇ ગયું. પારણા પછી પાંચ–છ દિવસે એની College શરૂ થઈ, Class શરૂ થયા. એ દીકરીનું નામ હતું કુ. શિખા શ્રેણિકભાઈ શાહ. એના તપમાં સર્જાયેલ આ અશક્યની શક્યતા પેલી શાયરીની સ્મૃતિ કરાવી જાય એમ છે કે :–

**શ્રદ્ધા જ મારી લઇ ગઇ, મંઝિલ ઉપર મને;**
**રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ બદલાઇ ગઇ...**

✤ ✤ ✤

# 9

સેંકડો દ્રવ્યમંગલો જેના પ્રભાવ સામે પાણી ભરે એવું ભાવમંગલ છે તપ. તપની તાકાત તો સર્વક્ષેત્રીય છે. પરંતુ એની ઝલક નિહાળવા માટે એમ કહી શકીએ કે તપ Four in one છે. એ (૧) તનનાં સ્તરે રોગ મિટાવે (૨) મનનાં સ્તરે વિકારો મિટાવે (૩) જીવનનાં સ્તરે વિઘ્નો મિટાવે અને (૪) આત્માનાં સ્તરે કર્મો મિટાવે. આ ચારે ય સ્તરના અનુભવો કૈંકેટલા ય આરાધકોને કૈંકેટલા ય રૂપે થતા રહે છે. ગોરેગામ–જવાહરનગરસંઘનાં સામૂહિક માસક્ષમણો દરમ્યાન એક આરાધકનો થયો પ્રથમ સ્તરનો અનુભવ.

એ ગોરેગામમાં વસતા ન હતા. પરંતુ ગુરુભગવંતના ધર્મપરિચિત પુણ્યાત્મા હતા. સામૂહિક માસક્ષમણઆયોજનની મહેંક ઠેઠ મુલુંડમાં એ ભાઇ સુધી પહોંચી ગઇ. મંગલ પ્રારંભદિન હજુ હવે આવી રહ્યો હતો. પરંતુ એ ભાઇ ઘણો ઉલ્લાસ અને થોડી ઉલઝન લઇ ગુરુભગવંત પાસે વંદનાર્થે આવી ગયા. એ કહે :

‘‘સાહેબજી! આપ પહેલી વાર સામૂહિક માસક્ષમણો કરાવો છો. એમાં મારે ય સામેલ થવું છે.’’

‘‘ખુશીથી સામેલ થાવ. તમે ભલે બહારના છો. પરંતુ અમે ટ્રસ્ટીઓને સૂચના આપી દઇશું.’’

‘‘એ તો સરસ વાત થઇ. પરંતુ મને એક મૂંઝવણ છે.’’

‘‘શી ?’’

‘‘Diabetesનું દર્દ ડેરા–તંબૂ નાંખીને શરીરમાં જામી ગયું છે. રોજ Tablet લેવી પડે છે’’

‘‘કોઇ ચિંતા નહિ. તમે શ્રદ્ધાથી તપ શરૂ કરો. તપ તો ભાવમંગલ છે–રોગનાશક

છે.'' ગુરુભગવંતે એ પુણ્યાત્માને કોઈ દ્વિધા ન રહે એમ હિંમત બંધાવતા કહ્યું અને પુરાવારૂપે શ્રીપાલરાજાનું ઉદાહરણ યાદ કરાવ્યું. ભાઈ ભાવના લઈને આવ્યા હતા. એ હવે દૃઢ નિર્ધારમાં પરવર્તિત થઈ ગઈ.

એમણે શ્રદ્ધાશીલ હૈયે પ્રારંભદિને પચ્ચક્ખાણ લીધા ને વાસનિક્ષેપ કરાવ્યો. એક–બે–ત્રણ : ઉપવાસ આગળ વધતા ગયા. કોઈ તકલીફ ન આવી. ક્યાંક ઊંઘતા ન ઝડપાઈ જવાય એટલે સ્વજનોના આગ્રહથી ચૌદમા દિવસે Check-up કરાવ્યું તો પરિણામ ચમત્કૃતિભર્યું આવ્યું. એક પણ Tablet લીધી ન હોવા છતાં Diabetes બિલકુલ Normal હતું! એ પુણ્યાત્મા પંદરમા ઉપવાસે ગુરુભગવંતને વંદન કરવા ગોરેગામ આવ્યા અને હોંશભેર–હર્ષભેર ગઈ કાલની વાત વર્ણવી બોલ્યા : ''આ તો જાણે ખરેખર ચમત્કાર થયો!''

''તમને આ આજે અનુભૂતિ થઈ. પરંતુ શાસ્ત્રોમાં આવાં ઉદાહરણો–પ્રરૂપણાઓ ઘણી મળે છે. 'શાંતસુધારસ' ગ્રન્થમાં તપ માટે પંક્તિ છે કે ''शमयति तापं गमयति पापं.'' આનો અર્થ એ છે કે તનનાં સ્તરે એ રોગાદિ તાપ મિટાવે અને મનનાં સ્તરે વિકારાદિ પાપ મિટાવે.''

Diabetes ના કોઈ જ ઉપદ્રવ વિના માસક્ષમણ પરિપૂર્ણ કરનાર એ પુણ્યાત્મા એટલે મુલુંડ–પૂર્વ શ્રી નવઘરરોડ શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘના પૂર્વપ્રમુખ શ્રી દિલીપભાઈ સુમરિયા. પ્રત્યક્ષ ચમત્કૃતિ જેવી આ ઘટના સર્જનાર તપધર્મને વંદન કરતા ગાઈએ કે ''नमोऽस्तु तस्मै तपसेऽद्भुताय.''

✤ ✤ ✤

# 10

પ્રભુશાસને પાંચ ઉત્તમ આચારો દર્શાવ્યા છે : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર. શ્રમણો અને સૂરિભગવંતો એનું પાલન કરે છે, તો શ્રમણીગણ અને શ્રાવક–શ્રાવિકાઓ પણ એનું પાલન કરે છે. આમાંના જ્ઞાનાચાર આદિ ચારના વિષય પણ સ્પષ્ટ છે અને પ્રવૃત્તિના આધારે એની ઓળખ પણ સ્પષ્ટ છે. જેમ કે અભ્યાસ–સ્વાધ્યાયાદિ કરે એનામાં જ્ઞાનાચાર ઝળહળી રહ્યો છે યાવત્ તપશ્ચર્યા કરે એનામાં તપાચાર ઝળહળી રહ્યો છે એમ કહેવાય.

પણ...વીર્યાચાર? અભ્યાસ વગેરેની જેમ એનો કોઈ સ્વતન્ત્ર વિષય નથી, કે નથી એની નજરે તરી આવે તેવી સ્વતન્ત્ર સ્પષ્ટ ઓળખ. એની વિશેષતા એ છે કે તે ચારે ય આચારમાં ભળી જઈ એમને જબરજસ્ત Force બક્ષે છે. વીર્યાચારની વ્યાખ્યા સરસ કરાઈ છે કે ''झुंझइ य जहाथामं, नायव्वो वीरियायारोः'' ભાવાર્થ કે શરીરમાં જેટલું સામર્થ્ય–શક્તિ હોય તેનો પૂરોપૂરો ઉપયોગ કરવો તે છે વીર્યાચાર. બુદ્ધિશક્તિ અને એક આસને સ્થિરતાની શક્તિ પૂરેપૂરી ખર્ચી કલાકો પર્યંત નિત્ય અભ્યાસ કરાય ત્યારે જ્ઞાનાચારના દૂધમાં વીર્યાચારની સાકર ભળે છે, તો શારીરિક શક્તિ પૂરેપૂરી નિચોવીને અને મનઃશક્તિ પરાકાષ્ઠાએ લઈ જઈ ઉત્કૃષ્ટ તપ કરાય ત્યારે તપાચારના દૂધમાં વીર્યાચારની સાકર ભળે છે!

વિ.સં. ૨૦૭૨ના ચાતુર્માસમાં ભાયંદર–બાવનજિનાલયમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણોમાં એક ઘટના સર્જાઈ તપાચારના દૂધમાં વીર્યાચારની સાકર ભળવા જેવી. અલબત્ત, દરેક માસક્ષમણ તપસ્વીઓ વીર્ય ફોરવીને જ તપ કરતા હોય છે. પરંતુ આ એવી ઘટના હતી કે જેમાં તપાચાર સાથે વીર્યાચાર પણ ઊડીને આંખે વળગે. બન્યું એવું કે માસક્ષમણ પ્રારંભના પૂર્વદિને આવીને એક આરાધક બહેન કહેઃ ''મારી ભાવના છે કે કાલથી માસક્ષમણ શરુ કરું .''

‘‘શું વાત કરો છે ? તમે તો વર્ધમાનતપઓળી કરી રહ્યા છો ને? નિત્ય પચ્ચક્ખાણ તો આયંબિલનું લેવા આવો છો ? ’’

‘‘હા, પણ હવે આજે સવારે વિચાર જાગ્યો છે કે માસક્ષમણ શરુ કરવું છે.’’

‘‘તો તમે આજે ઉત્તરપારણા માટે નવકારશી કે બિયાસણું કર્યું હશે ને ? ઓળી પડતી મુકી હશે ને ?’’

‘‘ના, સવારે પ્રતિક્રણમાં આયંબિલનું પચ્ચક્ખાણ ધારી લીધું હતું. પછી આ માસક્ષમણનો વિચાર આવ્યો. સહુની સાથે સામૂહિક માસક્ષમણનાં મંગલ મુહૂર્તે જ તપ શરુ કરવું છે. એટલે ઉત્તરપારણું નથી કરવું. આયંબિલ એ જ ઉત્તરપારણું!’’ બહેન પૂર્ણ શ્રદ્ધાથી અને આત્મવિશ્વાસથી બોલી રહ્યા હતા.

ગુરુભગવંત એમના વીર્યોલ્લાસથી પ્રભાવિત થઈ ગયા. અલબત્ત, પછીનાં વર્ષોનાં માસક્ષમણોમાં આનાથી કૈંકગણી ચડિયાતી વીર્યોલ્લાસની નમસ્કરણીય ઘટનાઓ સર્જાઈ હતી. પરંતુ આ પ્રથમ ઘટના હતી. તેઓ વિચારી રહ્યા કે આયંબિલની ઓળીમાં આ રીતે માસક્ષમણ શરૂ કરવાની હિંમત કેવી અદ્‌ભુત! શારીરિક દૃષ્ટિએ વિચાર્યું તો બહેન સાવ Single body–સૂકલકડી કાયા ધરાવતા હતા. પણ ભલા, તપને જેટલો સંબંધ પ્રભુકૃપાનાં અને ગુરુકૃપાનાં બળ સાથે છે એટલો સંબંધ શરીરબળ સાથે ક્યાં છે? પ્રભુ–ગુરુકૃપાનું બળ કાર્યાન્વિત થાય એટલે મનોબળ–સંકલ્પબળ તૈયાર થાય અને એ તૈયાર થાય પછી મુશ્કેલ તપ પણ આસાન બની જાય.

ઉત્તરપારણા વિના, અરે ભૂલ્યા; આયંબિલથી ઉત્તરપારણું કરીને બહેન સામૂહિક માસક્ષમણનાં પ્રારંભઅનુષ્ઠાનમાં આવ્યા. વાસનિક્ષેપ કરાવી પ્રથમ પચ્ચક્ખાણ સ્વીકાર્યું. કલ્પના કરો કે બહેને ક્યું પચ્ચક્ખાણ લીધું હશે ? ઉપવાસ ?

અટ્ઠમ? ના, એમણે Direct અટ્ઠાઈનું પચ્ચક્ખાણ લીધું! આ હતો તપાચાર સાથેનો વીર્યાચાર કે જેમાં ઓળીનાં આયંબિલો પર અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ લેવાનું સત્ત્વ ઝળહળતું હતું.

વાત આટલેથી જ અટકતી નથી. એ બહેનના શ્રાવક વ્યવસાયાર્થે દુબઈ રહેતા હતા. એ તુર્ત લાંબો સમય રહેવા આવે એમ ન હતા. પરિવારમાં બે સંતાનો હતા. એમનું ધ્યાન તપ વચ્ચે આ બહેને રાખવાનું હતું. છતાં એ વીર્યોલ્લાસથી–જુસ્સાથી તપમાં આગળ વધી રહ્યા. નવમા ઉપવાસે ફરી એ જ જુસ્સાથી એમણે ગુરુભગવંત પાસે પચ્ચક્ખાણ લીધું અટ્ઠાઈનું! એ અટ્ઠાઈ પૂર્ણ થઈ ત્યાં સત્તરમા દિવસે બહેન કહે કે ''હવે ચૌદ ઉપવાસનાં પચ્ચક્ખાણ જ એક સાથે આપી દો. થઈ જ જશે.'' જાણે કે ભાવ ચડતી ધારાના હતા. માટે પચ્ચક્ખાણ પણ ચડતા ક્રમે આવ્યું.

હજુ વિશેષતામાં થોડું વિશેષ. માસક્ષમણ સરસ પૂર્ણ કરી બહેન પારણાના દિવસ સુધી પહોંચી ગયા. પારણાદિને સવારે આવીને તેઓ કહે : ''સાહેબજી! આયંબિલનું પચ્ચક્ખાણ આપો.'' ''કેમ? આજે પારણું નથી?'' **''ના સાહેબજી! અઢારમી ઓળીના જેટલા આયંબિલ બાકી છે એટલા પૂર્ણ કરીને પછી પારણું કરીશ. માસક્ષમણ શાતાપૂર્વક થયું છે. તો ઓળી શા માટે અધૂરી મૂકું?''** આ છે તપાચારનાં દૂધમાં વીર્યાચારની સાકર. એમનું નામ વૈશાલીબહેન જિજ્ઞેશભાઈ શાહ. એ આવી ઉત્તમ–ઉગ્ર તપશ્ચર્યા દ્વારા જાણે કે સંદેશ આપી રહ્યા છે કે :–

**ખાવું શું ને પીવું શું? તપ કરવામાં બીવું શું?**

✤ ✤ ✤

# 11

"સાધ્વીજી મહારાજ! આપને દશ–પંદર મિનિટ પછી વંદન માટે આવું તો મળશો ને? પહેલા હું આચાર્ય ભગવંતને વંદન કરવા જઈ આવું. તેઓ પ્રવચનમાં પધારી જશે તો મારે વંદન–વાસક્ષેપ વગેરે રહી જશે." સવારે ૮.00 કલાક આસપાસ ગોરેગામ–જવાહરનગર સંઘના શ્રાવિકા ઉપાશ્રયમાં એક બહેન સાધ્વીજી ભગવંતને કહી રહ્યા હતા. તેઓ અંધેરીથી આવ્યા હતા અને સાધુ–સાધ્વી ભગવંતો ઉભયના ધર્મપરિચિત હતા.

"પણ તમે હમણાં શ્રાવકઉપાશ્રયે જશો તો ય પૂ. આચાર્યભગવંત તમને મળી નહિ શકે. કારણ કે આજે સંઘમાં સામૂહિક માસક્ષમણનાં પ્રથમ પચ્ચક્ખાણનો સમારોહ છે. પચ્ચક્ખાણ મુહૂર્તના સમયે અપાવાનું છે. એથી ગુરુભગવંત અત્યારે એ સભામાં બિરાજમાન હશે. અમારા થોડા શ્રમણી ભગવંતો ત્યાં પહોંચી ગયા છે. અમે પણ ત્યાં જ જઈ રહ્યા છીએ." શ્રમણી ભગવંતે ઉત્તર આપ્યો.

"ઓ...હો...! આ સંઘમાં સામૂહિક માસક્ષમણ છે? એ ય આજે? મને તો કાંઈ ખબર જ નથી. ખરું કહું તો માસક્ષમણ સામૂહિક કરાવી શકાય એ ય મને તો આજે ખબર પડી. ચલો, હું પણ આપની સાથે પચ્ચક્ખાણ સમારોહમાં જ આવી જઉં."

એ બહેન શ્રમણી ભગવંતો સાથે મુખ્ય ઉપાશ્રય હૉલમાં પચ્ચક્ખાણ સમારોહ સ્થળે આવ્યા. ગુરુભગવંતનું પ્રેરણાત્મક પ્રવચન, સંગીતનો જુસ્સાભર્યો માહોલ, સાડા પાંચસો જેટલા આરાધકો દ્વારા મંગલરૂપે પ્રભુપ્રદક્ષિણા વગેરે નિહાળતાં નિહાળતાં બહેનનું મન ભાવુક થઈ ગયું. એ ત્યાં તો તરત નિર્ણય ન લઈ શક્યા. પરંતુ સમારોહ બાદ ગુરુભગવંત સમક્ષ આવીને બોલ્યા : "સાહેબજી! મેં હજુ પચ્ચક્ખાણ પાર્યું નથી. કેમ કે હું અહીં વંદનાર્થે વહેલી આવી હતી. મને માસક્ષમણ સમૂહમાં થાય

છે એ ખબર જ ન હતી. પરંતુ આજનો માહોલ નજરોનજર નિહાળ્યા પછી મને મન થઈ ગયું છે કે હું પણ માસક્ષમણ કરું.''

''આજથી જ માસક્ષમણ શરુ કરવું છે ?''

''હા જી. મેં નથી ઉત્તરપારણું કર્યું કે નથી ઘરે કોઈને પૂછ્યું. છતાં વિચાર છે કે આજથી જ શરુ કરી દઉં. અત્યારે ભાવ ચડતી ધારાએ છે. ઘરે જઈ કહીને કરવા જઈશ તો શી ખબર ભાવ ઓસરી પણ જાય.'' બહેનના ભાવો એમના શબ્દોમાં ઝિલાતા હતા.

ગુરુભગવંતે એમને ત્યાં જ અટ્ઠમનું પચ્ચક્ખાણ આપ્યું. આ રીતે, માત્ર વંદનાર્થે આવેલ એ બહેન મંગલ પ્રારંભ કરી અંધેરી ઘરે ગયા. ઘરે જઈ સાસુને વાત કરી. તો એ કહે : ''માસક્ષમણ જેવું મોટું–આકરું તપ તો, લોકો વર્ષોથી ભાવ રાખતા હોય તો ય શરૂ કરવાની હિંમત નથી કરતા. તને એકાએક ભાવ જાગ્યા અને તરત શરૂઆત પણ કરી દીધી એ ચમત્કાર જેવું ગણાય. બસ, હવે પાછી પાની ન કરતી. ગમે તે થાય. પણ માસક્ષમણ કરીને જ રહેજે. રસોડાની ચિંતા તારે નથી કરવાની. ભલે મારી ઉંમર છે. પરંતુ રસોડું હું સંભાળી લઈશ. તું ચિંતા કર્યા વિના સુખેથી તપ કરજે.''

પોતાના સાહસને આવું સરસ પ્રોત્સાહન મળવાથી તપસ્વી ખૂબ આત્મસંતોષ અનુભવી રહ્યા. એમનો અણધાર્યો Start થયેલ માસક્ષમણતપ સાવ સહજતાથી સડસડાટ આગળ વધવા માંડયો. બે...પાંચ...સાત...દશ...બાર...પંદર ઉપવાસ થઈ પણ ગયા. પરંતુ બધું જ ધારણા મુજબ થયા કરે તો પછી એ સંસાર શાનો? સંસારની એક વ્યાખ્યા આ છે કે **'જ્યાં ધાર્યું ઘણું ન થાય અને અણધાર્યું ઘણું થાય એનું નામ સંસાર.'** સોળમા દિવસે તપસ્વીના સાસુ કોઈ કામ કરતા પડ્યા અને Fracture થઈ ગયું!

હવે જવાબદારી બે બાજુથી આવી ગઈ. ઘર-રસોડું પણ સંભાળવાનું અને ઈજાગ્રસ્ત પથારીવશ થયેલ સાસુને ય સંભાળવાના. તપસ્વી મનોમંથનમાં આવી ગયા કે 'હવે શું કરવું?' ઘરમાં કરનાર કોઈ હતું નહિ. હજુ એમના વિચારો લંબાય તે પૂર્વે માંદગીના બિછાનેથી સાસુ બોલી ઊઠ્યા : "બેટા! તું માસક્ષમણ પૂરું જ કરજે. બીજી વાર તને આવો યોગ નહિ મળે. રસોઈ માટે કામવાળી અને મારા માટે Nurse રાખી લઈશું. પણ તું ચિંતા કર્યા વિના આગળ વધતી રહે."

સાસુની સદ્ભાવના નિહાળી બહેનની આંખો છલકાઈ ઊઠી. આ મજબૂત Support અને પતિના Positive approachથી તપસ્વી કોઈ દ્વિધા વિના આગળ વધી ગયા અને જોતજોતામાં એમનું માસક્ષમણ પૂર્ણ પણ થઈ ગયું...

પ્રેરણાસ્પદ આ ઘટનાના બે સંદેશ સહુએ જીવનમાં આત્મસાત્ કરવા જેવા છે. પહેલો સંદેશ એ કે શુભનાં-ધર્મકાર્યનાં નિમિત્ત મળે તો એને તુર્ત ઝડપી લેવા. 'જોઈશ-વિચારીશ-પછી વાત' જેવી શિથિલતા ન રાખવી. કારણ કે મન તો પવન જેવું છે. પવનની જેમ મન પણ ક્યારે દિશા બદલે એ કલ્પના ન કરી શકાય. એથી જ એક પંક્તિમાં લખાયું છે કે **"જો ધર્મકિરું શુભ હોય કાજ, કાલે કર્યાથી કરી લેવું આજ..."** તપસ્વીએ અચાનક મળેલ માસક્ષમણનું નિમિત્ત ઝડપી લીધું તો તેઓ માસક્ષમણ કરી શકયા. જો એમણે 'જોઈશ-ઘરે પૂછયા પછી વાત' જેવી શિથિલતા દાખવી હોત તો એમના માટે માસક્ષમણ શક્ય ન બનત.

બીજો સંદેશ છે સુકૃતનાં-ધર્મકાર્યનાં પ્રોત્સાહનનો. અચાનક આવી ગયેલ માસક્ષમણની વાતના પ્રતિસાદમાં તપસ્વીના સાસુએ ન અપ્રીતિ દાખવી, ન પોતાને ઘસાવું પડશે જેવો વિચાર દાખવ્યો કે Fracture ની અણધારી પીડાસમયે 'મને સંભાળી લે' જેવો સ્વાર્થ દાખવ્યો. એમણે એક જ Approach રાખ્યો કે માત્ર ને માત્ર સુકૃતનું પ્રોત્સાહન. 'હું નથી કરી શકતી માસક્ષમણ, તો કરનારને સર્વ રીતે

સહાયક થઉં' આ એમની વિચારધારા 'ધર્મબિંદુ' શાસ્ત્રગ્રન્થના બે સૂત્રોની સ્મૃતિ કરાવી જાય છે કે ''अशक्ये भावप्रतिबन्धः'' અને ''तत्कर्तृषु प्रशंसोपचारौ.' એ સૂત્રો કહે છે કે જે સુકૃત આપણા માટે અશક્ય હોય એના પ્રત્યે ભાવપ્રતિબંધ અર્થાત્ હાર્દિક તીવ્ર લગાવ રાખો અને જે એ અશક્ય સુકૃત કરતા હોય એની પ્રશંસા–પરિચર્યા કરવી.

એ તપસ્વીનું નામ છે હેમાબહેન અમિતભાઈ શાહ. એમના સાસુનું નામ છે ઈંદિરાબહેન. આપણે એ બન્નેના સુકૃતના આ બે સંદેશ માત્ર શ્રવણ–વાંચનનો જ નહિ, આચરણનો પણ વિષય બનાવીશું?

✤ ✤ ✤

# 12

સંસારમાં પતિ–પત્ની એકમેકને Support આપતા હોય તો મહદંશે મનોરંજન–મોજશોખ જેવી બાબતમાં આપે. Hill station પર ફરવા જવું હોય તો બન્ને એકમેકને Support કરે, ને Hotelમાં જમવા જવું હોય તો બન્ને એકમેકને Support કરે. Live show જોવા જવાનું હોય તો બન્ને પરસ્પરને Support કરે, ને Boatingની મજા માણવાની હોય તો બે ય પરસ્પરને Support કરે. પરંતુ ધર્મનાં ક્ષેત્રે–વિશેષપણે તપનાં ક્ષેત્રે પતિ–પત્ની પરસ્પરને Support કરે એ બહુ જૂજ સંભવે.

અને...સ્પર્ધા? એ ય તપક્ષેત્રે? લગભગ અસંભવ. મોટે ભાગે પતિ એમ કહી દે કે ''હું તને અંતરાય નહિ કરુ. બાકી મારે કાંઈ તપ કરવો નથી. મારું એમાં કામ નહિ.''

પરંતુ ગોરેગામ–જવાહરનગર સંઘના સામૂહિક માસક્ષમણ અનુષ્ઠાનમાં આ બન્ને ધારણાને ગલત ઠેરવે તેવી ઘટના સર્જાઈ. એક યુવા દંપતી જિનાલયે પૂજા અને ઉપાશ્રયે વંદનાદિ માટે આવે. માસક્ષમણનો માહોલ મજબૂત બનતો ગયો તેમ એની અસર એમના પર પણ સર્જાઈ.

પત્ની કહેઃ ''મને માસક્ષમણની ભાવના થાય છે. શું કહો છો તમે?''

''શું કહો છે એટલે શું? ભાવના થઈ હોય તો માસક્ષમણ કરવાનું જ'' પતિએ તપ નામે ધર્મ ક્ષેત્રે Support કર્યો.

''એમ નહિ, હું માસક્ષમણ કરું તો તમે શું કરો એ કહો.'' પત્નીએ સરસ વાત ઉચ્ચારી.

''જો, મેં માસક્ષમણ પૂર્વે કરી લીધું છે. છતા તું માસક્ષમણ કરે તો મારા પીસ્તાલીશ ઉપવાસ નક્કી.'' પતિએ કહ્યું. આ કોઈ વાતોના વડા ન હતા, નક્કર

વાસ્તવિકતા હતી. પત્નીએ સામૂહિક માસક્ષમણના પચ્ચક્ખાણ દિને ત્રીશ ઉપવાસ શરુ કર્યા, તો પતિએ પીસ્તાલીશ ઉપવાસ શરૂ કર્યા ! ધર્મક્ષેત્રના આ Support અને મીઠી સ્પર્ધાએ નવું Result એ આપ્યું કે એમના ભાભીએ પણ માસક્ષમણનો નિર્ણય કરીને ઝુકાવી દીધું. એક જ ઘરમાં બે માસક્ષમણ અને એક પીસ્તાલીશ ઉપવાસ થયા!

પાપોના સરવાળા અને સંસ્કારોની બાદબાકી થાય તેવા Support અને સ્પર્ધાઓ દાંપત્યજીવનમાં ઘણી કરી. હવે સુકૃતના સરવાળા અને સંસારની બાદબાકી થાય તેવા Support અને સ્પર્ધાઓ થવી જોઈએ. જાણે આવું કાંઈક એ દંપતી કહે છે. એમનાં નામો છે પીંકીબહેન અને જિજ્ઞેશભાઈ.

✤ ✤ ✤

# 13

શ્રી દશવૈકાલિક આગમગ્રન્થમાં શ્રુતકેવલી શ્રીમાન શય્યંભવસૂરીશ્વરજી મહારાજે ધર્મસાધનાની–આરાધનાની પ્રેરણા આપતી અસરકારક ગાથા ફરમાવી છે કે :–

जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ।
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे।।

ભાવાર્થ કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થાએ આ દેહ પર ડેરા–તંબુ તાણ્યા નથી, રોગોએ જ્યાં સુધી આ શરીર પર આક્રમણ કર્યું નથી અને જ્યાં સુધી આંખ–કાન આદિ ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઇ ગઇ નથી ત્યાં સુધી ધર્મસાધના જેટલી થાય તેટલી કરી લેવી જોઇએ. ગાથાની ત્રણે ય દલીલો જાગૃત વ્યક્તિને સચોટ પ્રેરણા આપે છે કે જે સુકૃત–ધર્મકાર્યો કરવા હોય તે યુવાવસ્થા–પ્રૌઢાવસ્થામાં કરી લો, શરીર નિરોગી હોય ત્યાં સુધીમાં કરી લો અને ઇન્દ્રિયો સ–તેજ હોય ત્યાં સુધીમાં કરી લો. પછી તો આવી જશે અક્ષમતા અને પરાધીનતા. ત્યારે ભાવો હશે તો ય તમે શું કરી શકશો? પ્રેરણાની દૃષ્ટિએ આ ગાથા એકદમ માર્મિક–હૈયું ઝકઝોરે એવી છે.

પણ..સબૂર! વિ.સં. ૨૦૭૩ના ઘાટકોપર–પૂર્વના શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ સંઘમાં યોજાયેલ સમૂહ માસક્ષમણમાં એક ઘટના એવી સર્જાઇ કે જે ગાથાની આ તથ્યભરપૂર દલીલોને અતિક્રમી જઇને આપણને પ્રેરણાનો પ્રકાશ આપે. એમ કહી શકાય કે ગાથાની દલીલો Regular નિયમ જેવી હતી, તો એ ઘટના અપવાદરૂપ કિસ્સા જેવી હતી. એ ઘટના હતી કાંઇક આવી :

સમૂહ માસક્ષમણના મંગલ પ્રારંભદિનને બે દિવસ બાકી હતા. જાતજાતના લોકો એ તપની ભાવનાથી આવી ગુરુભગવંતને ભાતભાતના પ્રશ્નો કરતા હતા. ગુરુભગવંત સૌને કક્ષાનુસાર ઉત્તરો આપતા હતા. એવામાં એક માજી એમના

સ્વજનનો હાથ પકડી ધીમે ધીમે ડગુમગુ ચાલે ચાલતા આવ્યા. ઉપાશ્રયના Hall જેટલું ચાલતાં ય એમને શ્વાસ ભરાઇ ગયો. ખુરશી પર બેસી બે મિનિટ Relax થયા પછી માજી કહે :

‘‘મહારાજ સાહેબ! વાસક્ષેપ કરજો. મારે પણ માસક્ષમણ કરવું છે.’’

‘‘તમારે? માસક્ષમણ કરવું છે? કેટલી ઉંમર છે તમારી?’’ ગુરુભગવંતને આશ્ચર્ય થતું હતું.

‘‘ત્યાશીમું વર્ષ ચાલે છે. જીવનમાં એક અટ્ઠમથી વધુ તપ કર્યો નથી. પરંતુ આ બધો માહોલ જોઇને મને ય તીવ્ર ભાવના થઈ છે.’’ માજી અટકી અટકીને બોલ્યા.

ગુરુભગવંતને આ કિસ્સામાં સંભાળીને આગળ વધવા જેવું લાગ્યું. એ બોલ્યા : ‘‘આટલી મોટી વયે તમે આ સાહસ કરવાનું વિચારો છો. એના બદલે થોડાં વર્ષો પહેલા આવો વિચાર કરવો હતો ને. એમાં Easily તપસ્યા થાત.’’

‘‘એ વાત બરાબર. પણ ત્યારે એવા કોઈ ભાવો ન જાગ્યા અને અત્યારે જાગ્યા. મારે તો ‘જાગ્યા ત્યારથી સવાર’ માનવાનું છે. ત્યારે નહિ તો અત્યારે. દેવ–ગુરુના આશીર્વાદથી બધું સારું થઇ જશે.’’ માજીની વાતમાં મક્કમતાનો રણકો હતો.

‘‘ભલે, કરજો. પણ રોજ એક–એક ઉપવાસનું પચ્ચક્ખાણ જ લેજો. કોઇ કસોટી આવે તો મુંઝવણ ન થાય.’’

‘‘સારું એ રીતે કરીશ.’’ કહીને માજી વાસક્ષેપ કરાવી ગયા. એક–એક ઉપવાસથી માસક્ષમણ શરૂ કર્યું. જાણે કે પગથી અપંગ વ્યક્તિ જયપુરી Foot પહેરીને હિમાલયના Everest શિખર તરફ આરોહણ કરે એવી આશ્ચર્યજનક આ બીના હતી. એક–એક ઉપવાસ કરતાં માજી બાર ઉપવાસ સુધી આવી ગયા. તેરમા

ઉપવાસે એમને વંદન કરવા લઈને એમના સ્વજન ગુરુભગવંત પાસે આવ્યા. માજી ઠીક ઠીક શિથિલ થઈ ગયા હતા. શરીર જાણે કે જવાબ આપી રહ્યું હતું. ગુરુભગવંતે પ્રોત્સાહન આપવાના સૂરે માજીને કહ્યું : ''કેમ છો ? માસક્ષમણ બરાબર કરશો તો ખરા ને ?''

ક્ષીણ સ્વરે માજીએ જે જવાબ આપ્યો એ લા–જવાબ હતો. માજી બોલ્યાઃ ''પહેલા દિવસે સમૂહ પચ્ચક્ખાણમાં હું આવી હતી. ત્યારે તમે વ્યાખ્યાનમાં એમ બોલ્યા હતા કે ''માસક્ષમણ હું કરું છું એમ માનવાનું નથી, પ્રભુ કરાવે છે એમ માનવાનું છે.'' તો બસ, હું એમ જ માનું છું કે આ તો ભગવાન કરાવે છે. ભગવાનને જે મરજી હશે એ કરાવશે. મારે શી ચિંતા કરવાની ?''

માજીના આ જવાબમાં પ્રભુ પ્રત્યે/ગુરુવચન પ્રત્યે જે શ્રદ્ધા છલકાતી હતી એ ખરેખર અપ્રતિમ હતી. 'પ્રભુ કરાવશે' એ બોલવું જેટલું આસાન છે એટલું જ મુશ્કેલ ત્યાશી વર્ષની વયે આ શબ્દો પર શ્રદ્ધા રાખીને ઉપવાસ પર ઉપવાસ કર્યે જવા એ છે. માજીએ કસોટીઓ વચ્ચે–શારીરિક ક્ષીણતા વચ્ચે ય માસક્ષમણની મંઝિલ સર કરી! જેઓ યુવાન છે–તંદુરસ્ત છે અને છતાં તપ પ્રત્યે ઉદાસીન છે એ સહુને, અતિ વૃદ્ધ વયનાં આ માજી માસક્ષમણ દ્વારા જાણે કહી રહ્યા છે કે ''કાયા હજી સાજી છે, હાથમાં હજી બાજી છે, ત્યાં સુધી ધર્મ કરી લેવાની તક તાજી છે...''

✤ ✤ ✤

# 14

મન એવું વિચિત્ર તત્ત્વ છે કે એ જો Negativenessમાં આવી જાય તો ભલભલી વ્યક્તિઓ નાસીપાસ થઈ જાય–નિરાશ થઈ જાય અને આરંભેલ ઉત્તમ–શ્રેષ્ઠ કાર્યોથી વિચલિત થઈ જાય. એથી વિરુદ્ધ મન જો Positivenessમાં આવી જાય તો એનાં કારણે, સાવ નબળી વ્યક્તિ પણ જુસ્સાદાર Powerful બની જાય અને આરંભેલ મુશ્કેલ સુકૃતને પણ ઉત્સાહ–ઉમંગ સાથે પૂર્ણાહુતિ તરફ લઈ જાય. મનની આ બે ય પ્રકારની લાક્ષણિકતાના સંદર્ભમાં જ પેલી કહેવત પ્રસિદ્ધ થઈ છે કે ''मनके हारे हार है, मनके जीते जीत.'' મનની આ બન્ને લાક્ષણિકતાઓ સરસ પ્રતિબિંબિત થાય તેવી માસક્ષમણસંબંધી ઘટના સર્જાઈ વિ.સં. ૨૦૭૩માં.

એ વર્ષનાં ચાતુર્માસમાં માટુંગામાં સામૂહિક માસક્ષમણો યોજાયા હતા અને તેમાં એક જ પરિવારના ત્રણ ત્રણ સભ્યો સામેલ થયા હતા. માતા–પુત્ર અને પુત્રવધૂ : ત્રણે યે આરંભ તો ઉલ્લાસભેર કર્યો હતો. ગુરુભગવંતની જુસ્સાદાર પ્રેરણા ઝીલીને એ ત્રણે યે પ્રથમ દિને અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ સ્વીકાર્યા હતા. પરંતુ સાતમા–આઠમા દિવસે એમનાં મન નિરાશાથી ઘેરાઈ ગયા.

પુત્રવધૂ કહે : ''આટલી જવાબદારીઓ વચ્ચે માસક્ષમણ લગભગ અશક્ય છે. પતિનો Officeનો સમય, નાનકડા દીકરાનો Schoolનો સમય, રસોઈ, ઘરકાર્ય : આ બધી જવાબદારીઓ વચ્ચે શરીર જાણે તૂટીને ત્રણ થઈ જાય છે. આમાં ઉપવાસો ખેંચાય શી રીતે ?''

એના સાસુ પણ નિરાશામાં કહેતા હતા : ''માસક્ષમણ શરૂ કર્યું ત્યારે આટલું આકરું લાગશે એ કલ્પના ન હતી. હજુ તો આઠમો ઉપવાસ છે. ત્રીશ સુધી કેવી રીતે પહોંચાશે ? વળી મારું વય પણ અસર દર્શાવે છે.''

બન્નેએ નિર્ણય કર્યો કે આવતી કાલે સવારે પારણું કરી લેવું. બાવીશ દિવસ

ખેંચવા અશક્ય છે. એ બન્નેની અસર પુત્ર પર થઈ. પરિવારમાં એકલા ઉપવાસ કરવા માટે એનું મન પણ ઈન્કાર કરી રહ્યું. નિયમ તો એ જ છે કે નબળી બાબતોની અસર મન પર જલદી થઈ જતી હોય છે.

નવમા દિવસનું પ્રભાત ઊગ્યું. રસોડામાં ત્રણે ય ના પારણાની પ્રાથમિક તૈયારી થવા માંડી. ત્યાં યાદ આવ્યું ગુરુભગવંતનું વચન કે ‘‘પારણું કરવું હોય ત્યારે પણ નવકારશીનું પચ્ચક્ખાણ લેવા અમારી પાસે જ આવવું.’’ આ વચનનો આશય શું હતો એનો પણ એમને ખ્યાલ હતો. પરંતુ એમણે કૃતજ્ઞભાવે એ વિચાર્યું કે ‘ગુરુવચનનો અનાદર નથી કરવો. ગુરુદેવને મક્કમતાથી છતાં નમ્રતાથી ના કહીશું અને નવકારશી કરીશું.’

ત્રણે ય Car માં સાથે માટુંગાસંઘના ઉપાશ્રયે આવ્યા. એમની ધારણા મુજબ જ ત્યાં સંગીતમય સંવેદનાકાર્યક્રમ ચાલતો હતો. કાર્યક્રમ ધારણા મુજબનો હતો. પરંતુ એની અસર એમના પર ધારણાબહારની થઈ. તપસ્વીઓની માનસિક દૃઢતા કેળવવાના એ કાર્યક્રમમાં યોગાનુયોગ જ એ પદાર્થ જબરજસ્ત ઘુંટાવાયો કે ‘‘મન ચાલબાજ છે. જેટલા દિવસનાં પચ્ચક્ખાણ લીધા હશે એટલા દિવસ તો એ ‘ઉપવાસ કરવો જ છે’ વિચારશે. પરંતુ જે દિવસે પચ્ચક્ખાણનો છેલ્લો દિવસ હશે તે દિવસે એ જાતજાતનાં કારણો ઊભા કરીને છટકબારી શોધશે. તમે ખાસ Marking કરજો કે આવા વિચારો તમને અટ્ઠાઈના પહેલા છ દિવસોમાં લગભગ નહિ આવ્યા હોય. સાતમા–આઠમા દિવસે જ એ વિચારોનું આક્રમણ વધ્યું હશે. કારણ એનું એ જ છે કે મનને તપની Trainમાંથી ઊતરી શકાય એવું Station દેખાઈ રહ્યું છે. તમે એ Period મક્કમતાથી પસાર કરી જશો તો ધ્યેય સિદ્ધ થશે જ.’’

એટલી મજબુતાઈથી અને સરસ રીતે એ પદાર્થ પ્રસ્તુત થયો કે સભામાં અલગ અલગ સ્થાને બેસ્યા હોવા છતાં ત્રણે ય ના દિલ–દિમાગમાં વિચારોનું ઘમ્મરવલોણું ફરી રહ્યું કે ‘આ તો મારી જ વાતનું–મારા જ અનુભવનું પ્રતિબિંબ છે.’ દિલ દ્રવતું

ગયું, આંખમાં અશ્રુનાં તોરણ રચાતાં ગયાં, પોતે ઘરે કરેલ વિચારો ગલત હોવાનો અહેસાસ થતો ગયો.

અને..માનશો? **કોઇ જ વ્યક્તિગત પ્રેરણા વિના, માત્ર સભાસમક્ષ થયેલ પ્રેરણાના પ્રભાવે, ત્રણે ય એક દૃઢ નિર્ધાર પર આવ્યા. ઈશારાથી પરસ્પરના ભાવોની એમણે જાણ કરી દીધી ને નવા સળંગ અટ્ઠાઇતપનાં પચ્ચક્ખાણ લઇ લીધા! ઉપરોક્ત પદાર્થની અસર એમના દિલ-દિમાગમાં એવી જડબેસલાખ હતી કે સત્તરમા ઉપવાસના દિવસે એ ત્રણે યે નવું પચ્ચક્ખાણ સળંગ ચૌદ ઉપવાસનું લીધુંઃ મનને તપની Trainમાંથી ઉતરવાનું Station ન દેખાય માટેસ્તો!**

ત્રણે ય તપસ્વીઓનું માસક્ષમણ નિર્વિઘ્ને પરિપૂર્ણ થયું. માતાનું નામ છે શ્રીમતી કૈલાસબહેન અને પુત્ર-પુત્રવધૂનું નામ છે પ્રશાંતભાઇ તથા મમતાબહેન.

'અધ્યાત્મસાર' ગ્રન્થમાં પૂજ્યપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે એક મજાનો પદાર્થ આ શ્લોક દ્વારા પ્રસ્તુત કર્યો છે કે :-

आलम्बनैः प्रशस्तैः, प्रायो भावः प्रशस्त एव यतः।

इति सालम्बनयोगी, मनः शुभालम्बनं दद्यात्।।

ભાવાર્થ કે આલંબન પ્રશસ્ત હોય તો પ્રાયઃ ભાવ પણ પ્રશસ્ત બને છે. માટે સાલંબનયોગી જીવોએ મનને શુભ આલંબનો આપતા રહેવું. આલંબનો જો શુભ હોય-પ્રશસ્ત હોય તો મનના ભાવો પણ શુભ બનવાની પ્રાયઃ મજબૂત શક્યતા કેવી છે તે આ ત્રણ માસક્ષમણ તપસ્વીઓની ઘટનામાં હૂ-બ-હૂ પ્રતિબિંબિત થાય છે. નક્કી કરીએ આપણે કે મન Negative બાબતોને અગ્રતા આપવાની ચાલબાજી કરે તો એમાં ફસાવું નહિ અને એને સતત શુભ આલંબનો આપતા રહેવું. પરિણામ કલ્પનાતીત Positive આવે એ આપણો ય અનુભવ બની રહેશે.

✤ ✤ ✤

# 15

ભોગનાં ક્ષેત્રે મનની ચાલબાજી એ છે કે એકના એક ભોગ્ય પદાર્થો પુનરાવર્તન પામ્યા કરશે તો ય એનો ઉમળકાભેર સ્વીકાર કરશે. રોજનાં ભોજનમાં મિષ્ટાન્નનું પુનરાવર્તન બે-પાંચ-સાત-દશ દિવસ થયા કરે તો ય મન એ સ્વીકારશે ને બપોરનાં ભોજનમાં રોજ રોટલી-દાળ વગેરેનું પુનરાવર્તન થયા કરે તો ય મન એ સ્વીકારશે. અરે! ચા જેવી લગાવની ચીજ એક દિવસમાં ય ચાર-પાંચ વાર મળે તો પણ એ સ્વીકારશે.

પરંતુ તપના ક્ષેત્રે મન લગભગ આનાથી વિપરીત ચાલબાજી કરીને લગભગ પુનરાવર્તનનો ઈન્કાર કરશે. સિદ્ધિતપ-શ્રેણિતપ કે માસક્ષમણતપ ભલે ને વર્ષોનાં વર્ષો પૂર્વે એક વાર કર્યું હોય. પરંતુ સામૂહિક સિદ્ધિતપાદિ સમયે પ્રેરણા કરાતાં જ મન તરત Suggestion આપશે કે આ તપ એક વાર થઈ ગયું છે અને વ્યક્તિ તુર્ત પ્રેરણાદાતાને કહેશે કે ‘‘સાહેબજી! આ તપ તો મેં દશ-વીશ-ત્રીશ-ચાલીશ વર્ષ પૂર્વે કરી લીધું છે.’’ છે ને કમાલની વિચિત્રતા! ‘ચા’ની Offer ચોથી વાર એક જ દિવસમાં થાય તો ય મન ‘ચા પિવાઈ ગઈ છે ’નું Suggestion ન આપે. અને માસક્ષમણની offer ચાલીશ વર્ષે ફરી વાર આવે તો ‘માસક્ષમણ તો ચાલીશ વર્ષ પૂર્વે થઈ ગયું છે’ નું Suggestion એ તત્ક્ષણ આપે.

આવા સાર્વત્રિક વિ-લક્ષણ માહોલમાં ક્યાંક-ક્યારેક ઉપરાઉપરી એક જ વિશિષ્ટ તપ આરાધનાર પુણ્યાત્મા નિહાળવા મળે ત્યારે હૈયું આદર-અનુમોદનાથી ઓળઘોળ બની જાય. વિ.સં. ૨૦૭૩ના માટુંગાસંઘના સામૂહિક માસક્ષમણમાં એક આવા આરાધકનો અનુભવ ગુરુભગવંતને અદ્ભુત થયો :

અઠ્યોતેર વર્ષની પાકટ વયના એક આરાધક બહેન ગુરુભગવંત પાસે આવીને કહે :

‘‘સાહેબજી! માસક્ષમણ મારે કરવાનું છે અને એ પણ મોટાં પચ્ચક્ખાણથી શરૂ કરવું છે.’’

''તમારું વય મોટું છે. એટલે મોટાં પચ્ચક્ખાણનો વિચાર એકદમ ન કરાય તો સારું.''

''અરે! સાહેબજી. તમે કાંઈ ચિંતા ન કરો. હું તો છેલ્લા કેટલા ય વર્ષોથી એકલી પણ માસક્ષમણ કરું છું. જ્યારે આ વર્ષે તો સામૂહિક માસક્ષમણનો માહોલ છે. પછી વિચારવાની વાત જ શી? બાકી આપ જાણી લો કે **મારે આ વર્ષે ઓગણીશમું માસક્ષમણ છે!''** બહેન સહજતાથી બોલ્યા.

ગુરુ ભગવંત રીતસર ચમકી જ ગયા એ આરાધકના માસક્ષમણ પ્રત્યેના લગાવ પર. એ વિના ઉપરાઉપરી આ દુષ્કર તપનું પુનરાવર્તન શે શક્ય બને? આનંદવિભોર બનેલ ગુરુભગવંતે એમને પૂછ્યું : ''આના પછી ય માસક્ષમણ કરવાની ભાવના ખરી?''

''હા, હજુ આના પછી બે માસક્ષમણ કરવાની ભાવના મનમાં રમે છે!'' એમના માટે માસક્ષમણ જાણે કે રમત વાત હોય એટલી સ્વાભાવિકતાથી એ બહેને પોતાનો મનોરથ રજૂ કર્યો.

સચિન તેંડુલકર ભલે ચાહે તેવો દિગ્ગજ બેટ્સમેન હોય. પરંતુ એણે ઉપરાઉપરી ઓગણીશ Testmatchમાં સદી ફટકારી નહી હોય. જ્યારે આ પુણ્યાત્મા સતત અઢાર વર્ષ માસક્ષમણ કરી ચૂક્યા હતા. ધન્ય જિનશાસન! ધન્ય તપસ્વી !

✤ ✤ ✤

# 16

સંસ્કૃતભાષામાં એક ઉક્તિ છે કે ''શ્રેયાંસિ બહુવિઘ્નાનિ.'' મતલબ કે સારાં કાર્યો શરૂ કરો ત્યાં ધાર્યા ન હોય તેવા વિઘ્નો આવી ઊમટે. આમ દૈનિક જીવનમાં વ્યક્તિ સ્ફૂર્તિમય–નિરોગી હોય. પરંતુ ગુરુભગવંતની પ્રેરણાથી જીવનમાં સર્વપ્રથમવાર નિત્ય એક સામાયિકનો પ્રારંભ બહુ બધા Plus-minus વિચારીને મહામુશ્કેલીથી કરવાનું નક્કી કર્યું હોય અને એ જ દિવસે સવારે તાવ આવી જાય યા સખત માથું દુઃખે... ઘણી રકઝકના અંતે ધર્મપત્નીના આગ્રહથી માંડ માંડ પાંચ તિથિ રાત્રિભોજનત્યાગનો સંકલ્પ કરી પહેલી વાર એનો પ્રારંભ કરવાનો હોય એ જ દિવસનો Hotel માં Dinnerનો કાર્યક્રમ ગોઠવીને મિત્રોએ આવવાનો આગ્રહ કર્યો હોય... જીવનમાં પહેલી જ વાર સુકૃતમાં લાભ લેવાનો નિર્ણય કર્યો હોય અને લાભ લેવાના થોડા દિવસ પૂર્વે જ ધંધામાં નુકસાની આવી જાય.

આ અને આવી આવી ઘટનાઓ સમયે શિથિલ મનની વ્યક્તિઓ તે તે ધર્મકૃત્યથી વિચલિત થઇ જાય. અરે! એકાદ વારના આવા ''પ્રથમગ્રાસે મક્ષિકા'' જેવા અનુભવથી કેટલાક તો કાયમ માટે વિરમી જાય અને વળી માને મનમાં એમ કે ''જવા દો, કુદરતને મંજૂર નથી લાગતું.'' આવા મંદસત્ત્વ જીવોને મજબૂત પ્રેરણા મળે તેવી એક ઘટના સર્જાઇ વિ.સં. ૨૦૭૩ના મુંબઇ–ઘાટકોપરના સામૂહિક માસક્ષમણમાં.

એ તપસ્વીએ જીવનમાં પ્રથમ વાર માસક્ષમણનો પુરુષાર્થ કર્યો એમાં તેઓ નિષ્ફળ ગયા. બીજી–ત્રીજી અને ચોથી વાર પુરુષાર્થ કર્યો એમાં પણ નિષ્ફળ ગયા. આવું બની શકે એનું મુખ્ય કારણ હતું માસક્ષમણ તપની અતિ કઠિનતા. સળંગ ત્રીશ–ત્રીશ દિવસના ઉપવાસ કરવામાં વિઘ્નોની વણઝાર ન જ આવે એવું તો ક્યાંથી બને? પરંતુ તપસ્વીની તારીફલાયક વિશેષતા એ હતી કે પહેલા–બીજા પ્રયત્ને નાસીપાસ ન થઇ ગયા. બલ્કે ચાર વારની નિષ્ફલતા પછી ય એમણે હજુ

પ્રબળ પુરુષાર્થ કરવાનું નિર્ધાર્યું. એમાં ઘાટકોપર–સાઠ ફુટ રોડના સંઘના સામૂહિક માસક્ષમણની વાત એમણે સાંભળી અને એ ઉત્સાહથી માસક્ષમણમાં ઝુકાવવા તૈયાર થઇ ગયા.

એમાં ય કસોટીની વાત એ હતી કે એમનું પીયર ઘાટકોપરમાં હતું, પરંતુ સાસરું તો ઠેઠ તળમુંબઈમાં હતું. એથી તેઓ સામૂહિક માસક્ષમણના માહોલમાં રહીને માસક્ષમણ કરી શકે એમ ન હતું. એમને તો લગભગ વિના માહોલે તપ કરવાનો હતો. છતાં પૂર્ણ ઉત્સાહથી–પુરુષાર્થશીલતાથી એ માસક્ષમણનો પ્રારંભ કરવા ઘાટકોપર આવ્યા. પચ્ચક્ખાણ લીધું અને પ્રથમ ઉપવાસ પણ થઇ ગયો.

પણ...''ન જાન્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે'' આ પંક્તિ કરતા ય વધુ કઠોર વાસ્તવિકતા એ તપસ્વી બહેનનાં જીવનમાં અણધારી બની. ઉપરોક્ત પંક્તિનો અર્થ એ છે કે રાત વીતતાં પરિસ્થિતિ કેવી બદલાઇ જવાની છે તે રામચન્દ્રજીને ખબર ન હતી. પરંતુ આ તપસ્વીના કિસ્સામાં તો રાત શરૂ થઇ ત્યાં જ પરિસ્થિતિએ બહુ વિલક્ષણ–વિચિત્ર વળાંક લીધો. એમના પિતા સાંજે ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરવા આવ્યા. ચાલુ પ્રતિક્રમણમાં જ પિતાજીને Severe attack આવ્યો અને સારવાર મળે એ પૂર્વે જ તેઓ અવસાન પામ્યા! ઘરમાં જવાબદારીઓ આટોપી શકે એવી વ્યક્તિ એ તપસ્વી જ હતા.

મોટા ભાગના લોકોને લાગ્યું કે હવે એ કાલે પારણું કરી જ લેશે. આમ પણ ચાર ચાર વારના પ્રયત્નો નિષ્ફળ ગયા હતા અને આમાં પહેલે જ દિવસે આસમાની–સુલતાની આવી ગઇ હતી. પણ ના, એ તપસ્વીએ મક્કમ મનોબળથી ઉપવાસ જારી રાખ્યા. પિતાજીની અંતિમ વિદાયાદિ વિધિઓ, એ પછીના પ્રાર્થનાદિ કાર્યો અદા કર્યા અને ઉપવાસ પણ જારી રાખ્યા.

ઘણી વાર એવું નિહાળવા મળે છે કે કુદરત ભલે કારમી કસોટીઓ કરે, પરંતુ કસોટીની અગ્નિપરીક્ષામાં જેઓ 'સો ટચના સુવર્ણ' થઈને બહાર આવે એને આખરે કુદરત સફળતા બક્ષે. અહીં પણ એવું જ થયું. આટલી જબરજસ્ત કસોટીમાં ટકી રહેનાર તપસ્વી પર કુદરતની મહેર વરસી. દેવગુરુના અમોઘ આશીર્વાદબળે તેઓ સફલતાથી આગળ વધતા ગયા અને અંતે એમણે માસક્ષમણની મંઝિલ સર કરી!

હૃદયસ્પર્શી આ ઘટના ત્રણ મહત્ત્વના સંદેશ આપે છે : (૧) 'बहुविग्घो मुहुत्तोऽयं, मा अवरण्हं पडिक्खेह'' આ શાસ્ત્રવચન મુજબ કાળ વિઘ્નમય છે. માટે પછી સારો સમય આવશે ત્યારે તપસ્યાદિ કરીશ એમ ન વિચારવું. કોને ખબર કે કાલ આજ કરતાં ય વધુ વિઘ્નભરપૂર હોય! (૨) નિષ્ફલતામાંથી સાર અટકી જવાનો ન તારવવો. બલ્કે એ સાર તારવવો કે નિષ્ફલતા માત્ર એટલું જ સૂચવે છે કે સફલતા માટે તમારે પ્રયત્ન હજુ Strong કરવાના છે. (૩) મોત ક્યારે ક્યાં કોને આંબી જશે એનો કોઈ સચોટ અંદાજ કોઈને નથી હોતો. માટે ધર્મકરણીને મુલત્વી ન રાખશો.

માસક્ષમણના એ તપસ્વીનું નામ છે ઋદ્ધિબહેન અંકિતભાઈ ઝવેરી.

✤ ✤ ✤

# 17

આજનો કેટલોક Well Educated અને જાતને બુદ્ધિવાદી ગણાવતો વર્ગ કે જે ધર્મક્ષેત્રથી Ground level પર પરિચિત નથી તે એવી અદ્ધરતાલ માન્યતા ધરાવતો હોય છે ઘણી વાર કે "ધર્મના ક્રિયાકાંડો–ઉપવાસના નામે ભૂખ્યા રહેવાના વ્યર્થ વ્યાયામો મહિલાઓ–વૃદ્ધો–બહુ દિમાગ ન લગાવનારાઓ–બાળકો કરતા હોય છે. બુદ્ધિશાળી વ્યક્તિ તો બુદ્ધિમાં Perfect બેસે એવી બાબતો જ અપનાવે. સ્વર્ગ–નરક કે પુણ્ય–પાપ જેવી અણદેખીતી બાબતોમાં એ ભોળવાય નહિ."

વસ્તુતઃ આ જાતને વધુ પડતી હોંશિયાર ગણનારાઓનો ગલત Superiority Complex છે. બાકી આજે પણ આસપાસ–ચોપાસ એવા નોંધપાત્ર સંખ્યાના કિસ્સા નિહાળવા મળે છે કે જેમાં Well Educated બુદ્ધિશાળી લોકો પણ સમ્યક્ સમજપૂર્વક ધર્મારાધના–તપશ્ચર્યાદિમાં સ્વયંસ્ફૂર્ત ભાવનાથી સામેલ થાય છે. આની સબળ પ્રતીતિ કરાવે તેવી એક ઘટના બની વિ.સં. ૨૦૭૩ના ઘાટકોપર–મુંબઈના સામૂહિક માસક્ષમણમાં.

ત્યાં ચાતુર્માસના પ્રારંભથી પાંત્રીશેક વર્ષના યુવાન ભાઈ નિયમિત પ્રવચનમાં આવે. કદાચ થોડા સમયથી જ ધર્મક્ષેત્રે એ અભિમુખ થયા હોય તેવું લાગે. એ ખૂબ જિજ્ઞાસાથી પ્રવચન સાંભળે, Note લઈને જ પ્રવચનમાં આવે અને ઉપયોગી પદાર્થો પ્રવચન દરમ્યાન Noteમાં લખતા જાય. જરૂર જણાય ત્યાં પ્રવચન પછી એ ગુરુભગવંત સાથે લખાયેલ બાબતોની ચર્ચા ય કરે. એમાં ગુરુભગવંતને એક આશ્ચર્ય થયું કે પ્રવચન ગુજરાતીમાં અપાતું હોવા છતાં એની પદાર્થનોંધ સંપૂર્ણ Englishમાં તેઓ કરતા હતા. ગુરુભગવંતે એક વાર સહજતાથી પૂછ્યું કે "આમ કેમ?" ઉત્તર મળ્યો કે "સાહેબજી! હું વ્યવસાયે English Teacher છું. મારે પૂરો દિવસ વિદ્યાર્થીઓને English ભણાવવાનું હોય છે. એથી ગુજરાતી કરતાં ય English વધુ અનુકૂળ રહે છે. લખવામાં અને બોલવામાં પણ. આપના કોઈ

શ્રમણોને English ભણવું હોય તો મને જણાવજો. Free ભણાવીશ. મને લાભ મળશે.'' ભાઈની ભાવનાથી ગુરુભગવંત પ્રભાવિત થયા. એમણે શ્રમણોને English ભણાવવાનું શરૂ કર્યું.

એમાં આવ્યો સામૂહિક માસક્ષમણ પ્રારંભદિવસ. એના પૂર્વદિને આવીને ભાઇ કહે : ''સાહેબજી! કાલથી મારે પણ માસક્ષમણમાં સામેલ થવું છે. આશીર્વાદ એવા આપો કે માસક્ષમણમાં ન પ્રવચન છૂટે, ન શ્રમણોને ભણાવવાનું છૂટે.'' ગુરુભગવંત ઓર પ્રસન્ન થઇ ગયા ભાઈની ઉત્તમ ભાવના પર કે કોઈ દિ' મોટું તપ કર્યું ન હોવા છતાં ભાઈના ભાવ આવા ઉત્તમ છે! એક પણ શુભ યોગ ન ચૂકવાની કેવી એમની તમન્ના છે!

એક હીંદી કહેવત એમ કહે છે કે ''सच्ची पुकार है तो बेडा पार है.'' અહીં પણ આવું જ થયું. પ્રાયઃ પહેલી જ વારની ઉપવાસ જેવી તપશ્ચર્યા હોવા છતાં એમણે આ પ્રવચનશ્રમણ અને અધ્યાપનના યોગો સતત પચીશ દિવસ બરાબર જાળવી રાખ્યા! પચીશમા દિવસ બાદ મહોત્સવ શરૂ થયો ત્યારે એ એમાંથી નિવૃત્ત થયા. આ બધી બાબતોમાં તો ભાઈની આંતરિક રુચિ અને સમજ ઊડીને આંખે વળગે એવી અલગ તરી આવતી હતી. પરંતુ એક કિસ્સો આ જ રુચિ અને સમજને સરસ High-light કરે તેવો બન્યો.

બન્યું એવું કે માસક્ષમણ દરમ્યાન આરાધકોના ભાવોની શુદ્ધિ–વૃદ્ધિ થતી રહે તે માટે થોડા થોડા દિવસે વિવિધ પ્રવક્તાઓના સંગીતમય સંવેદનાકાર્યક્રમો યોજાતા હતા. આવા એક કાર્યક્રમ દરમ્યાન ભરચક સભામાં પ્રવક્તાએ તપસ્વીઓની જાગૃતિ કેળવવા એક પ્રશ્ન કર્યો : ''ભલે તમે તપમાં જોડાયા છો, તપમાં કાંઇ ખાવાનું નથી એવી તમારી સમજ પણ સ્પષ્ટ છે; પરંતુ ઘરે ભાવતી વાનગી બનતી હોય ત્યારે

**ખાવાના વિચારો આવી જાય કે નહિ?'' વળતી જ પળે સભામાંથી આ ભાઈએ ઉત્તર આપ્યો : ''બિલકુલ નહિ. અમારા તપમાં ગુરુભગવંતની પ્રેરણા ભલે છે. પરંતુ અમે તપ તો સ્વયંસ્ફૂર્ત ભાવનાથી જ કરીએ છીએ. પરાણે તપ થોડો કરીએ છીએ કે ખાવાના વિચારો આવી જાય? અમને તો રોજ એવા વિચારો આવે છે કે જિંદગીનો આ કેવો Golden period જેમાં ખાવાની ઝંઝટ જ નથી!''** જે સહજતાથી અને ખુમારીથી ભાઈએ ઉત્તર આપ્યો એનાથી સભા મુગ્ધ થઈ ગઈ.

'સમજણ જો સરસ કેળવાઈ હોય તો Well Educated વ્યક્તિઓ પણ ઉત્તમ શ્રદ્ધાથી–ઉત્તમ ભાવથી ધર્મારાધના કરી શકે છે' આ વાત બહુ સ્પષ્ટ રીતે દર્શાવતી આ ઘટના બે મસ્ત સંદેશ પણ આપે છે : (૧) પ્રવચનાદિ કલ્યાણકર યોગોને સમજપૂર્વક આત્મસાત્ કર્યા હશે તો એ ઉપવાસોના તપમાં ય વેઠ ઉતારવા જેવા–કંટાળાજનક નહિ બને, બલ્કે માણવા જેવા બની રહેશે. (૨) લક્ષ્યની માવજત સતત બરાબર કરી હશે તો ઉપવાસ પર ઉપવાસના આવા સુદીર્ઘ તપમાં ય મન ક્ષણિક પણ વિચલિત નહિ થાય. આખર તો ધર્મશાસ્ત્રો પણ બુલંદ ઘોષણાથી એ જ કહે છે ને કે ક્રિયાએ કર્મ ને ઉપયોગે ધર્મ...'' English Teacherનું નામ છે વિરલકુમાર હરેશભાઈ...

✤ ✤ ✤

# 18

ગુજરાતીમાં એક કહેવત પ્રસિદ્ધ છે કે 'મન હોય તો માળવે જવાય.' મતલબ કે મન હોય તો વ્યક્તિ બીજાં કારણોને કોરાણે મૂકી માળવા જેવા દૂર દૂરના પ્રદેશે ય જઈ શકે અને મન ન હોય તો ક્ષુલ્લક કારણોનો હવાલો આપી ઘરની બહાર પણ વ્યક્તિ ન નીકળે. તપ ક્ષેત્રે મન ન હોય તો વ્યક્તિ પ્રેરણા થતાંવેંત કારણોની અલગ અલગ ભરમાર કરવા માંડશે : ન કરવા માટેસ્તો! ગુરુભગવંતોને સાંભળવા મળતાં આવાં કેટલાંક કારણોના 'નમૂના' ય સાંભળવા જેવા છે કે ''સાહેબજી! બે કલાક પણ ભૂખ્યા રહીએ છીએ ને, તો Body Uncomfortable હોવાનું અનુભવે છે...'' ભાઈઓ કહે કે ''અમારે તો ધંધાની જવાબદારી–Office સુધી જવા–આવવાની હાડમારી કેટલી? એમાં ઉપવાસ Impossible બને... તો બહેનો કહે કે ''બાળકોના School-Tutionના સમય સાચવવાથી લઈને ઘરની બધી જવાબદારી અમારે કેટલી સંભાળવાની? માસક્ષમણ એમાં ક્યાંથી થાય?''

આવા આવા બચાવ જેવાં નબળાં કારણો ધરનારના મુકાબલે 'મન હોય તો માળવે જવાય' ઉક્તિ ચરિતાર્થ કરનાર ધર્મક્ષેત્રના આરાધકોનો અભિગમ કેવો પ્રેરણાસ્પદ અને પ્રશંસનીય હોય એની એક ઝલક નિહાળવા મળી વિ.સં. ૨૦૭૩ના મુંબઈ–ઘાટકોપરના સામૂહિક માસક્ષમણમાં.

ગુરુભગવંતના ચાતુર્માસપ્રવેશ પૂર્વેથી જ માસક્ષમણ માહોલનાં મંડાણ થઈ ગયા હોવાથી ત્રીશેક વર્ષના એક બહેને પણ માસક્ષમણમાં જોડાવાનું મન મક્કમપણે બનાવી લીધું હતું. પરંતુ સમસ્યા એમની વાસ્તવિક અને વિકટ હતી. પૂર્વે બે–ત્રણ વાર એમણે માસક્ષમણના પુરુષાર્થ કર્યા હતા. પરંતુ બીજા ઉપવાસની પ્રભાતથી જ પિત્ત એવું ચડે કે 'ત્રાહિ મામ્' પોકારી જવાય. Vomit પર Vomit. આ સ્થિતિમાં સળંગ ત્રીશ ઉપવાસ શે થશે એ વિકરાલ પ્રશ્ન એમને સતાવતો. ગુરુભગવંતનાં

પ્રવચનોની જુસ્સાભરી પ્રેરણાથી એમનો ભાવોલ્લાસ વધ્યો, એમાં જ માસક્ષમણનો પાસ લઈ લીધો અને મનમાં ગાંઠ વાળી કે ''अभी नहि तो कभी नहि.'' જો થશે તો આ માહોલમાં જ થશે, પછી કદી નહિ થાય. એક તરફ માસક્ષમણ કરવાની મજબૂત ગાંઠ, તો બીજી તરફ પિત્તનું શું થશે? એ કોરી ખાતી ચિંતા. બહેન આ બે પડ વચ્ચે પિસાતા હતા. પરંતુ હિંમત હાર્યા વિના એમણે ઉપાયો શોધવા માંડ્યા.

અનુભવીઓને પૂછવાથી અને ગુરુભગવંતો દ્વારા અપાતાં માર્ગદર્શનથી એમને ખ્યાલ આવ્યો કે ખાટા પદાર્થો–ફરસાણો–મીઠાઈ બંધ કરાય તો પિત્તની સંભાવના નહિવત્ થઈ જાય. માસક્ષમણ કરવું જ હતું. એથી એમણે ઠેઠ પંદર દિવસ પૂર્વેથી આ બધી ચીજોનો એકદમ કડક ત્યાગ કરી દીધો. શક્તિ ટકે કે શોખ પૂર્ણ થાય એવી કોઈ બાબત વચ્ચે લાવ્યા વિના એમણે એક જ લક્ષ્ય રાખ્યું કે માસક્ષમણ કરવું છે તો અવરોધક પરિબળો છોડ્યે જ છૂટકો છે. પંદર દિવસની આ પૂર્વ તૈયારી પછી એમને ખુદને Confidence આવી ગયો કે આ વખતે પિત્ત Villan નહિ બને અને તપ થશે જ.

એમણે સમૂહ માસક્ષમણના પ્રથમ જ દિને સીધા અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ લીધા. એના દ્વારા જાણે કે પિત્તને પડકાર ફેંક્યો કે આવતી કાલે તું આવીશ નહિ. મારા દરવાજા બંધ છે! અટ્ઠાઈ સરસ થયા પછી એમની હિંમત ઓર ખૂલી ગઈ અને એમણે અટ્ઠાઈ બાદ સળંગ સોલ ઉપવાસનાં પચ્ચક્ખાણ લીધા! છેલ્લે છ ઉપવાસના પચ્ચક્ખાણ લઈ માત્ર ત્રણ જ પચ્ચક્ખાણમાં માસક્ષમણ પૂર્ણ કરનાર એ તપસ્વીનું નામ છે નેહાબહેન નિર્મલભાઈ દોશી.

આ ઘટનાના બે સરસ સંદેશ છે : (૧) જ્યારે કોઈ ઉમદા લક્ષ્ય સિદ્ધ કરવામાં અવરોધ નડતા હોય તો નાસીપાસ ન થતાં અવરોધનાં કારણો શોધી એને દૂર

કરવાનો મક્કમ પુરુષાર્થ કરવો. તો લક્ષ્યસિદ્ધિ આપણા હાથની વાત બની જશે.
(૨) જેને ઉમદા કાર્ય કરવું જ છે એને એનાં હજાર ઉપાયો મળી જશે ને જેને ઉમદા કાર્ય નથી જ કરવું એને એનાં હજાર બહાનાં મળી જશે. આપણે ઉપાયોમાં રસ રાખવો, બહાનાંઓમાં નહિ...

✤ ✤ ✤

# 19

વ્યસનની કાતિલ–જાલિમ પકડ અંગે સાર્થક વિધાન વાંચ્યું હતું કે ''વ્યસન એક એવી પથારી છે કે જેમાં સૂવું યા ન સૂવું એ માનવીના હાથની વાત છે. પરંતુ એક વાર સૂતા પછી ઊભા થવું એ માનવીના હાથની બિલકુલ વાત નથી.'' ફેફસાં ખવાઈ ગયા હોવા છતાં Cigarette Packet પૂરા કર્યા વિના ન રહી શકે તેવા Chain-Smokerને જોઈએ કે Ulserનું ચાંદુ પડી ગયું હોય છતાં ગુટખાની પકડમાંથી છૂટી ન શકનારાને જોઈએ ત્યારે ઉપરોક્ત વિધાન અક્ષરશઃ સત્ય લાગે. વિ–લક્ષણતા એ છે કે બધા વ્યસનપરસ્તો કાંઈ નિરક્ષર–અભણ નથી હોતા. કેટલા ય વ્યસનીઓ અમે ખુદ જોયા છે કે જેઓ Well Educated–શ્રીમંત–બુદ્ધિશાળી હોય. છતાં એમને વ્યસનના ગુલામ જોઈએ છીએ ત્યારે ચિત્તમાં એમ થાય કે શું તેઓ Cigarette Packet વગેરે પરની કાનૂની ચેતવણીરૂપે લખાયેલ એની શારીરિક નુકસાનકારિતાના શબ્દો નહિ વાંચી શકતા હોય? આવા ભણેલ 'અનપઢ' લોકોને નિહાળતા સંસ્કૃત ભાષાનો શબ્દાર્થ યાદ આવે કે 'વ્યસન એટલે દુઃખ અને સંકટ'. હા, સંસ્કૃતભાષાએ દર્શાવેલ વ્યસન શબ્દના આ બે અલગ અર્થો બિલકુલ Perfect છે. વ્યસન એટલે જ દુઃખ અને વ્યસન એટલે જ સંકટ.

પણ... ભલા, તપ તો વિઘ્નોનો વિદારક અને દુઃખોનો નાશક છે ને? તો એનાથી 'વ્યસન' નામે દુઃખ અને સંકટ અર્થાત્ વિઘ્ન પણ નષ્ટ થઈ જ શકે. આની પ્રતીતિ કરાવતી એક ઘટના બની વિ.સં.૨૦૭૩ના મુંબઈ–ઘાટકોપરના સામૂહિક માસક્ષમણમાં.

માસક્ષમણનો ચોથો દિવસ અને એક તપસ્વી ભાઈ એના મિત્ર સાથે આવ્યા ગુરુભગવંત પાસે. એ અહોભાવથી એકદમ ભાવિત બની ગયા હોય એમ ગુરુભગવંતને એમની વાત પરથી લાગ્યું. એ કહે : ''સાહેબજી! માની લેવું પડે કે તપનો ચમત્કાર જબરજસ્ત છે અને આપનો પ્રભાવ ગજબનાક છે.'' ગુરુભગવંતને લાગ્યું કે ભાઈ વધુ પડતા અહોભાવમાં અને Over Confidence માં લાગે છે. એમને

મર્યાદામાં રાખવા ગુરુભગવંતે કહ્યું : ''ભાગ્યવાન! હજુ આજે તો ચોથો ઉપવાસ શરૂ થાય છે. અત્યારથી આવી વાતો ન શોભે. પહેલા વીશ–બાવીશ ઉપવાસ સુધી પહોંચો. પછી તમે તમારો ઉમળકો આ રીતે વહાવવો હોય તો વહાવજો. બાકી હજુ તો 'પાશેરામાં પહેલી પૂણી' છે.''

પણ... તપસ્વી ભાઈએ તો વાતને અલગ જ વળાંક આપ્યો. એમણે કહ્યું : ''મારી વાત માસક્ષમણના તપ સાથે સંલગ્ન તો છે. પણ થોડી અલગ છે. મને ગુટખાનું પાકું વ્યસન છે. ગુટખાની પડીકી મુખમાં જાય નહિ ત્યાં સુધી મારા કોઠે દીવા પ્રગટે નહિ! મારા પરિવારજનો–મિત્રો આ જાણે છે.''

''હં.'' ગુરુભગવંતે માત્ર હોંકારો ભણ્યો.

ભાઈએ વાત આગળ ચલાવી : ''સાહેબજી! આપ અહીં પધાર્યા અને માસક્ષમણની પ્રેરણાઓ શરૂ કરી એની અસરો મારાં મનમાં થઈ. મને થયું કે હું પણ માસક્ષમણમાં ઝુકાવું. પણ મારી વાત સાંભળી પરિવારજનો ને મિત્રો હાંસી ઉડાવવા માંડ્યા કે ત્રણ ટંક વાપરીને ય તું ગુટખા વિના એક દિવસ રહી શકતો નથી, તો ભૂખ્યા પેટે ઉપવાસમાં ગુટખા વિના ક્યાંથી રહી શકવાનો છે? આવું દુઃસાહસ કરતો નહિ. ક્યાંક પચ્ચક્ખાણ લીધા પછી પહેલા જ દિવસે પચ્ચક્ખાણ તોડવાનો વારો ન આવે.''

''પછી? શું કર્યું તમે?'' ગુરુભગવંતે પૂછ્યું.

''સાહેબજી! વ્યસનની પકડ તીવ્ર હતી, તો તપની ભાવના પણ મારી તીવ્ર હતી. કોઈનો ભાવનાત્મક Support ઉપરોક્ત કારણસર ન હતો. છતાં મેં સાહસ કરવાનું વિચાર્યું કે એક ઉપવાસથી શરૂઆત તો કરવી જ છે. 'લાગ્યું તો તીર, નહિ તો તુક્કો.' અલબત્ત, મનમાં એક દૃઢ નિશ્ચય તો હતો જ કે પહેલે ઉપવાસે પચ્ચક્ખાણ લીધા બાદ ગુટખાની તલપ વધી જાય તો ય પચ્ચક્ખાણ નહિ જ તોડું. ગમે તેમ કરીને એ ઉપવાસ પૂર્ણ જ કરીશ.''

"બરાબર. હવે શી સ્થિતિ છે તમારી? ઉપવાસમાં આગળ વધ્યા કે પછી બીજે દિ' પારણું કર્યું?"

"કહું છું ગુરુદેવ! પણ એ પૂર્વે વ્યસનની મારા પરની પકડની એક વાત કહી દઉં. ઉત્તરપારણાના દિવસે મને એવા વિચારો આવતા હતા કે કાલથી ગુટખા આરોગવા નહિ મળે. માટે આજે ખાસ વાપરી લઉં. શરમ આવે છે, સાહેબજી! આપને કહેતા. પણ ઉત્તરપારણાના દિવસે પણ મેં ગુટખા છોડ્યા નથી. છતાં હું કહું છું કે ચમત્કાર તપનો છે અને પ્રભાવ આપનો છે. એથી જ આજે ચોથો દિવસ આવી જવા છતાં મારા ઉપવાસ બરકરાર રહ્યાં છે. એમાં ગુટખા જરા ય વિક્ષેપ સર્જી શક્યા નથી!"

ગુરુભગવંતને હવે સમજાયું કે ભાઈ આટલો આગોતરો અહોભાવ કેમ દર્શાવી રહ્યા હતા. જે વ્યસનનો પીછો લાખ પ્રયત્ન છતાં છોડાવી શકાયો ન હતો એનો પીછો માસક્ષમણનાં કારણે છૂટી રહ્યો હતો. પછી એમને આનંદ હોય જ ને? ગુરુભગવંતે પ્રસન્નતાથી આશીર્વાદ આપતા કહ્યું કે "આમ તો માસક્ષમણનું તપ કર્મનિર્જરાનું કારણ છે. પરંતુ તમારા માટે એ કર્મનિર્જરાની સાથોસાથ વ્યસનનિર્જરાનું ય કારણ બની રહ્યું છે. જો માસક્ષમણ પરિપૂર્ણ થાય તો આ સુકૃતની સ્મૃતિમાં ગુટખાનો કાયમી ત્યાગ કરી દેજો . જો અત્યારે ગુટખા વિના જીવી શકો છો, તો પારણા બાદ પણ જીવી જ શકશો. માનસિક દઢતા અને સત્ત્વશીલતા જાળવી રાખશો તો અશક્ય કાંઈ નહિ બને."

પુણ્યાત્માએ ગુરુવચન સહર્ષ સ્વીકારી લીધું. એમનું માસક્ષમણ નિર્વિઘ્ન પરિપૂર્ણ થયું. એ પુણ્યાત્માનું નામ છે નીલેશભાઈ વોરા.

આ ઘટનાના સમાપનમાં યાદ કરીએ તપસજ્ઝાયની પેલી પંક્તિ કે :–

"તે શું છે સંસારમાં, તપથી ન હોય જેહ..."

તપથી વિઘ્નો તો ટળે, વિકારો તો ટળે; અરે! વ્યસનો પણ ટળે... પુરાવો છે આ નીલેશભાઈ.

# 20

હવામાં આમથી તેમ ઊડતી માખીને આપણે સહુએ નિહાળી છે. એ ઊડી શકે છે. કેમ કે એની પાસે પાંખ છે. પરંતુ એની ઊડવાની ગતિ અલ્પ છે. ધારો કે એ સીધી લીટીએ આગળ આગળ ઊડતી જાય તો ય એની ગતિ મર્યાદિત જ થાય. હવે ધારો કે એ જ માખી રાજધાની Expressના A.C. Coachમાં છે. ચારે બાજુ કાચ બંધ હોવાથી એ Coachમાં જ આમ–તેમ ઊડવાની છે. ઊડતી દેખાતી એ માખીની હવેની પ્રવાસગતિ એક જ દિવસમાં હજારથી વધુ Kilometerની થઇ જશે. આ કમાલ માખીની નથી, એને પ્રાપ્ત થયેલ રાજધાની Expressના Coachની છે. ખૂબી એ છે કે માખી એમ ધારતી હોય છે હું જાતે ઊડીને આગળ વધી છું!

બસ, રાજધાની Expressનાં A.C. Coachનાં સ્થાને છે પ્રભુકૃપા–ગુરુકૃપા અને માખીનાં સ્થાને છે તપસ્વી આરાધક. માખીની ઊડવાની શક્તિની જેમ તપસ્વીની ખુદની તપશક્તિ ભલે મર્યાદિત હોય. પરંતુ એને પ્રભુકૃપા–ગુરુકૃપાનામે A.C. Coachનું સુરક્ષાકવચ મળી જાય એટલે માખીની ગતિની જેમ એની તપશક્તિ કલ્પનાતીત વધી જાય. ફર્ક માત્ર એટલો છે કે ત્યાં માખી ખુદ માને છે કે આ ગતિ હું કરી રહી છું, જ્યારે અહીં લોકો એમ માને છે કે તપસ્વી તપ કરી રહ્યા છે.

પ્રભુકૃપા–ગુરુકૃપાના પ્રભાવે સામાન્ય ધારણાથી વિશેષ તપ કરનાર પુણ્યાત્મા તપક્ષેત્રે ઉપરાઉપરી પરાક્રમ કેવા કરે અને છતાં એનું વિચારજગત કેવું વિનમ્ર–વંદનીય હોય એનું એક પ્રેરક ઉદાહરણ નિહાળવા મળે છે વિ.સં.૨૦૭૩ના મુંબઇ–ઘાટકોપરના સામૂહિક માસક્ષમણમાં.

ત્યાં સામૂહિક માસક્ષમણની સૂરીલી શહનાઇ બજી. એમાં સેંકડો આરાધકો પાસ લઇને તપમાં ઝુકાવવા થનગની રહ્યા. પ્રારંભના પૂર્વદિને એક આરાધક બહેન ગુરુભગવંત પાસે આવીને કહે : ‘‘સાહેબજી! વાસક્ષેપ સરસ કરજો. મારી માસક્ષમણની નૈયા પાર ઊતરી જાય.’’

ગુરુભગવંતે હળવા મૂડમાં ઉત્તર આપ્યો : ''અમે 'નિત્થારગ પારગા હોહ'ની ભાવના સાથે સહુને સરસ જ વાસક્ષેપ કરીએ છીએ. તમે માસક્ષમણની નૈયા પાર ઉતારવાનો વાસક્ષેપ કહો છો. પરંતુ અમારા પ્રભુ તો એથી ય આગળ સહુ સંસારપાર ઊતરે એવો વાસક્ષેપ કરવાનું અમને કહે છે.''

બહેન હવે ગંભીરતાથી બોલ્યા : ''સાહેબજી! ગુરુભગવંતો સરસ જ વાસક્ષેપ કરે. પરંતુ મારે ઉપરાઉપરી તપમાં તપ છે. એથી જરા અજંપાવશ બોલાઇ ગયું કે સરસ વાસક્ષેપ કરજો.''

ગુરુભગવંતે પૂછ્યું : ''ઉપરાઉપરી તપ એટલે?'' ઉત્તરમાં બહેને જે વિગત દર્શાવી એ મસ્તક ઝુકાવી દે તેવી હતી. સૌથી પહેલા એમણે સળંગ બે વર્ષીતપ કર્યા હતા, એના પર અંતર રાખ્યા વિના પાંચસો આયંબિલ કર્યા હતા; એ પછી તુર્ત ત્રીજો વર્ષીતપ શરૂ કર્યો હતો અને હવે એ ત્રીજા વર્ષીતપ વચ્ચે માસક્ષમણ કરવા સજ્જ થયા હતા! તેઓ વયસ્ક હતા, પતિને Heart Blockage હતું, ઘરની મોટા ભાગની જવાબદારી એમનાં શિરે હતી અને છતાં એ માસક્ષમણ કરવા સજ્જ હતા.

ગુરુભગવંતે પૂછ્યું : ''ઉપરાઉપરી મોટા તપ છે અને ઘરની–વયની સમસ્યા વિષમ છે. છતાં તમે આવો ઉત્તમ ભાવ અને પુરુષાર્થ ધરાવો છો. ધન્યવાદ છે તમને!''

''ના, ના, સાહેબજી! હું ક્યાં કાંઇ કરું જ છું? વર્ષીતપો હોય – પાંચસો આયંબિલ હોય કે માસક્ષમણ હોય : એ કરાવનાર પરિબળ તો દેવ–ગુરુકૃપા જ છે. હું કરું છું એમ માનીશ તો કાંઇ નહિ થાય. દેવ–ગુરુકૃપા કરે છે એમ માનીશ તો બધું થશે.'' બહેનના શબ્દોમાં શુદ્ધ શ્રદ્ધા રણકતી હતી.

બહેને એ જ રણકતી શ્રદ્ધાથી માસક્ષમણતપ શરૂ કર્યું : કોઇ જ ડર વિના અને

કોઈ જ શંકા વિના. એની પ્રતીતિ હતી એમનાં પ્રથમ પચ્ચક્ખાણમાં. પહેલે દિવસે એમણે સળંગ સોળ ઉપવાસનાં પચ્ચકખાણ કર્યા! અને એ પછી બીજા પચ્ચક્ખાણમાં એમણે કર્યા સળંગ ચૌદ ઉપવાસ.

Climax તો એ છે કે એમના માસક્ષમણ પ્રારંભે, Heart Blockageની સમસ્યા ધરાવતા પતિએ પણ માસક્ષમણનો ભાવ દર્શાવતા બહેને એમને પણ તપમાં સાથે લીધા : ઘરની જવાબદારી પોતાનાં જ શિરે હોવા છતાં. અને... કેવલ પ્રભુકૃપા–ગુરુકૃપાના સથવારે બન્નએ બા–અદબ માસક્ષમણ પૂર્ણ કર્યા. એમનાં નામ છે પલ્લવીબહેન અને હર્ષદભાઈ.

એટલી જ પ્રેરણા કરીશું કે પ્રભુકૃપા–ગુરુકૃપાના A.C. Coachમાં સ્થાન લઈ લો. અશક્ય તપસ્યાઓ પણ શક્ય બની જશે...

✤ ✤ ✤

# 21

ધારો કે એક વ્યક્તિએ વ્યવસાયનાં ક્ષેત્રે શૂન્યમાંથી સર્જન કરીને ક્રોડો રૂ.ની કમાણી કરી હોય તો સ્થૂલ દૃષ્ટિથી વિચારનાર એમ કહેશે કે એની હોંશિયારી–આવડત–સાહસિકતાનાં કારણે એ ક્રોડાધિપતિ બન્યો. પરંતુ જે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારનાર હશે એ એમ કહેશે કે એની વ્યાવસાયિક સફલતામાં મુખ્ય કારણ એનું પુણ્ય છે. પુણ્ય ઝળહળતું હતું માટે જ એના બધા ગણિત–બધી ધારણાઓ Success થઈ. આવડત–સાહસ તો એનાથી ય ચડે તેવા અન્યોમાં હોઈ શકે છે. છતાં એ સફલ ન થયા અને આ વ્યક્તિ સફલ થઈ એમાં તફાવત પુણ્યનો જ છે. અરે! એની એ જ વ્યક્તિ એક સમયે સફલ થયા પછી બીજી વારમાં નિષ્ફલ જઈ ક્રોડો રૂ. ગુમાવે પણ છે. હોંશિયારી–સાહસ બધું તો એનું એ જ હતું. છતાં આમ કેમ થયું? જવાબ છે પુણ્ય. જે ધર્મક્ષેત્રથી સંલગ્ન નથી એ વ્યક્તિ એને નસીબ કહેશે. પણ એ નસીબ પણ આખર તો પુણ્યરૂપે જ છે.

બસ, આ જ રીતે તપક્ષેત્રે કોઈ Success થશે તો સ્થૂલ દૃષ્ટિ ધરાવનાર કહેશે કે એનું Body મુખ્ય કારણ છે, Bodyની Capacity સરસ છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિ ધરાવનાર કહેશે કે એમાં એની શ્રદ્ધા અને દેવ–ગુરુકૃપા મુખ્ય કારણ છે. **જેટલી દેવ–ગુરુ પર શ્રદ્ધા મજબૂત એટલી દેવ–ગુરુકૃપા મજબૂત અને કૃપા જેટલી મજબૂત એટલી તપક્ષેત્રે સફલ થવાની શક્યતા મજબૂત. સાચું ગણિત આ જ છે.** ભૌતિક ક્ષેત્રે હોંશિયારી–આવડત વગેરે જેમ ગૌણ કારણ છે, તેમ ધર્મક્ષેત્રે શરીરશક્તિ વગેરે ગૌણ કારણ છે. અમે તો ત્યાં સુધી કહીએ છીએ ગૌણ કારણોના ક્રમમાં પણ શરીરશક્તિ પછી છે, ગૌણ કારણોમાં પ્રથમ છે દૃઢ ઈચ્છાશક્તિ–સત્ત્વશીલતા.

મુખ્ય કારણરૂપે શ્રદ્ધા–કૃપાશક્તિ મજબૂત હોય અને ગૌણ કારણરૂપે દૃઢ ઈચ્છાશક્તિ–સત્ત્વશીલતા હોય તો પરિણામ કેવું રોમહર્ષ આવે તે નિહાળીએ વિ.સં.૨૦૭૩ના માટુંગાસંઘમાં આયોજિત સામૂહિક માસક્ષમણના આ પ્રસંગમાં.

માસક્ષમણપ્રારંભના પૂર્વ દિવસોમાં ગુરુભગવંત સમક્ષ આવીને એક આરાધક ભાઈએ કહ્યું : ''સાહેબજી! માસક્ષમણનો માહોલ એટલો સરસ જામ્યો છે કે 'મારે પણ એમાં જોડાવું જ' એવો ભાવ નહિ, પણ નિશ્ચય થઈ ગયો છે.''

'ભાવ છે' આવું બોલનાર આરાધકો તો રોજે રોજ આવતા હતા. પરંતુ 'નિશ્ચય થઇ ગયો છે' આવું બોલનાર આ ભાઇ પહેલા હતા. એથી ગુરુભગવંતને એમની દૃઢ ઈચ્છાશક્તિ–સત્ત્વશીલતા પર માન પ્રગટ્યું. છતાં એ ઉત્સાહી ભાઇને તપનો અનુભવ છે કે નહિ તે ચકાસવા ગુરુભગવંતે પછ્યું : ''અગાઉ કોઇ તપસ્યા કરી છે ખરી?''

''હા જી. અત્યારે મારે તેરમો વર્ષીતપ ચાલે છે!'' ભાઈએ ઉત્તર આપ્યો.

ગુરુભગવંતના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ તો નવા–સવા નહિ, Master Batsman લાગે છે. તો જ આટલી હિંમત કરે ને? હજુ તેઓ આ વિચારમાં હતા ત્યાં ભાઈએ આગળ કહ્યું : ''સાહેબજી! હમણા કોઈને વાત ન કરતા. પરંતુ મારાં મનમાં તો પીસ્તાલીશ ઉપવાસની જ ભાવના રમે છે!'' આશ્ચર્ય પર આ નવા આશ્ચર્યથી ગુરુભગવંત હર્ષવિભોર થઇ ગયા. એમણે દિલથી તપસ્વીના ભાવ પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા. કિશોરભાઇ ગોગરી નામે એ આરાધકે પૂર્ણ સત્ત્વથી તેરમા વર્ષીતપ પર પીસ્તાલીશ ઉપવાસ સંપન્ન કર્યા.

પ્રાર્થના કરીએ કે આવી સત્ત્વશીલતા આપણને પણ મળે...

✤ ✤ ✤

# 22

પ્રભુશાસને આત્માનું સ્વરૂપ અનંતજ્ઞાનમય–અનંતદર્શનમય–અનંતચારિત્રમય–અનંતવીર્યમય ઈત્યાદિ દર્શાવ્યું છે. મતલબ કે આત્માની જ્ઞાનાદિ ચાર શક્તિઓ અનંત છે. આત્મા જ્યારે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કરે ત્યારે એનામાં આ શક્તિઓ સંપૂર્ણ પ્રગટે છે અને જ્યાં સુધી આત્મા ઘાતી કર્મોનો ક્ષય ન કરે ત્યાં સુધી એ શક્તિઓ તે તે કર્મોનો ક્ષયોપશમ અનુસાર અલ્પાધિકપણે પ્રગટે.

ઉદાહરણ લઈએ આપણે જ્ઞાનનું. એક વ્યક્તિને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય પ્રગાઢ હોય તો સવારથી સાંજ એકાગ્રતાથી ભણ્યા કરે છતાં અર્ધી ગાથા ય કંઠસ્થ એ ન કરી શકે અને બીજી વ્યક્તિને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જોરદાર હોય તો એક દિવસમાં સો–સો ગાથા કંઠસ્થ કરે. આપણે આશ્ચર્યસ્તબ્ધ ત્યારે થઈ જઈએ કે જ્યારે એક જ વ્યક્તિમાં હજુ હમણા સુધી તીવ્ર જ્ઞાનાવરણીયના ઉદયવશ સાવ જડભરતતા–બુદ્ધિહીનતા અનુભવાતી હોય અને સાવ થોડા સમયમાં એ જ વ્યક્તિમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ એવો જબરજસ્ત તીવ્ર સર્જાય કે એ દુનિયા સમક્ષ જાણે પ્રાજ્ઞશિરોમણિ–બુધાવતંસરૂપે પ્રસ્તુત થાય! જ્ઞાનનાં ક્ષેત્રે એક જ વ્યક્તિમાં આવું જબરજસ્ત પરિવર્તન જલ્દી નિહાળવા મળે યા ન મળે. પરંતુ તપનાં ક્ષેત્રે એક જ વ્યક્તિમાં આવું આસમાન–અવનિ જેવું જબરજસ્ત પરિવર્તન નિહાળવા મળ્યું વિ.સં.૨૦૭૪માં મુંબઈ–શાંતાક્રુઝ સંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણ દરમ્યાન.

શાંતાક્રુઝ એટલે મુંબઈનો Posh વિસ્તાર. ત્યાંની Locality સુખશીલતા ધરાવનારી. એથી ત્યાં માસક્ષમણની વાત રજૂ કરવી એ આમ પણ કઠિન વાત. પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.એ ત્યારે પ્રેરણાદાતા ગુરુભગવંતને પત્રમાં લખ્યું હતું કે “ઉદારતામાં સાગરનું પ્રતિનિધિત્વ ધરાવતો શાંતાક્રુઝનો શ્રીસંઘ તપશ્ચર્યાક્ષેત્રે નાનકડા તળાવનું પ્રતિનિધિત્વ ધરાવે છે આવી અનેકોની માન્યતાને તમે જાણે કે પડકારી રહ્યા છો. શાંતાક્રુઝમાં મૃત્યુંજયતપની મંઝિલ સર કરવા તમે જે રણશિંગુ

ફૂંક્યું એનો અવાજ ઠેઠ અહીં–M.P. ના મડનગર સુધી સંભળાય છે.''

આ રીતે, જે સંઘમાં માસક્ષમણની ભાવના ટેવાયેલ આરાધક માટે પણ મુશ્કેલ હોય એ સંઘમાં એક એવા પુણ્યાત્માએ કમાલ કરી કે જે તપક્ષેત્રે તદ્દન બિનઅનુભવી હતા, જરા ય ટેવાયેલા ન હતા. એ ભાઈએ છેલ્લા આઠ વર્ષોમાં એક પણ ઉપવાસ કર્યો ન હતો. છેલ્લા આઠ વર્ષોમાં એમનું મોટામાં મોટું વાર્ષિક પચ્ચક્ખાણ સંવત્સરીમહાપર્વદિનનું હતું અને એ હતું બિયાસણાનું પચ્ચક્ખાણ! સંવત્સરી જેવા મહાપર્વદિને પણ જે બિયાસણાથી આગળ ન વધી શકે એમની તપક્ષેત્રે કંગાલિયત કેવી હોય એ સમજી શકાય તેવી વાત છે.

શાંતાક્રુઝમાં માસક્ષમણનું વાતાવરણ જામી રહ્યું હતું ત્યારે એ ભાઈના શ્રાવિકાએ ઘરમાં માસક્ષમણની વાત માંડી કે ''આ ચાતુર્માસમાં શાંતાક્રુઝમાં ઘરે ઘરે માસક્ષમણની ચર્ચા છે. આપણું ઘર એમાં બાકાત ન રહેવું જોઈએ.'' ભાઈએ કહ્યું : ''મને પણ મનમાં બહુ બધા વિચારો આવે છે. એવું થાય છે કે સમૂહ પચ્ચક્ખાણદિને એક ઉપવાસનું પચ્ચક્ખાણ હું પણ કરું.'' શ્રાવિકા મજાક ઉડાવતા હોય એમ હસી પડતા બોલ્યા : ''અરે! તમારો આમાં કોઈ Class જ નથી. સંવત્સરીમહાપર્વે બિયાસણાથી આગળ વધી શકતા નથી, તો આ મહાસાગર જેવા તપમાં તમારી ચાંચ ક્યાં ડૂબવાની છે? તમે એક ઉપવાસ પણ કરી શકવાના નથી. તમારાં ખ્વાબ ફક્ત શેખચલ્લીનાં સ્વપ્નાં છે. હું આપણા ઘરની વાત કરું છું એ તમારા માટે નહિ, મારા માટે છે. મારે માસક્ષમણ શરૂ કરવાની ભાવના છે.''

ભાઈએ તો ય વિચલિત થયા વિના–નિરાશ થયા વિના કહ્યું : ''જિંદગીમાં પહેલી વાર આટલા મોટા તપનો ઉમળકો મનમાં જાગી રહ્યો છે તો મારે પ્રયત્ન તો કરવો જ છે. ભલે હું એક ઉપવાસથી જ શરૂ કરું, ભલે બીજે દિ' પારણું કરું, પરંતુ મારે પગલું તો ભરવું જ છે.'' શ્રાવિકાને હતું કે આ ફક્ત હવાઈ તરંગ છે. એમનાથી થવાનું નથી અને આ ચક્કરમાં મારું માસક્ષમણ અટકી જશે. આખરે હા–ના હા–ના કરતાં એવું

નક્કી થયું કે બન્નેએ સાથે પ્રારંભ કરવો. શ્રાવક એક ઉપવાસનું પચ્ચક્ખાણ લે અને શ્રાવિકા ત્રણ ઉપવાસનું. શ્રાવક અટકી જાય એટલે શ્રાવિકાએ આગળ વધવાનું. જો કે, શ્રાવિકાને ગળા સુધી ખાતરી હતી કે 'આ પહેલા ઉપવાસે અવશ્ય લથડી જ જશે અને મને એ રાતનો ઉજાગરો કરાવશે.'

સમૂહ પચ્ચક્ખાણના પ્રારંભે છસો Plus ભાવિકોને અટ્ઠમ+માસક્ષમણની પચ્ચક્ખાણવિધિમાં સામેલ જોઇને ભાઇનો ઉમળકો બેકાબૂ બની ગયો. બિયાસણા માટે ય સંવત્સરીએ માંડ તૈયાર થતાં એમને થયું કે અટ્ઠમનાં પચ્ચક્ખાણ લઈ જ લેવા છે. જે થવું હોય તે થાય. શ્રાવિકા દૂરથી ઈશારા દ્વારા ના કહેતા રહ્યા અને ભાઈએ સત્ત્વશીલતા દાખવી અટ્ઠમના પચ્ચક્ખાણ લઈ લીધા. હવે ઘરમાં બન્નેને અટ્ઠમ હતા. પહેલો... બીજો... અને ત્રીજો ઉપવાસ પણ ભાઈએ સુખપૂર્વક પસાર કરી દીધો! ઘરમાં સહુને આશ્ચર્ય હતું કે આ ચમત્કાર સર્જાયો શી રીતે? કારણ જે હોય તે, પરંતુ ચમત્કાર સર્જાયો એ હકીકત હતી. ભાઈની નિશ્ચયાત્મકતા હવે ખૂબ વધી ગઈ. ઘરની અન્ય જવાબદારીવશ માસક્ષમણ બેમાંથી એકનું જ થાય એમ હતું. એથી શ્રાવિકાએ પારણું કરવું અને ભાઈએ આગળ વધવું એમ ત્રીજા ઉપવાસની સાંજે નક્કી થયું.

આ અદ્ભુત ઘટનાનો Extra Ordinary વિભાગ હવે આવે છે. ચોથા ઉપવાસની પ્રભાતે આયોજિત સંગીતમય સંવેદનાકાર્યક્રમ માટે ગુરુભગવંત નીચેના પ્રવચન Hallમાં પધારે તેની પાંચ Minute પૂર્વે ભાઈ શ્રાવિકા સાથે ઉપર આવ્યા. વંદન કરીને પોતાની આ સમગ્ર કથા સંક્ષેપમાં કહી ઉમેર્યું : "નીચે જાહેરમાં પચ્ચક્ખાણ લેવા આવીશ તો હું સહુની નજરમાં આવી જઇશ. મને અહીં જ પચ્ચક્ખાણ આપો." તપક્ષેત્રના એમનાં આ શૌર્યથી (હા, સત્ત્વ જ નહિ. એથી આગળ આ શૌર્ય હતું.) પ્રભાવિત ગુરુભગવંતે પૂછ્યું : "કેટલા ઉપવાસનું પચ્ચક્ખાણ આપું? એક કે ત્રણ?" એમણે મક્કમભાવે કહ્યું : "સાહેબજી! અગિયાર ઉપવાસનું પચ્ચક્ખાણ આપો!" આશ્ચર્યસ્તબ્ધ થઇ જતાં ગુરુભગવંતે

કહ્યું : ''આ બહુ મોટી હરણફાળ નથી લાગતી? થોડું વિચારીને આગળ વધીએ તો?'' ભાઈએ આછું સ્મિત વેરતા કહ્યું : ''મારા માટે તો અટ્ઠમ પણ હરણફાળ જ હતી. જેણે અટ્ઠમ કરાવ્યો એ જ અગિયાર ઉપવાસ કરાવશે. હવે કાંઈ નબળું વિચારવું નથી. ચમત્કાર થાય જ છે તો પૂરો થઈ જવા દો.'' એમનાં સ્મિતમાં શ્રદ્ધા છલકાતી હતી કે દેવ-ગુરુની કૃપા જ બધું પાર ઉતારશે. ગુરુભગવંતે ભરપૂર આશીર્વાદ સાથે અગિયાર ઉપવાસનાં પચ્ચક્ખાણ આપ્યા.

ચાર... પાંચ... આઠ... નવ... ઉપવાસનો અખંડ અંક આગળ વધતો ગયો અને તપસ્વીએ જોતજોતામાં ચૌદ ઉપવાસ પૂર્ણ કર્યા. પંદરમા ઉપવાસની પ્રભાતે તેઓ પુનઃ ઉપાશ્રયના ઉપરના Hallમાં ગુરુભગવંત પાસે આવ્યા. વંદન કરીને કહે : ''સાહેબજી! હવે એક સાથે સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણ આપો. જીવનમાં આ શાસનનું સૌથી મોટું પચ્ચક્ખાણ પણ ભલે હવે થઈ જાય.'' ચમત્કાર તો નજર સમક્ષ જ હતો. એથી હવે સાવચેતીભરી વિચારણાનો અવકાશ ન હતો. એમને સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણ અપાયા. પચ્ચક્ખાણ બાદ એ જઈ રહ્યા હતા ત્યારે એમની પીઠ જોઈ ગુરુભગવંત ગદ્ગદ્ભાવે વિચારતા હતા કે ''ગજબની કમાલ છે પ્રભુશાસનની. જે વ્યક્તિ ચૌદ દિવસ પૂર્વે એક ઉપવાસ પણ નહિ કરી શકે એમ મનાતું હતું એ આજે Full Confidence થી ચૌદ ચૌદ ઉપવાસની ઉપર એક સાથે સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણ લઈ રહી છે.''

એ પુણ્યાત્માએ નિરાબાધ માસક્ષમણ પૂર્ણ કર્યું. એમનાં માસક્ષમણની એક વિશેષતા એ હતી કે એમણે ત્રીશે ત્રીશ ઉપવાસ દરમ્યાન નિત્ય અખંડ પ્રવચનશ્રવણ કર્યું! ન કંટાળો, ન આરામ. એમાં પણ સૂક્ષ્મ વિશેષતા એ હતી કે પંદર ઉપવાસ બાદ તપસ્વીઓ માટે સંઘે ગાદી-તકિયા-સોફા જેવી અલગ બેઠક વ્યવસ્થા પ્રવચનમાં જે કરી હતી તેનો એમણે એક પણ દિવસ ઉપયોગ નથી કર્યો. ત્રીશે ય દિવસ ગુરુભગવંતની બિલકુલ સન્મુખ જાજમ પર વિરાજીને જ

એમણે પ્રવચનોનું શ્રવણ કર્યું! ત્યારે ચાલીશ–બેંતાલીશ વર્ષની વયના એ પુણ્યાત્માનું નામ છે શ્રી રાકેશભાઇ મફતલાલ મહેતા.

માસક્ષમણોની પ્રેરણાસમયે ગુરુભગવંતો દ્વારા સૌથી વધુ વાર કહેવાતી આ હૃદયસ્પર્શી ઘટના બે મહત્ત્વના સંદેશ આપે છે : (૧) જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જેમ કલ્પનાતીત હદે વૃદ્ધિ પામી શકે છે, તેમ તપનો અંતરાય પણ કલ્પનાતીત હદે વિનષ્ટ થઇ શકે છે. રાકેશભાઈની જેમ આપણા અંતરાય પણ કમાલ હદે તૂટી શકે છે. માટે 'મારાથી આ તપ નહિ થાય' આવી ગાંઠ મનમાં વાળીને કદી ન બેસવું (૨) આરાધકમાત્રનું કાર્ય દેવ–ગુરુનાં સામર્થ્ય પર અડગ શ્રદ્ધા રાખી પુરુષાર્થ કરવાનું છે. એને લાયક પરિણામ દેવ–ગુરુકૃપા અવશ્ય આપશે...

✤ ✤ ✤

# 23

‘‘સાહેબજી! અમારા શાંતાક્રુઝ સંઘમાં ચાતુર્માસ પધારો ને? મુંબઈનો માતબર સંઘ છે અને મજાનો સંઘ છે.’’ ગુરુભગવંત પાસે આવેલ ભાઈએ વંદન કરીને કહ્યું.

‘‘વર્તમાન જોગ. અવસરે વિચારીશું.’’ ગુરુભગવંતે ઉત્તર આપ્યો.

‘‘સાહેબજી! હું માત્ર ઔપચારિક વાત નથી કરતો. હું પોતે સંઘમાં Trustee છું. આપ કહો–થોડી તૈયારી દર્શાવો તો Trust મંડળને લઈને આવું.’’

‘‘ના, ના. હાલમાં એ કાંઈ કરવાની જરૂર નથી. અમારું આગામી ચાતુર્માસ નક્કી થઈ ગયું છે.’’

‘‘મારી ખાસ ભાવના છે કે તો એ પછીનાં વર્ષે ય અમારા સંઘમાં ચાતુર્માસ કરવાનું વિચારો.’’

ગુરુભગવંતને થોડું આશ્ચર્ય થયું. કેમ કે તેઓ શાંતાક્રુઝ સંઘમાં બહુ જૂજ એટલે કે એક–બે વાર એકેક દિવસ જ પધાર્યા હતા. એમાં ય આ ભાઈસહિત કોઈ Trusteeનો એમને જરા ય પરિચય ન હતો. એથી પૂછ્યું : ‘‘તમને કેમ અમારા ચાતુર્માસની ભાવના છે?’’

પેલા Trusteeએ સ્પષ્ટતા કરી : ‘‘સાહેબજી! મુખ્ય કારણ કહું તો એક જ છે અને એ છે માસક્ષમણ. તમે જે રીતે આ ચાતુર્માસમાં ગોરેગામમાં માસક્ષમણ કરાવ્યા એ રીતે અમારે ત્યાં કરાવો. બાકી અમારો વિસ્તાર એવો સુખશીલ છે કે ત્યાં જલ્દી માસક્ષમણ થાય નહિ. તમે કરાવો તો મારા જેવાને ઢળતી ઉંમરે કદાચ માસક્ષમણ થઈ જાય તો થઈ જાય.’’

ગુરુભગવંતને આનંદ એ થયો કે Trustee-Levelની વ્યક્તિને માસક્ષમણની ભાવના છે. એમણે હળવા અંદાજમાં કહ્યું : ‘‘ક્ષેત્રસ્પર્શના હશે તો તમારા સંઘમાં ય ચાતુર્માસનું વિચારાશે. પણ પહેલ તમે કરી છે તો તમારે માસક્ષમણમાં ખાસ

જોડાવાનું રહેશે. તમે ત્યારે Trustee હો કે ન હો, અન્યો આ તપમાં જોડાય કે ઓછા–વધતા જોડાય, પણ તમે ભાવ બરાબર જાળવી રાખજો. વય ભલે મોટી છે. પરંતુ તમારે પુરુષાર્થ કરવાનો. પરિણામ પ્રભુકૃપા આપશે.''

યોગાનુયોગ આ વાર્તાલાપનું એક ચાતુર્માસ છોડીને વિ.સં.૨૦૭૪નું ચાતુર્માસ ગુરુભગવંતનું શાંતાક્રુઝ સંઘમાં થયું. (૧) પ્રમોદભાઇ નામે એ પુણ્યાત્માનું વય ત્યારે લગભગ છોંતેર વર્ષનું હતું. (૨) એમનું ઘર જિનાલય–ઉપાશ્રય સંકુલથી દૂર હતું અને (૩) ઘરમાં શ્રાવક–શ્રાવિકા બે જ વ્યક્તિ હતા. આ ત્રણે ય પરિબળો માસક્ષમણ જેવી તપશ્ચર્યા માટે પ્રતિકૂળ હતા. એથી ગુરુભગવંતે જાણી–બુઝીને એમને વ્યક્તિગત પ્રેરણા કરવાનું ટાળ્યું.

પરંતુ પ્રમોદભાઇ, પૂર્વે જે ભાવના દર્શાવી હતી તે જ ભાવનામાં રમતા હતા. આવીને એમણે ગુરુભગવંતને કહ્યું :''આ ત્રણે ય વિપરીત પરિબળોનો ખ્યાલ આપને ભલે ન હતો, મને તો ત્યારે ય હતો જ. હા, બે વર્ષનો સમય ગયો. એમાં વયનું પરિબળ શિથિલતા લાવનારું બન્યું છે. પરંતુ આ ત્રણે ય પરિબળો કરતાં ચડિયાતાં પરિબળો ત્રણ મારી પાસે છે જ : પ્રભુકૃપાનું બળ, ગુરુકૃપાનું બળ અને મારી અદમ્ય ઇચ્છાશક્તિનું બળ. હવે માસક્ષમણની વાત Final Stage પર આવી. એટલે અમે બન્નેએ ઘરે ચર્ચાઓ કરી. અંતે એવું નક્કી કર્યું કે અમે બન્ને સાથે માસક્ષમણ કરીશું. શ્રાવિકાની શારીરિક ક્ષમતા મારાથી વધુ શિથિલ છે. પરંતુ હવે કોઇ ચિંતા કરવી નથી. બધું ભગવાન પર અને આપના પર રાખી દીધું છે.''

ગુરુભગવંતને ખૂબ અનુમોદના થઇ વયસ્ક દંપતીની આ નિષ્ઠા પર.

સામૂહિક માસક્ષમણનો પ્રારંભ થયો અને ચોથો ઉપવાસ આવ્યો. પ્રમોદભાઇના શ્રાવિકા લીલાબહેનને શારીરિક મુશ્કેલી આવી ગઇ અને એ વિચારમાં પણ શિથિલ

થઈ ગયા. પ્રમોદભાઈએ મનને ખૂબ સ્વસ્થ–ધીરતામય રાખી શ્રાવિકાને માનસિક રીતે દઢ–મજબૂત કર્યા અને માસક્ષમણમાં આગેકદમ કર્યા. ઉપવાસ પર ઉપવાસ થતા ગયા અને આવ્યો સત્તરમા ઉપવાસનો દિવસ.

એ દિવસે તપસ્વીઓ માટે અનુષ્ઠાનરૂપે જિનાલયમાં શક્રસ્તવાભિષેક યોજાયો હતો. સંગીતમય અનુષ્ઠાનના અંતે પચ્ચક્ખાણ અપાયું. દંપતીએ ઘરેથી જે પચ્ચક્ખાણની ધારણા કરી હતી તે અટ્ઠમના પચ્ચક્ખાણ લીધા. સહુ તપસ્વીઓ જિનાલયથી બહાર નીકળી રહ્યા હતા. એમાં પ્રમોદભાઈને ભાવોલ્લાસનો ઉછાળો આવ્યો. એ ગુરુભગવંતને કહે : ''સાહેબજી! મને ફરી પચ્ચક્ખાણ આપો. એક સાથે ચૌદ ઉપવાસના જ પચ્ચક્ખાણ કરવા છે. એટલે હવે કોઈ વિકલ્પ જ ન આવી શકે.''

એમને પચ્ચક્ખાણ આપી ગુરુભગવંત બહાર પધાર્યા ત્યાં બહારના પરિસરમાં લીલાબહેન મળ્યા. એમણે કોઈએ અધૂરા સમાચાર આપ્યા હતા કે પ્રમોદભાઈએ ફરી વાર પચ્ચક્ખાણ કર્યું છે. એ બોલ્યા : ''શ્રાવકને કયા પચ્ચક્ખાર આપ્યા?'' ''ચૌદ ઉપવાસના.'' બહેનની આંખમાં આંસુ આવી ગયા. એમણે ગુરુભગવંતને કહ્યું : ''સાહેબજી! ફરી મંદિરમાં પધારશો? મારે પણ એમની જેમ જ ચૌદનાં પચ્ચક્ખાણ દાદા સમક્ષ લેવા છે.'' બહેનની ભાવના પૂર્ણ કરાઈ. બન્નેએ શાનથી–શાંતિથી માસક્ષમણ પૂર્ણ કર્યું.

સાંસારિક રસ–રુચિના વિષયોમાં સાયુજ્ય ધરાવનારા દંપતી લાખો છે, તમામ પ્રતિકૂળ પરિબળો વચ્ચે તપક્ષેત્રે આવું સરસ સાયુજ્ય ધરાવનાર દંપતી વિરલ છે. 'ધર્મપત્ની' શબ્દપ્રયોગનું અનુકરણ કરીને કહીશું આમને 'ધર્મદંપતી'?

✤ ✤ ✤

# 24

Cricketની રમતમાં એવું નિહાળાય છે કે જે Batsman હોય એ Run જ ફટકારે, જે Baller છે તે Wicket લે, Filding સહુ માટે Common હોય. પરંતુ All Rounder એને કહેવાય કે જે ઉપરના ત્રણે ય વિભાગમાં Expert હોય.

આવી જ વાત ધર્મક્ષેત્રે પણ વિચારી શકાય કે જે શ્રીમંતો–દાનવીરો હોય એ દાન આપવામાં નિષ્ણાત હોય, જે તપસ્વી હોય એ તપ કરવામાં નિષ્ણાત હોય, જે સેવાભાવી હોય તે સંઘકાર્યો–વૈયાવચ્ચ વગેરેમાં નિષ્ણાત હોય. જે આ ત્રણે ય માં નિષ્ણાત હોય તેને કહેવાય ધર્મક્ષેત્રે All Rounder.

કબૂલ કે All Rounder ઓછા હોય. પરંતુ Cricketના ક્ષેત્રે જેમ એ અલ્પ પ્રમાણમાં મળી શકે છે, તેમ ધર્મક્ષેત્રે ય મળી શકે છે. એટલે ખરું આશ્ચર્ય All Rounder હોવામાં નથી. ખરું આશ્ચર્ય એમાં છે કે જે રમતવીરનો Batting વિષય જ ન હોય એ Runની બોછાર વરસાવી દે અને જેનો વિષય Balling ન હોય એ Record રૂપ Wickets ઝડપી લે.

બસ, આવી ઘટના જ્યારે ધર્મક્ષેત્રે બને કે જે આરાધના એનો વિષય જ ન હોય તેમાં વ્યક્તિ Record રૂપ નેત્રદીપક સુકૃત કરે ત્યારે એ આશ્ચર્યરૂપ બને. ધર્મક્ષેત્રની All Rounder વ્યક્તિ કરતાં ય આવી વ્યક્તિનું ઉદાહરણ વધુ આશ્ચર્યરૂપ–વધુ પ્રેરણારૂપ બની રહે. વિ.સં.૨૦૭૪ના શાંતાક્રુઝસંઘના સામૂહિક માસક્ષમણમાં આવી ઘટના બની કે જે વિશેષ આશ્ચર્યરૂપ હોય.

સંઘના જિનાલય–ઉપાશ્રયની એકદમ નિકટના Apartmentમાં એક પરિવાર રહે. નિત્ય જિનાલયે પૂજા કરી એ ગુરુભગવંતને વંદનાર્થે આવે. સામાન્ય પરિચયથી ગુરુભગવંતને ખ્યાલ આવ્યો કે એ પુણ્યાત્મા દાનનાં ક્ષેત્રે અગ્રેસર છે. સંઘજિનાલયના અમૃતમહોત્સવ સમયે પ્રભુના માતા–પિતા બનવાનો લાભ એમણે

પ્રાપ્ત કર્યો હતો. વૈયાવચ્ચમાં પણ એ પરિવાર અગ્રેસર છે એમ અલ્પ પરિચયમાં ગુરુભગવંતના શ્રમણોએ જણાવ્યું. પણ... તપ? પરિવારની મુખ્ય વ્યક્તિ હેમલભાઇ માટે એ બિલકુલ અશક્ય વિષય હતો. જીવનમાં એક ઉપવાસથી વિશેષ એમણે કાંઇ જ કર્યું ન હતું.

નિત્ય વંદનાર્થે આવતા હોવાથી ગુરુભગવંતે એક દિવસ પ્રેરણા કરી કે ''હેમલભાઇ! દાનની જેમ તપનું ક્ષેત્ર પણ આરાધવા જેવું છે. શાંતાક્રુઝમાં જે માહોલ બીજી વાર આવવાનો જલ્દી સંભવ નથી તે માહોલ અત્યારે છે. તમે પણ પુરુષાર્થ કરો.'' એમના શ્રાવિકા હીનાબહેને તુર્ત જવાબ આપ્યો : ''સાહેબજી! આપ શાસનસેવાનું કાર્ય દર્શાવશો તો એ તુર્ત કરશે, આપ કોઇ દાનનું કહેશો તો ય એ તુર્ત લાભ લેશે; પરંતુ તપ તો એમનો વિષય જ નથી. એ એમાં આગળ ન વધી શકે.''

ગુરુભગવંતે હળવા અંદાજમાં પ્રેરણારૂપે કહ્યું : ''તમારે All Rounder બનવાનું છે. બે વિષયમાં તમે માહેર છો, તો હવે ત્રીજો વિષય તપનો! Cricketમાં ય All Rounder ને Batting, Balling અને Fielding આ ત્રણ વિષય હોય જ છે.''

શ્રાવિકાએ એ જ હળવા અંદાજમાં ઉત્તર આપ્યો : ''All Rounderને તો એ સ્વરૂપની Practise કરવા મળે છે, તૈયારી કરવા મળે છે. જ્યારે આપ તો એમને Practise કરાવ્યા વિના Direct માસક્ષમણનાં મેદાનમાં ઉતારવા ચાહો છો. આમને All Rounder બનાવવામાં આ બહુ મોટો ફર્ક આવે છે.''

''અચ્છા, એમ લાગે છે? તો આપણે રૂપક થોડું બદલીએ. તમારે એવા Cricketer બનવાનું છે કે જે Batsman હોવા છતાં પ્રયોગ ખાતર Ballingમાં આવીને જબરજસ્ત તરખાટ મચાવી દે. આવું અણધાર્યું આશ્ચર્ય તો Practise વિના પણ Cricket Worldમાં સર્જાતું હોય છે જ. આપણે આવું અણધાર્યું આશ્ચર્ય સર્જવાનું.''

દંપતી ખુશ થઇ ગયું ગુરુભગવંતના આ નવા Perfect રૂપકથી. હેમલભાઇએ સહજભાવે હા કહી કે ''હું પુરુષાર્થ અવશ્ય કરીશ. પછી જેમ દેવ-ગુરુકૃપા વરસે તેમ.'' હીનાબહેને કહ્યું : ''હું પણ માસક્ષમણ કરીશ. શ્રાવક Try કરશે અને હું Sure માસક્ષમણ કરીશ.''

સામૂહિક પચ્ચક્ખાણદિન આવ્યો. બન્નેએ સાથે ઉપવાસ આરંભ્યા. પણ ત્રણ દિવસમાં પરિણામ ઊલટ-સૂલટ આવ્યું. જેમના માટે Try શબ્દપ્રયોગ થયો હતો તે હેમલભાઇ Well set બની આગળ વધ્યા અને જેમણે પોતાના માટે Sure શબ્દપ્રયોગ કર્યો હતો તે હીનાબહેનને પૂરા દેહમાં સખત સીળસ નીકળતા ચોથા દિને એ અટકી ગયા! જાણે 'રામનું સપનું ભરતને ફળ્યું' જેવો ઘાટ ઘડાયો.

છ...સાત...આઠમા દિને દંપતી સાથે વંદનાર્થે આવ્યા. શ્રાવિકા કહે : ''સાહેબજી! આમ કેમ થયું? આમાં તો હું બાજુ પર રહી ગઇ અને આ ફાવી ગયા.''

ગુરુભગવંતે ખૂબ Positive વાત કરી : ''ના, એમ ન વિચારશો. તમે એકદમ મજબૂત રીતે અત્યારે કેન્દ્રમાં છો, બાજુ પર નહિ.''

''કઇ રીતે?'' હીનાબહેન આશ્ચર્ય અનુભવી રહ્યા. એમને કાંઇ સમજાતું ન હતું.

''જુઓ, અમે એવા પ્રસંગો ઘણા નિહાળ્યા છે કે શ્રાવક-શ્રાવિકા સાથે તપ શરૂ કરે, શાતાપૂર્વક આગળ પણ વધે; પણ પછી બેમાંથી એક એ કારણસર પારણું કરી લે કે પૂર્ણાહુતિના પ્રસંગે બહુ ખેંચાવું પડે. બેમાંથી એક છૂટા હોય તો વ્યવસ્થામાં સારું રહે. કુદરત તમને બન્નેને માસક્ષમણ કરાવવા ચાહે છે. એથી પૂર્ણાહુતિ પ્રસંગોમાં બન્ને એકમેકને સહાયક બને તેવો Gap રાખે છે. આપણા સંઘમાં બીજા Roundના માસક્ષમણ સોળમા ઉપવાસે શરૂ થવાના છે. તમારે એ દિવસથી માસક્ષમણ શરૂ કરવું. સમયનું Setting એવું થઇ જશે કે હેમલભાઇનાં પારણામાં

તમે પારણાની ઝંઝટથી મુક્ત હશો અને તમારાં પારણામાં એ પારણાની ઝંઝટથી મુક્ત રહેશે.''

આ સરલ–સરસ પ્રેરણાથી હીનાબહેનના વિચારો એકદમ Positive બની ગયા. પરિણામ એ સરસ આવ્યું કે શ્રાવક–શ્રાવિકા બન્નેનાં માસક્ષમણ સરસ થયા અને બન્ને એકમેકની શુશ્રૂષા–સારસંભાળ રાખવા સાથે ઉભયનો પારણાપ્રસંગ સરસ સંપન્ન કરી શક્યા.

આ ઘટનામાંથી અનેક પ્રકારની પ્રેરણાઓ મળી રહે છે. પરંતુ સૌથી મોટી પ્રેરણા બે છે : એમાં એક છે Positive અભિગમ. અભિગમ જો Positive હશે તો વ્યક્તિ Debitમાં પણ Creditની શક્યતા નિહાળી શકશે. બીજી પ્રેરણા છે નિષ્ફલતાથી હાર્યા–થાક્યા વિના શુભ પુરુષાર્થ કરતા રહેવું. Positive અભિગમ હતો તો હેમલભાઈ બિલકુલ અપરિચિત તપનાં ક્ષેત્રમાં સફલ નીવડ્યા, તો નહિ હારવાનો અને નહિ થાકવાનો અભિગમ હતો માટે હીનાબહેન પ્રથમ વારની નિષ્ફલતા છતાં બીજા પ્રયત્ને સફલ થયા...

✤ ✤ ✤

# 25

આપણી ધર્મપરંપરામાં એક શબ્દપ્રયોગ થાય છે 'યથાશક્તિ.' જેમ કે સામાયિક પારવાની વિધિમાં ગુરુભગવંતનાં ''पुण वि कायव्वं'' વાક્યના પ્રતિસાદમાં આ 'યથાશક્તિ' શબ્દ બોલાય છે. આવું જ પૌષધ પારવાની વિધિમાં પણ છે. આ 'યથાશક્તિ'નો સાચો શબ્દાર્થ એ છે કે શક્તિથી ઉપરવટ ગયા વિના અને શક્તિ છુપાવ્યા વિના જે જે અનુષ્ઠાન થતા હશે તે તે હું અવશ્ય કરીશ. શક્તિની પહોંચ જ્યાં સુધીની હોય ત્યાં સુધીની પ્રવૃત્તિ અવશ્ય કરવાની આ ટેકનું ઉત્તમ ઉદાહરણ છે અજૈન રામાયણમાં આવતી ખીસકોલીની વાત. રામસેતુનાં નિર્માણ સમયે વાનરો મહાકાય પથ્થરો સમુદ્રમાં નાંખી રહ્યા હતા, ત્યારે નાનકડી ખીસકોલી ભીના શરીરે ધૂળમાં આળોટી એ ધૂળ સમુદ્રમાં ઠાલવતી હતી. એના દ્વારા એ એમ જણાવતી હતી કે રામસેતુનિર્માણમાં આ મારું 'યથાશક્તિ' અર્થાત્ જેટલી શક્તિ પહોંચે છે તેટલું યોગદાન છે.

વિચિત્રતા એ છે કે વર્તમાન જૈન જગતમાં કેટલાક છટકબારીના શોખીન વર્ગે આ 'યથાશક્તિ' શબ્દને શક્તિ છુપાવવાની ઢાલરૂપ બનાવી દીધો છે. કોઈ લાભ લેવાની પ્રેરણા થાય તો એ હસીને કહેશે કે ''યથાશક્તિ વિચારીશું.'' કોઈ તપની પ્રેરણા થાય તો એ હાથ જોડી કહેશે કે ''યથાશક્તિ ભાવ રાખીશું. બધી બાજુનો વિચાર તો કરવો પડે ને.'' હકીકતમાં તેઓ આ 'યથાશક્તિ' શબ્દ દ્વારા એક જ બાજુનો વિચાર કરે છે કે 'લાભ નથી લેવો... તપ નથી કરવો.' એમના માટે 'યથાશક્તિ' શબ્દ એટલે કોઈ પણ સુકૃતને પાછું ઠેલવા માટેનો રૂપાળો શબ્દ!

કેટલાક વર્ગની આ વિ–લક્ષણતા સામે વિ.સં.૨૦૭૪ના શાંતાક્રુઝ સંઘના સામૂહિક માસક્ષમણની એક ઘટના એવી યાદ કરીએ કે જેમાં 'યથાશક્તિ' શબ્દનો સાચો અર્થ એકદમ સરસ ઉજાગર થતો હોય.

શાંતાક્રુઝ સંઘમાં સામૂહિક માસક્ષમણનો મજાનો માહોલ સર્જાયો અને સામૂહિક માસક્ષમણનો પ્રારંભ પણ ઉલ્લાસભેર થયો. એ દિવસથી ગુરુભગવંત પાસે પચ્ચક્ખાણ લેવા આવનાર તપસ્વીઓ મહદંશે ઉપવાસના અને પાણહારના પચ્ચક્ખાણવાળા જ હોય. પરંતુ એમાં અપવાદ એક યુવાન આરાધકનો હતો. એ નિત્ય આયંબિલનું પચ્ચક્ખાણ લેવા આવે. ખૂબી એ હતી કે માસક્ષમણો શરૂ થયા તે પૂર્વે તેઓ એકે ય દિવસ આયંબિલનું પચ્ચક્ખાણ લેવા આવ્યા ન હતા. એક દિવસ...બે દિવસ...પાંચ દિવસ. છટ્ઠા દિવસે એ પચ્ચક્ખાણ લેવા આવ્યા ત્યારે, પચ્ચક્ખાણ બાદ એ યુવાન ભાઈ પગે લાગતા બોલ્યા : 'સાહેબજી! આશીર્વાદ આપો કે ત્રીશ આયંબિલ નિર્વિઘ્ન થઈ જાય!''

''કેમ ત્રીશ આયંબિલ? ત્રીશમી વર્ધમાનતપઓળી ચાલે છે?'' ગુરુભગવંતે પૂછ્યું.

'ના, ના. મારા ત્રીશ આયંબિલ આપ જે માસક્ષમણ કરાવો છો એનાં કારણે છે.'

'એટલે ?'' ગુરુભગવંતે પૂછ્યું.

''એટલે એમ કે આપના આ સમૂહ માસક્ષમણમાં મારા શ્રાવિકા પણ સામેલ થયા છે. એનું નામ છે શીતલ. એણે માસક્ષમણ શરૂ કરવાની વાત કરી ત્યારથી મને પણ થતું હતું કે હું કાંઈક કરું. વ્યાવસાયિક જવાબદારીઓવશ મારાથી માસક્ષમણ શક્ય ન હતું. બહુ વિચાર કરતાં મેં આયંબિલ કરવાનું વિચાર્યું. જેટલા દિવસ સંઘમાં માસક્ષમણ ચાલે, એટલા દિવસ તપસ્વીઓના યોગ-ક્ષેમ માટે મારા આયંબિલ સહાયક બને. મારાથી જેટલું થઈ શકતું હતું તેટલું હું આ રીતે કરી રહ્યો છું!'' ગુરુભગવંની આંખ-અંતરમાં અનુમોદનાનાં પૂર પ્રસર્યા કે 'યથાશક્તિ'નું આ કેવું શ્રેષ્ઠ ઉદાહરણ! એ યુવાનનું નામ હતું નીકેશભાઈ.

**પ્રાર્થના કરીએ પ્રભુને કે ''અમે જે 'યથાશક્તિ' શબ્દ વિચારીએ કે બોલીએ એનું ગોત્ર આ યુવાનનાં હૈયે મહોરેલ 'યથાશક્તિ' શબ્દનું હોય! છટકબારીનું ગોત્ર નહિ.''**

✤ ✤ ✤

# 26

મોજશોખની બાબતો હોય કે મનને બહેલાવે તેવા પ્રવાસનસ્થળોએ ફરવા જવાનું હોય : લગભગ દરેક પરિવારોમાં માહોલ એવો હોય કે સપરિવાર મજા માણીએ. Cricket WorldCupની Match પોતાના શહેરમાં હોય તો એની મજા માણવા ય સપરિવાર જાય, તો Resortમાં Week-End ની રજા માણવા જવાનું હોય તો ય સપરિવાર જાય. અરે, વિશ્વની Variety જેવાં પ્રવાસનાં સ્થળોએ જવાનું હોય અને આર્થિક બોજનાં કારણે સહુના માટે પ્રવાસ મુશ્કેલ હોય તો થોડું ખેંચાઈને ય સપરિવાર જવાનું આયોજન કરે.

પણ... એ જ પરિવાર ધર્મક્ષેત્રની આરાધનાઓમાં જોડાવાનું હોય તો સપરિવાર કરવાનો અભિગમ પ્રાયઃ નથી રાખતો. સામાયિક કરવાની વાત આવે તો પપ્પા, મમ્મી અને દીકરાને કહી દેશે કે તમારે કરવું હોય તો કરી લો. મને તો સામાયિક નહિ ફાવે. દીકરો જો ધર્મ તરફ રુચિ નહિ ધરાવતો હોય તો ધાર્મિક અભ્યાસ માટે આગ્રહ કરતી મમ્મીને કહી દેશે કે તારે ગાથા કરવી હોય તો કર, પણ મને પકાવીશ નહિ.

કારણ? એ જ કે લોકોને સંસારની બાબતોમાં જેટલી રુચિ છે એટલી ધર્મની બાબતોમાં રુચિ નથી. એમાં ય માસક્ષમણ જેવા મહાકઠિન તપની વાત હોય તો તો એ શક્યતા વધુ પાંખી–ઝાંખી રહે. પરંતુ વિ.સં.૨૦૭૪માં કાંદિવલી–શંખેશ્વરપાર્શ્વનાથસંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણમાં એક નમસ્કરણીય ઘટના એવી સર્જાઇ કે જે ઉપરોક્ત ધારણાને ગલત ઠેરવે.

કાંદિવલીમાં પ્રવચનોમાં માસક્ષમણની ધૂઆંધાર પ્રેરણાઓ વરસી રહી હતી. અનેક ભાવિકો એ પ્રેરણાવર્ષા ઝીલી રહ્યા હતા. એમાં એક શ્રાવિકા હતા સુરેખાબહેન. એમની ભાવના દઢ થઈ કે આ માહોલ બહુ જોરદાર છે. તો એમાં માસક્ષમણની નૈયા તરાવી જ દેવી. ઘરે જઈને એમણે શ્રાવકને વાત કરી કે તમે ય સાથે જોડાઇ જાવ. માહોલમાં થઈ જશે. એ એટલેથી જ ન અટક્યા. દીકરાને પણ આ જ પ્રેરણા કરી કે આપણે ત્રણે ય સાથે માસક્ષમણ કરીએ તો ઘરમાં ત્રીશ

દિવસ રસોડાની ઝંઝટ જ સાવ બંધ! પરિવાર ભાવુક હતો. એમાં બે–ત્રણ દિવસ પિતા–પુત્રે પ્રવચનમાં આવી માસક્ષમણની જબરજસ્ત પ્રેરણાઓ સાંભળી. પરિણામ એ આવ્યું કે શ્રાવક તરુણભાઈ અને પુત્ર વિવેક પણ માસક્ષમણ કરવા સજ્જ થઈ ગયા!

લોકો જેને Practical Problem કહે એવા ઘણા મુદ્દા આ ઘટનામાં હતા જ કે :–

* ત્રીશ દિવસ Officeનું કામકાજ પતિ માટે કેટલું Tuff રહે? Office સુધી જવા–આવવાનું Travelling માસક્ષમણમાં કેટલું મુશ્કેલ રહે?

* પુત્રને Collegeની જવાબદારીઓ આ તપમાં અદા કરવી કેવી પડકારરૂપ બને?

* પૂરો પરિવાર માસક્ષમણ કરે તો તબિયત બગડે–Vomit વગેરે થાય ત્યારે સેવા કોણ કરે?

* પારણામહોત્સવમાં મહેમાનો મોટી સંખ્યામાં હોય. બધા જ તપ કરે તો એમને સાચવનાર કોણ?

પરંતુ આ પરિવારે આવા કોઈ કહેવાતા Practical Problemને ગણકાર્યા વિના સપરિવાર માસક્ષમણ આરંભ્યું અને દેવ–ગુરુની કૃપા પર અટલ શ્રદ્ધા રાખી માસક્ષમણ પરિપૂર્ણ પણ કર્યું ! ન એમને માસક્ષમણ દરમ્યાન સ્વાસ્થ્ય આદિની તકલીફ થઈ, ન એમને પારણામહોત્સવમાં સમસ્યા થઈ.

**આ ઘટના એક જોરદાર સંદેશ આપે છે કે પરિવારમાં સંસ્કારોનું વાતાવરણ એવું સરસ બનાવો કે ધર્મક્ષેત્રની આરાધનાઓ સામૂહિક–સપરિવાર કરવાનો સિલસિલો રચાય. બની શકે કે આજે આરાધનાઓ–તપશ્ચર્યાઓ સપરિવાર થાય અને એક દિવસ દીક્ષાઓ સપરિવાર થાય !**

✤ ✤ ✤

# 27

પોતાનો માલ ખપાવવા અવનવી Busines Company અવનવી Marketing Style અપનાવતી હોય છે. આવી એક Companyની જાહેરાતમાં Slogan લખાયું  હતું કે Go for the best, No Compromise in Quality. મતલબ કે જે શ્રેષ્ઠ હોય એનો જ આગ્રહ રાખવો. ગુણવત્તામાં કાંઈ જ બાંધછોડનું વલણ ન રાખવું.  Marketing તરીકે ભલે એ સરસ વાત કરે. પરંતુ ગ્રાહકો એનો સો ટકા અમલ કરે જ એમ મનાય નહિ. કારણ કે ગ્રાહકો શ્રેષ્ઠનો આગ્રહ એક Limit સુધી જ રાખી શકે. જે Qualityની Products ખરીદવી એના માટે કોઈ પણ રીતે મૂલ્યની દૃષ્ટિએ શક્ય ન હોય એ Qualityને તે જતી કરીને એને પરવડે એ Qualityની Product જ ગ્રાહક પસંદ કરશે. આખર તો એને સંપત્તિની શક્તિનો ખ્યાલ રાખવો જ પડે.

હા, વિજ્ઞાનનાં ક્ષેત્રે એ નિયમ Perfect લાગુ પડી શકે ખરો. વૈજ્ઞાનિક એનાં સંશોધનની ગુણવત્તામાં કોઈ બાંધછોડ ન કરે અને જ્યાં સુધી સંશોધનમાં Perfection ન આવે ત્યાં સુધી એ વિરમે નહિ એમ અવશ્ય બને. પરિણામ એ આવે કે જે વૈજ્ઞાનિક Qualityમાં Compromise કર્યા વિના સતત સંશોધનરત રહે એ વિશ્વભરમાં Genius રૂપે બિરદાવાય. આલ્બર્ટ આઈન્સ્ટાઈન – થોમસ આલ્વા એડિસન વગેરે વૈજ્ઞાનિકો આ જ કારણે જગતમાં Genius રૂપે વિખ્યાતિ વર્યા છે.

જે વાત વિજ્ઞાનનાં ક્ષેત્રે લાગુ પડે છે એ વાત જૈન શાસનનાં તપનાં ક્ષેત્રે લાગુ પડી શકે તેવો ખ્યાલ પ્રગટે છે વિ.સં.૨૦૭૪માં કાંદિવલી – ઝાલાવાડ જૈન સંઘમાં યોજાયેલ સમૂહ માસક્ષમણની એક અદ્‌ભુત ઘટનામાં.

એ ચાતુર્માસમાં માસક્ષમણનો માહોલ જામી રહ્યો હતો. આરાધકો તપની નિરાબાધ પૂર્ણાહુતિ માટે ગુરુભગવંત પાસેથી જાતજાતનું માર્ગદર્શન લઈ રહ્યા હતા. પ્રતિવર્ષ જે માર્ગદર્શન અપાય તેમાં એક વાત મુખ્ય રહેતી કે ‘પાણી વાપરવામાં

ઉપેક્ષા કે અરુચિ ન રાખવી. પિત્તના ભયે જો પાણી વાપરવાનું ઓછું કરાશે તો નબળાઇ વધશે. પાણી તો સળંગ ઉપવાસોમાં શારીરિક દૃષ્ટિએ મહત્ત્વનો આધારસ્તંભ છે.'

પરંતુ કાંદિવલીનાં માસક્ષમણમાં એક તપસ્વી ભાઇ સાવ નોખી માટીના નીકળ્યા. પ્રારંભદિને એ પચ્ચક્ખાણ લેવા આવીને કહે : ''સાહેબજી! ચોવિહાર અટ્ઠમનું પચ્ચક્ખાણ આપો.''

ગુરુભગવંત અચંબો અનુભવી રહ્યા. એમને લાગ્યું કે આ ભાઇ માસક્ષમણ જેવા મહાતપને ગંભીરતાથી મન પર નથી લઇ રહ્યા. એ કદાચ માસક્ષમણની કઠિનતાને નજરઅંદાજ કરી રહ્યા છે. એથી ગુરુભગવંતે પ્રેમથી પ્રશ્ન કર્યો : ''તમારે માસક્ષમણની ભાવના છે?''

''હા જી. બિલકુલ માસક્ષમણ જ કરવું છે.''

''તો પછી તમે પચ્ચક્ખાણ તિવિહાર અટ્ઠમનું લો. માસક્ષમણમાં અને એ ય પ્રારંભમાં જ ચોવિહાર અટ્ઠમનો અખતરો કરવા જેવો નથી.'' ગુરુભગવંતનો આશય એ હતો કે ઉત્સાહના અતિરેકમાં આ ભાઇ ક્યાંક માસક્ષમણથી વંચિત ન રહી જાય.

ભાઇએ કહ્યું : ''સાહેબજી! આપની વાત આપની રીતે બરાબર છે. પણ એક પ્રશ્ન પૂછું?''

''પૂછો.''

''તિવિહાર ઉપવાસ અને ચોવિહાર ઉપવાસ : બેમાં ચડિયાતો–ઉત્કૃષ્ટ ઉપવાસ કયો?''

‘‘ચોવિહાર ઉપવાસ જ. કેમ કે એમાં ચારે ય આહારનો ત્યાગ છે. પણ એકાદ ઉપવાસની વાત અલગ છે. આ તો માસક્ષમણ કરવાનું છે. એમાં પ્રારંભે જ કસોટી આવી જાય એવું સાહસ ક્યારેક દુઃસાહસ બની જાય. માટે આમાં એ રહેવા દેવું જોઇએ.’’

‘‘સાહેબજી! આપને હજુ કાંઇ સમજફર્ક થતો લાગે છે. અટ્ઠમ જ નહિ, સમગ્ર માસક્ષમણ જ મારે તો ચોવિહાર કરવાના ભાવ છે. ચોવિહાર ઉપવાસ સૌથી શ્રેષ્ઠ છે તો મારે એ જ કરવાના છે!’’ ભાઇએ ગજબનાક ધડાકો કર્યો.

ગુરુભગવંત હવે નખશિખ આશ્ચર્યચકિત થઇ ગયા કે ચોવિહાર માસક્ષમણ! એ કરવાની વાત તો પછી, એનો વિચાર પણ ગભરામણ કરાવી દે એવો છે. એમની નિશ્રામાં થયેલ આજ સુધીના સામૂહિક માસક્ષમણોમાં કોઇએ ચોવિહાર માસક્ષમણની વાત ઉચ્ચારી ન હતી, તો ગુરુભગવંતે ચોવિહાર માસક્ષમણ થયાની વાત પણ ક્યાંય સાંભળી ન હતી. એથી એમને ‘ક્યાંક અજુગતું થાય તો’ની આશંકા સતાવતી હતી. આ માટે જ એમણે પેલા આરાધકને પુનઃ સમજાવ્યા કે ‘ઉપવાસમાં પાણી જ મુખ્ય આધાર છે અને આ ત્રીશ ત્રીશ દિવસની વાત છે. પાણી વિનાના ઉપવાસ આ તપ માટે અતિ અતિ કઠિન છે.’

એ ભાઇએ વળી નવી વાત કરી : ‘‘સાહેબજી! જીવનમાં મેં આજ સુધી જેટલા ઉપવાસ કર્યા છે તમામ ચોવિહાર ઉપવાસ જ કર્યા છે. મેં તિવિહાર ઉપવાસ જીવનમાં એક પણ કર્યો નથી. મનમાં પહેલેથી જ એ વાત રમતી રહી છે કે શ્રેષ્ઠ તો ચોવિહાર ઉપવાસ જ. માટે જીવનમાં એ જ કર્યા છે અને આજે ય એ જ કરવા છે.’’

હવે ગુરુભગવંતને સમજાયું કે ભાઇ કશું નજરઅંદાજ કરીને નથી બોલતા. ચોવિહાર ઉપવાસના અનુભવી છે અને સોચ-સમજપૂર્વક બોલે છે. એમણે

ચોવિહાર અટ્ઠમના પચ્ચક્ખાણ તો આપ્યા. પણ સાથે ભલામણ કરી કે ''શારીરિક સ્થિતિની સમીક્ષા કરતા રહેજો. શાસનની નિંદા ન થાય માટે તેવી અસામાન્ય સ્થિતિમાં હઠાગ્રહ ન રાખશો.''

ભાઈએ 'તહત્તિ' કહ્યું. એમનું તપક્ષેત્રે Genius કહી શકાય તેવું આ બેજોડ પરાક્રમ આગળ વધતું ગયું. સહુની શુભ પ્રાર્થનાઓ એમની સાથે હતી. એ આસ્તે આસ્તે ચોવિહાર માસક્ષમણની કઠિન – અત્યંત કઠિન મંઝિલ સર કરીને રહ્યા. જાણે તેઓ પણ કહી રહ્યા હતા કે Go for the best, No Compromise in Quality.

શું આ અદ્ભુત ઘટનાની સમાપ્તિ થઈ ગઈ? ના, આ ઘટનાની ઘટમાળ હજુ લંબાય છે અને Climax હવે આવે છે.

ચાર વર્ષ પછીનું વિ.સં.૨૦૭૮નું ચાતુર્માસ. એમાં પણ સામૂહિક માસક્ષમણ ઘોષિત થયા. બન્ને સામૂહિક માસક્ષમણના પ્રેરક ગુરુભગવંતો એક જ સમુદાયના– એક જ ગુરુદેવના શિષ્યો હતા. આ ભાઈને પુનઃ ભાવ પ્રગટ્યા કાંઈક વિશેષ તપ કરવાના. પૂર્વ ઈતિહાસનો ખ્યાલ હતો. તેથી ચોવિહાર ઉપવાસો બાબતે હવે કાંઈ ગભરાટ–અમંગલ આશંકા ન હતી. ભાઈ આગળ વધતા ગયા. દશ... વીશ... પચીસ... ત્રીશ ઉપવાસ. એકત્રીશમા દિવસે એ પારણા વિના આગળ વધ્યા. પાંત્રીશ...ચાલીશ...અને **પીસ્તાલીશ સળંગ ઉપવાસ કરીને એમણે જબરજસ્ત સ્વર્ણિમ ઈતિહાસ રચ્યો!** ક્ષણભર દિલની ધડકન થંભાવી દે એવા આ ઉત્કૃષ્ટ તપના આરાધકનું પુણ્યનામ છે શ્રી કેતનભાઈ શાહ.

તેઓ એમના આ ભીષ્મ તપપરાક્રમ દ્વારા આપણને સહુને જાણે કહી રહ્યા છે કે **''જો જગતનું સર્વોત્કૃષ્ટ સિદ્ધિપદ પ્રાપ્ત કરવું છે તો પછી એના માટે તપશ્ચર્યા પણ સર્વોત્કૃષ્ટ જ જોઈએ ને ? એમાં Compromise શે પાલવે ?''**

✣ ✣ ✣

# 28

મોગલકાળના ઈતિહાસનો એક યુદ્ધ પ્રસંગ છે મહારાણા પ્રતાપ અને બાદશાહ અકબરના સૈન્ય વચ્ચેનો. હલ્દીઘાટીના એ યુદ્ધમાં મહારાણા પ્રતાપ તો ખરા જ, પરંતુ એમના પ્રિય અશ્વ ચેતકે પણ અપ્રતિમ શૌર્ય દાખવ્યું. મહારાણા પ્રતાપ હાથીની અંબાડી પર રહેલ શત્રુસેનાપતિ માનસિંહ પર પ્રહાર કરી શકે તે માટે ચેતકે હાથીના ગંડસ્થળ પર બે પગ ટેકવી દીધા અને મહારાણાને ભાલાના જબદજસ્ત પ્રહારની તક આપી. કોઈ અશ્વ યુદ્ધની સ્થિતિમાં આ હદનું પરાક્રમ કરે એ અતિ દુર્લભ બાબત હતી. સામે પક્ષે હાથીએ પણ કોઈ સૈનિકની તલવાર સૂંઢમાં લઈ ચેતક પર આક્રમણ કર્યું.

ઈતિહાસની આ ઘટના એ પુરવાર કરે છે કે જો જબરજસ્ત જુસ્સો જામ્યો હોય તો યુદ્ધમાં સામેલ પશુઓ પણ અ–સામાન્ય પરાક્રમ કરી બતાવે! વાતાવરણની પ્રબળ અસર જો પશુઓ પર પણ સર્જાતી હોય તો વાતાવરણની અસર પશુથી અનેકગણા સમજદાર માનવી પર કેમ ન સર્જાય? સર્જાય જ.

વાત કરીએ છીએ આપણે સામૂહિક માસક્ષમણતપના પ્રબળ વાતાવરણની. એ એવા માનવી પર અસર કરી ગઈ કે જેને માસક્ષમણ સાથે, તપ સાથે, અરે! જૈન શાસન સાથે સ્નાન–સૂતકનો ય સંબંધ ન હતો. આવો, નિહાળીએ એ અનુમોદનીય ઘટના :

મુંબઈ–કાંદિવલીના ઝાલાવાડ સંઘમાં એક જૈન અગ્રણી પુણ્યાત્મા વસે. તે સંઘમાં જ નહિ, જૈન શાસનમાં ય એ પુણ્યાત્માનું નામ પ્રસિદ્ધ. તેઓ શાસનસેવાનાં કાર્યોમાં સંલગ્ન અને અનુષ્ઠાનોમાં સેવાભાવી પ્રવક્તારૂપે ય સંલગ્ન. એમને ત્યાં એક અજૈન વ્યક્તિ Driver તરીકે Service કરે. ભલે એ અજૈન હતો. પરંતુ જૈન અગ્રણી પરિવારને ત્યાં Service હોવાથી દેરાસર–ઉપાશ્રય સાધુ–સાધ્વી–તપ આદિથી પરિચિત. વિ.સં.૨૦૭૪ના ચાતુર્માસમાં કાંદિવલી–ઝાલાવાડ સંઘમાં સમૂહ

માસક્ષમણનો જોરદાર માહોલ સર્જાયો તેની અસર આ અજૈન Driver પર સર્જાઇ. એણે શેઠને ઇશારાથી પૂછ્યું : ''હું માસક્ષમણ કરું?''

ધર્મી શેઠ તો આનંદથી ઊછળી ઊઠ્યા. એ કહે : ''અમારી હિંમત નથી થતી અને તને આ હિંમત જાગી–આ ભાવ જાગ્યા? સરસ. કર ભાઈ કર. અમારે ત્યાં 'કરે એનો ધર્મ' છે. નવસો–હજાર વર્ષ પહેલા જૈન શેઠના એક અ–જૈન નોકરે એક વાર ભાવથી પ્રભુપૂજા કરી તો એ અઢાર દેશના મહારાજારૂપે કુમારપાલ સમ્રાટ બન્યા. તું ય બની જા તપના ક્ષેત્રનો એક નવો કુમારપાલ.''

પ્રોત્સાહનનું પીયૂષસીંચન થતાં Driverએ માસક્ષમણના મહાસંગ્રામમાં ઝુકાવ્યું. એટલું જ નહિ, બિલકુલ સ્વસ્થતાથી માસક્ષમણ પૂર્ણ પણ કર્યું. શેઠે એને એ દિવસોમાં ફરજમુક્તિ આપી : પગાર સાથે જ તો! આ અજૈન તપસ્વીની ખાસિયત એ હતી કે એ જ્યારે ગુરુભગવંત પાસે પચ્ચક્ખાણ માટે આવે ત્યારે કાંઇ બોલે જ નહિ. એના શેઠ એના વતીથી બધું સંભાળી લે. જિજ્ઞાસાથી પૃચ્છા કરતા ગુરુભગવંતને માહિતી મળી કે એ અજૈન Driver છેલ્લા પાંચ વર્ષથી મૌનવ્રત પાળે છે : જાણે સત્સંગનો રંગ.

એ Driverનું નામ છે હેમંતભાઇ સચાણિયા અને એમના શેઠનું નામ છે શ્રી અતુલભાઇ C.A.

એ અજૈન Driver એના આ પરાક્રમ દ્વારા જૈનોને કહી રહ્યો છે કે ''બંધુઓ! હું તો અજૈન છું. છતાં મેં માક્ષમણના મહાન તપનો મહાન લહાવો લીધો. તમે તો જૈન છો. શું તમે એક વાર માસક્ષમણના મહાતપનો મહાન લહાવો નહિ લો? અરે! એક વાર પૂરી નિષ્ઠાથી–પૂરી તાકાતથી પુરુષાર્થ તો કરો.''

✤ ✤ ✤

# 29

સર્વવિરતિધર્મ–ચારિત્રધર્મ અંગીકાર કરવો એ સ્વયં બહુ કઠિન–મુશ્કેલ બાબત છે. સંસારના રંગરાગ–મોજશોખ છોડીને ત્યાગમય–કષ્ટમય જીવન જીવવું જરા ય આસાન નથી. પણ સબૂર! આ સંયમ ભરયૌવનવયે સ્વીકારવું તો અતિ અતિ કઠિન– મહામુશ્કેલ બાબત છે. કારણ કે ત્યારે વિકારોના ઘોડાપૂરને નાથવાનો પ્રબળ પુરુષાર્થ કરવાનો છે... દાન સ્વયં કઠિન બાબત છે. કારણ કે સંપત્તિની લાલસાનો –મૂર્છાનો ત્યાગ કરવો આસાન નથી. પણ  સબૂર! દરિદ્રાવસ્થામાં દાન તો અતિ અતિ કઠિન બાબત છે. કારણ કે જ્યાં પોતાની જ આજીવિકા સામે પ્રશ્નો હોય ત્યાં વ્યક્તિ અન્યોને દાન ન જ કરી શકે ને?...ક્ષમા–શાંતિ રાખવી આમ પણ મુશ્કેલ છે. કારણ કે સામી વ્યક્તિએ અપરાધ–ગુનો કર્યો હોય ત્યાં ક્ષમાશીલતા બિલકુલ આસાન નથી. પણ સબૂર! પ્રબળ સામર્થ્ય હોય–શક્તિ ચિક્કાર હોય ત્યારે તો દોષિત પર ક્ષમા અતિ અતિ  કઠિન બની રહે. કારણ કે ત્યારે જે ધારીએ એ કરી શકવાની સ્થિતિ હોય છે.

બસ, આવી જ વાત છે ગુરુવચન 'તહત્તિ' કરવામાં. કેમ કે એમાં પોતાની ઇચ્છા–મનમાની કરવાની વાત શક્ય નથી બનતી. પણ સબૂર! માસક્ષમણ જેવો તપ હોય અને શારીરિક વિષમતા પરાકાષ્ઠાએ હોય ત્યારે તો ગુરુવચન 'તહત્તિ' કરવું અતિ અતિ દુર્લભ બને. કારણ કે ત્યારે મન અને તન, બન્ને ક્ષેત્રે મનમાની જતી કરવી પડે. આમ છતાં વિ.સં.૨૦૭૪ના શાંતાક્રુઝસંઘના ચાતુર્માસમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણમાં એક ઘટના એવી સર્જાઇ હતી કે જેમાં આ અતિ અતિ દુર્લભતાનો જવલ્લે નિહાળવા મળે તેવો સાક્ષાત્કાર થાય.

સામૂહિક માસક્ષમણનો શાનદાર પ્રારંભ થઇ ગયો હતો. એક સાથે સોળ ઉપવાસ–અટ્ઠાઇનાં પચ્ચક્ખાણો પ્રથમ દિને લેનાર હતા, તો અટ્ઠમનાં પચ્ચક્ખાણ કરનારા ય હતા. જેમની માનસિકતા શિથિલ હતી–સત્ત્વ મંદ હતું

તેઓએ અટ્ઠમ બાદ પારણા કરી લીધા, તો જેઓ દઢ સત્ત્વશીલ હતા તેઓ કસોટીઓ વચ્ચે ય આગેકૂચ કરી રહ્યા હતા. નવમા ઉપવાસની પ્રભાતે સંગીતમય સંવેદનાકાર્યક્રમ અને અંતે પચ્ચક્ખાણ–વાસક્ષેપવિધિ હતી. ગુરુભગવંત તપસ્વીઓને પ્રેમાળભાવે પ્રોત્સાહિત કરી યોગ્યતાનુસાર ભાવનાસજ્જ કરતા હતા. લગભગ સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયો હતો. ગુરુભગવંતે એક જ વ્યક્તિને પ્રેરણા કરી ન હતી. કેમ કે એ પુણ્યાત્માને સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સતત લગાતાર પિત્તના હુમલા આવતા હતા. એ સહુથી થોડે દૂર–અલગ બેઠા હતા. ગુરુભગવંત વિદાયસમયે વાસનિક્ષેપ માટે એ તપસ્વી પાસે ગયા. મનમાં એમ હતું કે આમને નવકારશીનું પચ્ચક્ખાણ આપી દેવું.

પેલા તપસ્વી ભાઈએ પિત્તના હુમલા વચ્ચે વાસનિક્ષેપ કરાવીને કહ્યું : ''સાહેબ! આપની શી ભાવના છે? આપ જે પચ્ચક્ખાણ આપશો એ તહત્તિ કરીશ.'' ગુરુભગવંત તાજુબ થઇ ગયા. કેમ કે આ સ્થિતિમાં જો કોઈ અન્ય હોત તો એણે નવકારશીપચ્ચક્ખાણ જ કહ્યું હોત. અથવા તો પચ્ચક્ખાણ લેવા આવવાની તસદી લીધા વિના ઘરે જ પારણું કરી લીધું હોત. ગુરુભગવંતે કહ્યું : ''તમારી શક્તિ ન હોય તો...'' વાક્યને અધવચ્ચે જ અટકાવી દેતા ભાઈએ કહ્યું : ''હું આપની ભાવના પૂછું છું. આપ મારી શક્તિનું કેમ પૂછો છો? આપનાં મનમાં ઊંડે ઊંડે શી ભાવના છે એટલું જ કહો. માસક્ષમણ શરૂ કર્યું તે પહેલાથી મનમાં એક જ નિર્ણય છે કે મારે ગુરુવચન તહત્તિ. આપ મારી શારીરિક સ્થિતિ સામે ન જુઓ. આપનો અંતરભાવ જ કહો.''

ભાઈની આ ગજબ ભાવના નિહાળી ગુરુભગવંતે કહ્યું : ''ભાવના તો અમારી એ જ હોય કે તમારું માસક્ષમણ થાય. આજે અટ્ઠમનું પચ્ચક્ખાણ થાય તો લેવાય.'' પરિવારના સભ્યો ના જ કહેતા હતા. તો ય ભાઈએ 'તહત્તિ' કરી અટ્ઠમનાં પચ્ચક્ખાણ કર્યા. તે સમારોહમાં પ્રવક્તારૂપે આવેલ સમકિતગ્રુપના અલ્પેશભાઈ

આ ઘટના સમયે હાજર હતા. તપસ્વીના ગયા પછી એ ગુરુદેવને કહે : ''આ સ્થિતિમાં ગુરુવચન 'તહત્તિ' કરવાના ભાવ ખરેખર Impossible છે. મેં ભલે માસક્ષમણ કર્યું છે. પણ આવી સ્થિતિમાં તો હું ય પીછેહઠ કરી જઉં.''

ગુરુભગવંતની ભાવનાના આદરનો ચમત્કાર કહો કે શ્રદ્ધાનો ચમત્કાર : બીજા દિવસથી પિત્તના હુમલા સાવ બંધ થઈ ગયા. ભાઈએ માસક્ષમણની મંઝિલ શાનથી સર કરી! એમાં પહેલાના આઠ ઉપવાસ કરતાં પછીના બાવીશ ઉપવાસ વધુ સરસ રહ્યા. તપસ્વીનું નામ છે સંજયભાઈ શાહ. તેઓ જાણે એમ કહી રહ્યા છે કે **''સિદ્ધમન્ત્ર અને ગુરુવચન : બેમાં કોઈ તફાવત નથી. જો આપણે એનો શ્રદ્ધાભર્યો સ્વીકાર કરીએ તો.''**

✤ ✤ ✤

# 30

જીવન અંગે જાતજાતની વ્યાખ્યાઓ ચિંતકો કરે છે. એમાં અમને ખૂબ પસંદ આવેલ એક વ્યાખ્યા આ છે કે **"મુશ્કેલીઓ સામે ઝૂકી જવાના બદલે સામી છાતીએ લડત આપે એનું નામ જીવન."** આ વ્યાખ્યામાં મુશ્કેલીઓ–સમસ્યાઓનો સામનો કરવાનો જે લડાયક પરાક્રમી અભિગમ છે એ કાબિલ–એ–દાદ છે.

પણ...સબૂર! ક્ષેત્ર જો સંપત્તિનું હોય તો ત્યાં નુકસાની વગેરે સમસ્યાઓ સમયે Surrender થવાના બદલે સામનો કરવાનો સાહસિક અભિગમ હજુ શક્ય છે. કારણ કે એમાં સાહસ નિષ્ફલ જાય અને નુકસાની વધુ ઘેરી બને તો ય જવાબદારી સંપત્તિ અંગે જ રહેવાની. આવાં આવાં બીજા ક્ષેત્રોમાં ય પરાક્રમી સાહસિક અભિગમ હજુ શક્ય છે. પરંતુ સાહસ–પરાક્રમ જો શારીરિક સ્વાસ્થ્યને જોખમમાં મૂકે એવું કરવાનું હોય તો વ્યક્તિ સો ગળણે પાણી ગાળશે–હજાર વાર વિચાર કરશે. આ જ કારણસર સામૂહિક માસક્ષમણક્ષેત્રે ગુરુભગવંતનો અનુભવ એવો રહ્યો છે કે મોટી બિમારીમાંથી પસાર થયેલ ભાવિકો ખૂબ ભાવના હોવા છતાં એક અટ્ઠમ કે એક ઉપવાસ પણ કરવા સજ્જ નથી થતા. એમને મનમાં એ ધાસ્તી હોય છે કે અટ્ઠમ યા એક ઉપવાસ સારો થાય અને આગળ વધીએ પછી મોટી તકલીફ શરીરસંબંધી આવી જાય તો? આ વિચારે તેઓ અટકી જતા હોય છે. અરે! કેટલાક તો સાવ નિરોગી હોય તો ય ધાસ્તી રાખે છે કે માસક્ષમણ કદાચ થઈ જાય, પરંતુ પછી એની કોઈ આડઅસર શરીરમાં સર્જાય તો?

આવી માયકાંગલી વિચારધારાને સજ્જડ થપ્પડ લગાવે તેવી ઘટના સર્જાઈ વિ.સં.૨૦૭૪ના કાંદિવલીના સામૂહિક માસક્ષમણમાં. આ એવી ઘટના છે કે જે પ્રારંભે લખેલ જીવન અંગેની શૌર્યભરી–સાહસભરી વ્યાખ્યાને બિલકુલ બંધ બેસતી છે.

જે શુભ દિને માસક્ષમણનો સામૂહિક પ્રારંભ થયો તે દિવસે પચ્ચક્ખાણના

ભવ્ય સમારોહમાં આવેલ એક ભાગ્યવાને સમારોહ દરમ્યાન જ, પ્રદક્ષિણા કરી રહેલ એક બહેન માટે ઈશારો કરી ધીમા સૂરે પૂછ્યું : ''સાહેબજી! આ બહેન કોણ છે એ આપ જાણો છો?'' ''ના, બધા પાસ લેનારનો પરિચય ક્યાંથી હોય? ત્રણ દિવસ બાદ જે તપમાં આગળ જશે એનો પરિચય પછીથી થશે.'' પેલા ભાઈએ કહ્યુંઃ ''પછી હું એમના અંગે વાત કરીશ.''

સાંજે એ પુણ્યાત્માએ આવીને પેલા બહેનની વાત શરૂ કરી : ''સાહેબજી! પરિવારમાં ધર્મભાવના સારી છે. પરંતુ એમના પતિ બે વર્ષ પૂર્વે Cancerના ભયંકર રોગમાં મૃત્યુ પામ્યા છે. જવાબદારી એમના પર વિશેષ છે.''

''ઓહ! ઘરમાં મુખ્ય વ્યક્તિ જ Cancerથી મૃત્યુ પામી હોય થોડા સમય પૂર્વે, અને બહેન આ સાહસ કરે એ ખરેખર હિંમતભરી વાત છે. ધન્યવાદ દેવા જોઈએ એમને.''

''હજુ સાંભળો સાહેબજી! એ બહેન ખુદ પણ Cancerનો ભોગ બન્યા છે. એના માટે એમણે મોટી અને દુઃખદાયી Treatment થોડા સમય પૂર્વે જ પૂર્ણ કરી છે. છતાં એ માસક્ષમણમાં જોડાયા છે.''

આ સાંભળતા ગુરુદેવ વિસ્મયવિભોર બની ગયા. સ્વયં Cancerની પકડમાંથી માંડ છૂટી હોય એવી વ્યક્તિ તો આવો મોટો કષ્ટમય તપ કરવાનું વિચારે જ નહિ. એને તો ભય જ હોય કે 'ક્યાંક ફરી Cancer ઊથલો મારશે તો? મારી રોગપ્રતીકારક શક્તિ ખતમ થઈ જશે તો?' આના બદલે આ બહેન તો શરીર સામે ય સાહસિક–શૌર્યભર્યો–પરાક્રમી અભિગમ અપનાવી રહ્યા છે. ખૂબ અહોભાવિત થઈ ગયા ગુરુદેવ એ તપસ્વીના સાહસ પર.

બીજે દિવસે એ તપસ્વી વાસનિક્ષેપ માટે આવ્યા. ગુરુભગવંતે એમના

શૌર્યભર્યા અભિગમની પ્રશંસા કરતા પૂછ્યું : ‘‘તમને ભય નથી લાગતો કે આવડો મોટો તપ કરવા જતાં શારીરિક સ્થિતિ વણસી જશે તો ?’’ બહેને જે ઉત્તર આપ્યો એ પેલી માયકાંગલી મનોદશામાં રાચનારાઓએ દિલ–દિમાગમાં કાયમી અંકિત કરી દેવા જેવો છે. એમણે કહ્યું: ‘‘સાહેબજી! હું તો અત્યારે એક જ વિચારું છું કે Cancerમાંથી બચી ગઇ છું તો માસક્ષમણ કરી જ લઉં. Cancerમાં જો ઉપર પહોંચી ગઇ હોત તો મને માસક્ષમણની તક ક્યાં મળત ? આ તો ભગવાનના અને આપના આશીર્વાદ કે મને આવી મહાન તક મળી !’’ છે ને લા–જવાબ જવાબ.

બહેને હવે ગુરુભગવંતને પૂછ્યું : ‘‘આપને ખબર છે કે મેં ગઇ કાલે કેટલા ઉપવાસનું પચ્ચકખાણ લીધું છે ?’’ ‘‘ના.’’ ગુરુભગવંતે કહ્યું. ‘‘આપે જે સોળ ઉપવાસના વિભાગનું પચ્ચક્ખાણ આપ્યું એ મેં લીધું છે. કારણ એ જ કે બચી ગઇ છું તો મારે માસક્ષમણ કરી જ લેવું છે.’’ એ તપસ્વીનું નામ છે તૃપ્તિબહેન શાહ.

એમ થાય છે કે કયા શબ્દોથી બિરદાવવું આ તપસ્વીના શૌર્યને–સાહસને ?

✤ ✤ ✤

# 31

ખૂબ નાના હતા ત્યારે સાંસારિક અવસ્થામાં Circusનો ખેલ જોવા જવાનું બન્યું હતું. એમાં એક દિલધડક ખેલ હતો. એનું નામ જ મોતનો કૂવો. એમાં નીચેથી ઊપર અને ઊપરથી નીચે સખત ગોળાકારમાં Scooterસવાર Full speed સાથે ઊતર–ચડ કરે. Control જરાક ગુમાવ્યો કે મોત લઈ આવે તેવી નુકસાની હાજર જ. બાળપણમાં એ ખેલ નિહાળી ખૂબ અભિભૂત થઇ જવાયું હતું અને ડર પણ અનુભવાયો હતો. જો કે, પછી ખબર પડી કે એમાં ય જીવન માટે એક Help-line હતી ખરી.

શરીરનાં ક્ષેત્રે લોકો આ Help-line બહુ મજબુતાઈથી પકડી રાખે. ઉદાહરણરૂપે છે મોટા રોગોની કાયમી દવા. Heartના દર્દીને કે Blood-pressureના દર્દીને Doctorએ કાયમી નિયમિત લેવાની દવા નિશ્ચિત કરી આપી હોય તો દર્દી એને જરા ય ભૂલ્યા વિના લેશે. દવા ચૂકી જવાય તેવા કોઇ સંયોગોનું નિર્માણ એ નહિ થવા દે. કેમ કે એને ખબર છે કે આ દવાઓ શરીરની Help-line છે. એ ન લેવાય તો સંબંધિત રોગો એકાએક ઊથલો માર્યા વિના રહેશે નહિ. આ જ કારણે કેટલી ય વાર કાયમી રોગોના દર્દીઓ માસક્ષમણ જેવી ઉગ્ર–દીર્ઘ સાધનામાં જોડાતા ન હોવાનો ગુરુભગવંતને અનુભવ હતો.

પરંતુ વિ.સં.૨૦૭૪ના શાંતાક્રુઝસંઘના ચાતુર્માસમાં સામૂહિક માસક્ષમણ સમયે ગુરુભગવંતને અનુભવ થયો આનાથી સાવ વિપરીત. સમૂહ માસક્ષમણના પૂર્વ દિવસોમાં શાંતાક્રુઝ–પૂર્વથી કેટલાક આરાધકો વંદનાર્થે આવ્યા. એમાંના એક આરાધકે કહ્યું : ‘‘સાહેબજી! માસક્ષમણની ખૂબ ભાવના છે. એટલે એક રજા મળતી હોય તો તે પૂછવા આવી છું.’’

‘‘શેની રજા ?’’

‘‘હું Blood pressureની દર્દી છું. છેલ્લા સળંગ વીશ વર્ષથી અચૂક B.P.ની દવા મારે લેવાની હોય છે. એમાં વળી છેલ્લા ચાર વર્ષથી Cholestrol ની દવા પણ નિયમિત લેવાની આવી છે. આપ મને આ બે દવાની છૂટ આપી શકો ?’’

ગુરુભગવંતે કહ્યું : ‘‘ઉપવાસમાં મુખેથી English દવાઓ સકારણ પણ લેવાનો અમારી પરંપરામાં નિષેધ છે. એથી એ રજા નહિ અપાય.’’

‘ભલે’ કહીને તેઓ વિદાય થયા. ગુરુભગવંતને હતું કે હવે આ બહેન માસક્ષમણતપમાં સામેલ થવા આવશે નહિ. પરંતુ બન્યું વિપરીત. સામૂહિક પચ્ચક્ખાણના દિને એ બહેન પણ ક્રિયાવિધાનમાં સામેલ થયા. ગુરુભગવંતે ધ્યાન દોર્યું : ‘‘અમે જણાવી હતી એ મર્યાદા ખ્યાલમાં છે ને ?’’

‘‘હા સાહેબજી! એ જ રીતે કરીશ. એકેક ઉપવાસથી આગળ વધીશ. જેથી મોટી તકલીફ આવે તો બીજે દિ’ પારણું કરી શકાય. પરંતુ મને શ્રદ્ધા છે સાહેબજી! કે ભગવાનની અને આપની કૃપાથી મારું માસક્ષમણ નિર્વિઘ્ન થઇ જશે.’’ તપસ્વીએ શ્રદ્ધારણકતો ઉત્તર આપ્યો.

અને... ખરેખર એ તપસ્વીએ દવાની કોઇ Help-line વિના માસક્ષમણ માત્ર શ્રદ્ધાથી પરિપૂર્ણ કર્યું. યાદ આવે અહીં પેલી પંક્તિ કે :–

जो बात दवासे नहि होती, वो बात दुआसे होती है.

દુઆ (આશીર્વાદ) તો દવાથી ય ચડિયાતી બાબત છે ને ?

✤ ✤ ✤

# 32

જીવનની મુખ્ય ત્રણ અવસ્થાઓ છે : બાલ્યાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા. આપણે એમાંથી વાત કરવી છે યુવાવસ્થાની અને વૃદ્ધાવસ્થાની. યુવાવસ્થા થનગનતા ઉત્સાહનું–મક્કમતાનું પ્રતીક છે, જ્યારે વૃદ્ધાવસ્થા ઓસરી ગયેલા ઉત્સાહનું–શિથિલતાનું પ્રતીક છે. પરંતુ કેટલીક વાર ગરબડ એવી થઇ જાય છે કે યુવાનો વૃદ્ધ જેવા હોય અને વૃદ્ધો યુવાન જેવા! હોય ભલે એ યુવાન, પણ ઉત્સાહનું નામનિશાન ન મળે. માથે પડ્યું હોય એમ મરતાં મરતાં કાર્ય કરે. એ જ મુજબ એનામાં મક્કમતા ય ન જોવા મળે. દરેક બાબતમાં દ્વિધા રાખે કે થશે યા નહિ થાય. એથી વિપરીત હોય ભલે એ વૃદ્ધ, પણ સિત્તેર વર્ષે ય ઉત્સાહ ઝગમગતો હોય. કોઇ પણ કાર્ય સામે આવે. એ થનગનતા–તરવરતા ભાવે કરવા સજ્જ હોય. નિર્ણયોમાં ય કોઇ દ્વિધા–અસમંજસતા ન મળે. જાણે પહેલો વીશ વર્ષનો વૃદ્ધ અને બીજો સિત્તેર વર્ષનો યુવાન !

જાણકારો એમ કહે છે કે યુવાન વયના વૃદ્ધ બનવું નકામું કે જે કોઇ કાર્ય સારી રીતે ન કરી શકે. પણ વૃદ્ધ વયના યુવાન બનવું સરસ કે જે જીવનના હર કોઇ તબક્કે સક્રિય–Active રહી શકે. જાણકારોનો મત ભલે આ હોય. પરંતુ આત્મકલ્યાણનાં ક્ષેત્રે સંલગ્ન હોવાનાં કારણે અમારો મત આનાથી અલગ છે. અમે એમ કહીએ છીએ કે ક્ષેત્ર જો પુણ્યનું–ધર્મનું હોય તો એમાં આપણી સ્થિતિ વૃદ્ધ વયે ય યુવાન જેવી ઉત્સાહભરપૂર હોવી જોઇએ અને ક્ષેત્ર જો પાપનું–અધર્મનું હોય, એમાંથી અટકવું કોઇ રીતે શક્ય ન હોય, તો એમાં આપણી સ્થિતિ યુવાન વયના વૃદ્ધ જેવી ઉત્સાહશૂન્ય–માયકાંગલી હોવી જોઇએ!

ધર્મનાં–પુણ્યનાં ક્ષેત્રે વૃદ્ધ વયની વ્યક્તિએ ય યુવાનની જેમ કેવા ઉત્સાહભરપૂર રહેવું જોઇએ એનું નમૂનેદાર ઉદાહરણ સર્જાયું વિ.સં. ૨૦૭૪ના શાંતાક્રુઝસંઘના સામૂહિક માસક્ષમણમાં. બહોંતેર વર્ષની વૃદ્ધ વયના એ પુણ્યવાન. રહેવાનું ઉપાશ્રયથી દૂર. નિત્ય સવારે પૂજા–પ્રવચનાદિમાં અને સાંજે પ્રતિક્રમણમાં એ ચાલીને આવે. બે વાર થઇને કુલ પાંચથી છ કિલોમીટરની

પદયાત્રા થઈ જાય. આ ભાઈ માસક્ષમણમાં સામેલ થયા. ઉપવાસ આગળ વધતા ગયા. તો ય નિત્ય બે વાર ઉપરોક્ત આરાધનાર્થે આવે જ અને એ પણ ચાલીને જ.

ગુરુભગવંતે એક વાર એમના ભાવો ચકાસવા પૂછયુંઃ ''બીજા તપસ્વીઓ નિકટમાં રહેતા હોવા છતાં ગાડીમાં આવે છે. તમને ગાડીમાં જવા–આવવાનું મન નથી થતું?'' એ બહોંતેરવર્ષીય યુવાને ઉત્સાહછલકતો ઉત્તર આપ્યો : ''સાહેબજી! માસક્ષમણનો ભાવ પહેલી વાર મનમાં પ્રગટ્યો ત્યારે જ નક્કી કર્યું હતું કે માસક્ષમનાં નામે–કારણે કોઈ જ નવી સુવિધા લેવી નહિ. માસક્ષમણ પૂર્વે જે Lifestyle હતી એ જ રાખીશ. હું જીવનભર આ રીતે ચાલવાથી ટેવાયેલ છું. એથી માસક્ષમણમાં ત્રીશે ય દિવસ આમ જ કરીશ. હું માથે બરાસ–બામ વગેરે પણ કાંઈ લગાવતો નથી!'' તપસ્વીના આ ' હટકે' વિચારોથી ગુરુભગવંત દંગ રહી ગયા.

બીજી એક વાર આ જ તપસ્વીની ભાવના ચકાસવા ગુરુભગવંતે પ્રશ્ન કર્યો : ''એક તરફ તમે સહુથી અલગ પડે તેવા ઉપરોક્ત વિચારો રાખ્યા છે અને બીજી તરફ તમે પહેલે જ દિવસે સળંગ સોળ ઉપવાસના પચ્ચક્ખાણ લીધા. તમારી વય જોતાં તમને ભય ન લાગ્યો કે આ બધું એક સાથે ન થયું તો?'' ભાઈએ અફલાતૂન ઉત્તર આપ્યોઃ ''સાહેબજી! આપે પહેલા દિવસે એમ કહ્યું હતું કે ''પ્રભુ મહાવીરદેવનાં શાસનમાં એક સાથે સળંગ ઉપવાસનાં પચ્ચક્ખાણ સોળ સુધી લઈ શકાય, એથી વધુ નહિ.'' એટલે મેં સોળના પચ્ચક્ખાણ લીધા. બાકી જો એક સાથે ત્રીશ ઉપવાસના પચ્ચક્ખાણની રજા અપાતી હોત તો મેં પહેલે જ દિવસે ત્રીશના પચ્ચક્ખાણ લીધા હોત !''

'ધનંજયનામમાલા' ગ્રન્થમાં ''उत्साहो विक्रमो मत:'' પંક્તિ દ્વારા ઉત્સાહ અને પરાક્રમ બે શબ્દોને પરસ્પરના પર્યાયવાચી ગણ્યા છે. પરાક્રમભર્યો ઉત્સાહ બહોંતેર વર્ષની વયે ય કેવો હોય તે આ ઘટનામાં પ્રતિબિંબિત થાય છે. એ બહોંતેર વર્ષના 'યુવાન' તપસ્વીનું નામ છે વિજયભાઈ હીરજી શાહ.

✤ ✤ ✤

# 33

જૈન શાસનમાં છ-છ આરાનાં બે કાળપ્રમાણ દર્શાવાયા છે : એક છે ઉત્સર્પિણીકાળ અને બીજો છે અવસર્પિણીકાળ. બે કાળપ્રમાણ પૂર્ણ થાય ત્યારે એક કાળચક્ર બને. ઉત્સર્પિણીકાળની ખાસિયત એ છે કે એમાં આયુષ્ય-બળ વગેરે બાબતો ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી મળે. જ્યારે અવસર્પિણીની ખાસિયત વિપરીત છે કે એમાં આયુષ્ય-બળ વગેરે બાબતો ઉત્તરોત્તર હાનિ પામતી મળે.

અમે પ્રવચનોમાં ઘણી વાર એમ કહીએ કે ઉત્સર્પિણીના અને અવસર્પિણીના કાળ ભલે બહુ દીર્ઘ છે. પરંતુ આપણાં જીવનમાં ઉત્સર્પિણી-અવસર્પિણીના બે ય કાળના અનુભવો એક વર્ષમાં, અરે! એક દિવસમાં ય થઈ શકે છે ! તપ-સંયમ આદિ શુભ ભાવો ઉત્તરોત્તર ચડિયાતી ધારાએ હોય ત્યારે સમજવાનું કે જીવનનો આ ઉત્સર્પિણીકાળ છે અને એ શુભ ભાવો ઉત્તરોત્તર હીન થતા જાય તો સમજવું કે જીવનનો આ અવસર્પિણીકાળ છે!

તપક્ષેત્રે ઉત્સર્પિણીકાળ કેવો હોય એની એક સરસ ઘટના સર્જાઈ વિ.સં. ૨૦૭૪ના શાંતાક્રુઝ સંઘના સામૂહિક માસક્ષમણમાં. વિરલભાઈ દિનેશચન્દ્ર શેઠ નામે યુવાને માતા સાથે માસક્ષમણ આરંભ્યું. તપનો કોઈ ખાસ મહાવરો નહિ. છતાં પ્રથમ દિવસના માહોલમાં અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ લઈ લીધા. તપ હોય એટલે કસોટી આવે જ ને? પાંચમા-છટ્ઠા-સાતમા ઉપવાસો એવા કઠિન થયા કે ભાઈએ અટ્ઠાઈ પછી પારણું જ નક્કી કરી લીધું. તપના ભાવની દૃષ્ટિએ આ અવસર્પિણીકાળ હતો. વળી આઠમો ઉપવાસ સરસ થયો. ભાઈના ભાવો ઉત્સર્પિણીના થયા કે કાલે સવારે ભક્તિઅનુષ્ઠાનમાં જવું ને એક ઉપવાસ નવો કરવો.

સંવેદનાઓ સાંભળતાં ભાઈના ભાવો ઓર વધ્યા કે હવે અટ્ઠમનું જ પચ્ચક્ખાણ લઈશ. પચ્ચક્ખાણસમય આવ્યો ત્યારે ભાવ ઓર વિકસ્વર થયા કે હવે અટ્ઠાઈનું પચ્ચક્ખાણ લઉં અને...ખરેખર પચ્ચક્ખાણ અપાયું ત્યારે એમણે એક સાથે અગિયારનાં પચ્ચક્ખાણ લીધા! એમણે અને માતા હંસાબહેને શાતાપૂર્વક માસક્ષમણ પૂર્ણ કર્યું.

**પ્રાર્થના પ્રભુને એટલી જ કરીએ કે ''પ્રભુ! તપ જ નહિ, આરાધનાનાં તમામ ક્ષેત્રોમાં અમારા ભાવો ઉત્સર્પિણીકાળના રહે અને વિરાધનાનાં તમામ ક્ષેત્રોમાં, જો એનાથી વિરમી ન જ શકાય તો, અવસર્પિણીકાળના રહે...''**

✤ ✤ ✤

# 34

આસન્નઉપકારી ચરમતીર્થપતિ ભગવાન મહાવીરપ્રભુનાં જીવનમાં અઢળક અદ્ભુત ચમત્કૃતિપૂર્ણ ઘટનાઓ મળી રહે છે. એમાંની કેટલીક ઘટનાઓ છે પ્રભુના બાલ્યવયના પરાક્રમોની. હજુ તો જે રાત્રિએ પ્રભુનું જન્મકલ્યાણક થયું એ જ રાત્રિએ પ્રભુએ જમણા ચરણઅંગૂઠામાત્રથી લાખયોજનપ્રમાણ સર્વદા નિષ્પ્રકંપ મેરુગિરિરાજને કંપાયમાન કરી દીધો, તો શાળાએ જઈ એક પણ અક્ષર ભણ્યા ન હોવા છતાં પાઠશાળાના પંડિતની વર્ષોપુરાણી ગૂઢ શંકાઓનાં સમાધાન પ્રભુએ કરી દીધા; ભયાનક રૌદ્ર વિષધર સર્પથી ડર્યા વિના સાવ બાલકુમાર પ્રભુએ એને પૂંછડીથી પકડી ચક્કર ચક્કર ફેરવતા ફગાવી દીધો, તો સાત તાડ જેવડું વિરાટ રાક્ષસીરૂપ ધરનાર દેવને એક મુષ્ટિપ્રહારે બાળપ્રભુએ શરણાગત કરી દીધો હતો. બાળપ્રભુના આવા આવા શૈશવકાલીન પરાક્રમોનાં કારણે 'કલ્પસૂત્ર સુબોધિકાટીકા' સંસ્કૃત ગ્રન્થમાં પ્રભુ માટે વાક્યપ્રયોગ કરાયો છે કે ''बाल्येऽप्यबालपराक्रमः.'' મતલબ પ્રભુ બાળવયે પણ અ-બાલ પરાક્રમ ધરાવતા હતા!

તેઓ તો તીર્થંકરપ્રભુ હતા. એમના બાલવયના પરાક્રમોની કોઈ તુલના-સરખામણી ન થઈ શકે. પરંતુ પ્રભુના વારસદાર જૈન સંઘના બાળ સભ્યો ક્યારેક એવા પરાક્રમો કરે છે કે ત્યારે યાદ આવી જાય ઉપરોક્ત ''बाल्येऽप्यबालपराक्रमः'' વિશેષણ. નાના બાળકો દીક્ષા સ્વીકારે એ ય અ-બાલ પરાક્રમ છે, તો નાના બાળકો સળંગ ત્રીશ ઉપવાસનો અતિ કઠિન માસક્ષમણતપ કરે એ પણ અ-બાલ પરાક્રમ જ છે. વિ.સં.૨૦૭૪ના કાંદિવલી-શંખેશ્વરસંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણમાં આ અ-બાલ પરાક્રમની એક નહિ પાંચ-પાંચ ઘટના એક સાથે સર્જાઈ!

ચાતુર્માસ શરૂ થયું હતું અને માસક્ષમણના પડઘમ બજી રહ્યા હતા. એમાં અગિયાર વર્ષના બાલકુમાર વંશે પરિવારમાં વાત કરી કે ''મારે પણ માસક્ષમણ કરવું છે.'' પહેલી વારમાં તો પરિવારજનોએ ચિંતાતુર થઈ ઘસીને ના જ પાડી દીધી કે

‘‘તારે માસક્ષમણનો વિચાર પણ ન કરાય. તારે ખાવા–પીવાનું અને Schoolમાં જવાનું.’’બાળકનું મન મક્કમ હતું. એ ગુરુભગવંતને કહી આવ્યો કે ‘‘સાહેબજી! મારા મમ્મી–પપ્પાને સમજાવો. એ મને માસક્ષમણ નથી કરવા દેતા.’’ ગુરુભગવંતે પરિવારજનોને બોલાવી સમજાવ્યા કે ‘‘બાળક માસક્ષમણ ન જ કરી શકે એવું ન માનશો. અમારા સમુદાયમાં સામૂહિક માસક્ષમણોનાં આયોજનોની શરૂઆત થઈ તે જ ચાતુર્માસમાં દશ વર્ષની બાલકુમારી વિધિએ ખૂબ શાતાપૂર્વક માસક્ષમણ કર્યું હતું. વળી આપણે ક્યાં એને અટ્ઠમ–અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ આપી દેવા છે? આપણે એકક ઉપવાસનાં પચ્ચક્ખાણ આપીશું. એને નિરુત્સાહ ન કરો. બલ્કે એમ વિચારો કે તમારું બાળક ધર્મી–સંસ્કારી છે. માટે આટલી નાની વયે માસક્ષમણના મનોરથ કરે છે. બાકી આ વયે એક ઉપવાસની ભાવના ય કેટલા બાળકને થાય છે?’’

અંતે નક્કી થયું કે વંશને એક ઉપવાસથી Start કરાવવું. ‘દીવાથી દીવો પ્રગટે’ એમ એક બાળકમાં પ્રગટેલ આ તપજ્યોત બીજા બાળકોમાં પ્રગટી. બાર વર્ષની વૃષ્ટિ, તેર વર્ષની સૌમ્યા, ચૌદ વર્ષની આયુષી અને પંદર વર્ષનો મોક્ષિલ : એમ કુલ પાંચ બાળકોએ સહુની સાથે માસક્ષમણ આરંભ્યું. દેવ–ગુરુની કૃપા વરસતી રહી, ઉપવાસ પર ઉપવાસની શૃંખલા સર્જાતી રહી અને બાળકો બાળતપસ્વીનાં રૂપમાં ઠેઠ મંઝિલ સુધી પહોંચી ગયા. વંશને પૂછવામાં આવતું કે ‘‘તને ભૂખ નથી લાગતી?’’ ત્યારે એ બાળસહજ ભદ્રિકતાથી ઉત્તર આપતો કે ‘‘સાહેબજી પચ્ચક્ખાણ જ એવું આપે છે કે ભૂખ ન લાગે.’’ બાળહૃદયની શ્રદ્ધાએ જ કલ્પનાતીત કમાલ કરી હશે કે શું? જે હોય તે, પરંતુ બાળકોનું આ અદ્ભુત તપપરાક્રમ આપણને જાણે ઢંઢોળી રહ્યું છે કે આ બાળકોએ તો તપક્ષેત્રે જાગી જઈને સાવ નાની વયે અણધારી કમાલ કરી. આપણે ક્યારે જાગીશું?

✤ ✤ ✤

# 35

સમર્થ શાસ્ત્રકાર પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે 'અધ્યાત્મસાર' ગ્રન્થમાં એક પંક્તિ લખી છે કે ''आलम्बनैः प्रशस्तैः, प्रायो भावः प्रशस्त एव यतः.'' આ પંક્તિ એમ કહે છે કે જો આલંબનો–નિમિત્તો વ્યક્તિને પ્રશસ્ય–ઉત્તમ મળે તો પ્રાયઃ એ વ્યક્તિના ભાવ પણ શુભ નિમિત્તોનાં કારણે પ્રશસ્ય–ઉત્તમ બને. ઈતિહાસ કહે છે કે મંત્રીશ્વર અભયકુમારે પાઠવેલ પ્રભુપ્રતિમાનાં દર્શને અનાર્યદેશના રાજકુમાર આર્દ્રકનું આત્મોત્થાન થયું અને એ સાધુપદ–શિવપદના શિખર સર કરી શક્યા. મહાતાપસ તામલિને જીવનની અંતિમ ક્ષણોમાં, ઈર્યાસમિતિનાં પાલનપૂર્વક વિહાર કરી રહેલ મુનિવરોનાં દર્શન થયા અને એ તે ક્ષણે એમને દુર્લભ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ!

મૂર્તિનાં અને મુનિવરનાં આલંબનો તો નિર્વિવાદ શુભ છે. એથી એમનાં નિમિત્તે શુભ પરિણામો – શુભ ભાવો હાંસલ થઈ શકે તે સમજાય તેવી વાત છે. પણ આમન્ત્રણપત્રિકાનાં નિમિત્તે કોઇનાં જીવનમાં ઉત્તમ શુભ ભાવો પ્રગટી જાય અને એનો શ્રેષ્ઠ અમલ પણ થાય એમ માની શકાય? જેમને સંસારના ભભકાઓમાં નહિ, પણ ધર્મનાં સુકૃત્યોમાં જ 'આડંબર–દેખાડા' લાગે છે તેઓ તો પત્રિકાને Waste of Money માને છે. તેઓ પત્રિકાનાં કારણે શુભ ભાવો પ્રગટે એવી કલ્પના ય ન કરી શકે. પરંતુ વિ.સં.૨૦૭૫ના પાર્લા–ચિંતામણિસંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણમાં એક ઘટના આવી અદ્‌ભુત સર્જાઇ હતી.

ત્યાં સામૂહિક માસક્ષમણનો માહોલ નેત્રદીપક બન્યો હતો. Oneday Matchનો Score જેમ ઝડપભેર વધે તેમ Passનો Number રોજ રોજ ઝડપથી વધતો હતો. એમાં એક દિવસ સવાર સવારમાં ઘાટકોપર–મુનિસુવ્રત–જિનાલયસંઘનો એક ધર્મપરિચિત પરિવાર ગુરુભગવંતને વંદનાર્થે આવ્યો. પરિવારના મોભી હર્ષથી હસુ હસુ થતા ચહેરે બોલી ઊઠ્યા : ''મારી પુત્રવધૂ જિજ્ઞા

માટે તો કમાલ થઇ ગઇ. આપ રહ્યા છો પાર્લામાં અને આપની પ્રેરણા એની પાસે પહોંચી ગઇ ઘાટકોપરમાં.''

''એટલે ? કાંઇ સમજાયું નહિ.'' ગુરુભગવંતે કહ્યું.

''સાંભળો, આપના ચાતુર્માસપ્રવેશની પત્રિકા અમારા ઘરે આવી અને એ સહુથી પ્રથમ વાંચી જિજ્ઞાએ. એમાં પાર્લામાં સામૂહિક માસક્ષમણનું આયોજન થયાનું વાંચી એનો ભાવોલ્લાસ એટલો બધો વધી ગયો કે એણે ત્યારે જ ઘરમાં જાહેર કરી દીધું હું માસક્ષમણ કરવાની છું !''

શુભ નિમિત્ત ક્યાં ક્યારે કોને સચોટ અસરો કરી દે એનું આ પ્રત્યક્ષ ઉદાહરણ નિહાળી ગુરુભગવંતની આંખમાં અહોભાવનાં અંજન અંજાયાં. જિજ્ઞાબહેન પરિવારજનો સાથે ત્યાં જ ઉપસ્થિત હતા. એ ભાવોથી ગદ્ગદ્ હતા. હવે વાતચીતનો દોર એમણે સંભાળ્યો.

એ બોલ્યાઃ ''સાહેબજી ! મારે દરેક નવાં પચ્ચક્ખાણ આપનાં મુખેથી જ લેવા છે. એ માટે હું દરેક નવાં પચ્ચક્ખાણ દિને ઘાટકોપરથી સવારે જ આવીશ. મારે બાળકનો School નો સમય પણ સાચવવાનો હોય છે. આપને એટલી જ વિનંતિ છે કે મારા માટે તુર્ત સમય આપી વાસનિક્ષેપ–પચ્ચક્ખાણદાન કરી આપશો ? મારે આપની શ્રદ્ધા પર જ માસક્ષમણની નૈયા પાર કરવી છે.''

ગુરુભગવંતે સુધારો કર્યો : ''શ્રદ્ધા પહેલી પરમાત્મા પર અને બીજી અમારા દિવંગત ગુરુદેવો પર. એમનાથી માસક્ષમણની નૈયા પાર ઊતરશે, અમારાથી નહિ. બીજી વાત તમે વાસનિક્ષેપ–પચ્ચક્ખાણની વાત કરી. એ તો સમયસર તુર્ત થઇ જશે. તમે આટલે દૂરથી પચ્ચક્ખાણાદિ માટે આવો તો અમારું ય કર્તવ્ય છે કે તમને સમયાદિની સુવિધા યથાસંભવ મળે.''

**આરાધક રાજી થયા. સળંગ ઉપવાસનો ખાસ કોઈ અનુભવ ન હતો. છતાં શ્રદ્ધા અને ભાવોલ્લાસના જોરે એમણે ત્રણ–પાંચ–અગિયાર અને અગિયાર : આ ચડતા ક્રમના ચાર જ પચ્ચક્ખાણમાં માસક્ષમણ પરિપૂર્ણ કર્યું : પ્રવચનાદિ કોઈ પ્રેરણારૂપ આલંબન ન મળવા છતાં ય!**

**માત્ર પત્રિકા દ્વારા પ્રબળ–સબળ પ્રેરણા પામનાર જિજ્ઞાબહેન આપણને કહી રહ્યા છે કે ''શુભ નિમિત્તો તો આજે ય આપણી આસપાસ અઢળક વેરાયેલાં છે. એને જો તક્ની જેમ ઝડપી લેતાં શિખાય તો જીવનમાં અસામાન્ય ઉપલબ્ધિઓ અવશ્ય થઇ શકે.''**

✤ ✤ ✤

# 36

Olympicની World levelની સ્પર્ધાઓમાં વિવિધ વિભાગોના રમતવીરોની Quality પણ World levelની હોય છે, તો એમની વચ્ચેની હરિફાઇ પણ 'કાંટે કી ટક્કર' જેવી હોય છે. કેટલી ય સ્પર્ધાઓમાં પ્રથમ–દ્વિતીય ક્રમાંકે આવનાર વચ્ચે Secondના સોમા ભાગ જટલું ય અંતર ન હોય. દર્શકો તો નરી આંખે પરખી પણ ન શકે કે બેમાંથી પ્રથમ કોણ છે? માત્ર વિશષ્ટ સાધનોથી એ ફર્ક નક્કી થાય અને વિજેતા જાહેર થાય.

રમતનું ક્ષેત્ર તો ભૌતિક છે અને એમાં હરિફાઇનું તત્ત્વ છે. પરંતુ જે નિતાંત આત્મકલ્યાણનું ક્ષેત્ર છે અને જ્યાં હરિફાઇ બિલકુલ નથી, બલ્કે માત્ર ઊછળતાં ભાવની આરાધના છે ત્યાં એવું નિહાળવા મળે કે આમાં Champion કોણ? ત્યારે હૈયું ભાવવિભોર–અનુમોદનાથી ઓળઘોળ થઇ જાય. વિ.સં.૨૦૭૫ના પાર્લા–ચિંતામણિ સંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણમાં એક નહિ, ત્રણ ત્રણ આવાં ઉદાહરણો મળ્યાં. એ પૈકીના પ્રથમ બે માટે તો જાણે Secondના સોમા ભાગનું અંતર હોય એવી ઉત્કૃષ્ટતા લાગે. ત્રીજું ઉદાહરણ પૂર્વના બેથી થોડું પછીનું લાગે. પરંતુ આપણી સરખામણીમાં તો ત્રીજું ઉદાહરણ પણ Champion જ લાગે! આવો, નિહાળીએ એક સાથે આ ત્રણ તપસ્વીઓનું વંદનીય પરાક્રમ.

પાર્લા–ચાતુર્માસપ્રવેશનો મંગલદિન. માત્ર પાર્લાના નહિ, સમગ્ર મુંબઈના સૌથી વિરાટ આરાધનાભવનરૂપે જેનું સ્થાન છે તે પંચમજલી નૂતન ભવનનું વાસ્તુક્લશવિધાન તે દિવસે માતબર ઉછામણી સાથે થયું અને તે જ સભામાં માત્ર આઠથી દશ Minuteમાં સામૂહિક માસક્ષમણના બસો સિત્તેર Pass આરાધકો દ્વારા ચપોચપ લેવાઇ ગયા. જેમણે વાસ્તુકળશનો લાભ લીધો હતો એ પુણ્યાત્મા સંઘપ્રમુખ ભરતભાઇ બોલ્યા : ''સાહેબજી! વાસ્તુકળશ પૂર્વેનો સ્વસ્તિક સંઘના વિશિષ્ટ તપસ્વી કે જેઓ બસો પીસ્તાલીશ દિવસની મહાભદ્રતપસાધના કરે છે તેમના હસ્તે કરાવીએ.''

ગુરુભગવંતે સંમતિ આપી. તપસ્વી બહેન સ્વસ્તિક માટે સભામાંથી આગળ આવ્યા ત્યારે ગુરુભગવંતને ખ્યાલ આવ્યો કે તપસ્વી ધર્મપરિચિત છે. મનોમન ગુરુભગવંતને થયું કે આ વર્ષે પાર્લામાં માસક્ષમણનો જ માહોલ છે. એમાં આવા પ્રસિદ્ધ તપસ્વી સામેલ થયા હોત તો સુવર્ણમાં સુગંધ ભળત. પરંતુ હવે તો તેઓ મહાભદ્રતપ કરે છે. માટે એની જ અનુમોદના કરવી રહી. ગુરુદેવે એ તપસ્વીને માસક્ષમણ અંગે ઈશારો પણ ન કર્યો.

સમૂહ માસક્ષમણપ્રારંભના પૂર્વદિને તપસ્વી આવ્યા અને કહે : ''સાહેબજી! મહાભદ્રતપ વચ્ચે કાલથી મારે ૪૮ ઉપવાસ શરૂ કરવાની ભાવના છે. આપ સમૂહમાં માસક્ષમણ કરાવો છો તો મારે એમાંથી બાકાત કેમ રહેવાય? ૪૮ ઉપવાસ એટલા માટે કે જે જે તપ થઈ ગયા છે એ પ્રાયઃ Repeat ન કરવાની મારી સામાન્ય ભાવના હોય છે.'' ગુરુભગવંતને અનહદ્ આશ્ચર્ય અને આનંદ તો થયો. પરંતુ એ બહેનની તપક્ષેત્રની અઢળક આરાધનાઓની સાંભળેલ વાતથી આમાં કાંઈ અશક્ય ન લાગ્યું. ગુરુભગવંતની અને સંઘની ધારણા મુજબ જ બહેને પૂર્ણ સમતાભાવે મહાભદ્રતપ વચ્ચે ૪૮ ઉપવાસ સંપન્ન કર્યા!

તે વર્ષ સુધીની એમની મુખ્ય તપયાદીમાં ૩૦ ઉપવાસ–૪૫ ઉપવાસ–પંચપરમેષ્ઠીના ગુણ પ્રમાણે તે તે ગુણસંખ્યાના સળંગ ઉપવાસ સાથે કુલ એકસો આઠ ઉપવાસ અને તેમાં છેલ્લા બે પદના સળંગ મળી અખંડ ત્રેપન ઉપવાસ–શ્રેણિતપ–સિદ્ધિતપ–છટ્ઠથી એક અને અન્ય ચાર એકેક ઉપવાસથી મળી કુલ પાંચ વર્ષીતપ–પાર્શ્વપ્રભુના એકસો આઠ અટ્ઠમ–મહાવીરપ્રભુના બસો ઓગણત્રીશ છટ્ઠ અને અન્યાન્ય  નાના વિવિધ તપ ! છે ને આશ્ચર્ય થાય તેવી તપશૃંખલા. આ મહાન તપસ્વીનું નામ છે જ્યોતિબહેન ભૂપેન્દ્રભાઈ બાવીશી.

હવે કરીએ બીજા તપસ્વીની વાત. માસક્ષમણના બે દિવસ પૂર્વે તેઓ અન્ય આરાધકો સાથે આવ્યા ત્યારે સાથેના આરાધકોએ હળવાશથી કહ્યું : ''સાહેબજી! આ

અમારા Seasoned batsman છે. આમણે ઘણા માસક્ષમણો કર્યા છે. એમના માટે માસક્ષમણ રમત વાત છે.'' ગુરુભગવંતે જિજ્ઞાસાથી પૂછ્યું : ''આ સાથે કેટલા માસક્ષમણ થાય?'' ''સાહેબજી! આ મારું સોળમું માસક્ષમણ થશે.'' તપસ્વીએ કહ્યું. અહોભાવ છલકતાં અંતરે ગુરુભગવંતે અન્ય તપસ્યાની વાત પૂછી તો ઉત્તર આ આવ્યોઃ ''૧૦૮ ઉપવાસ–૭૫ ઉપવાસ–૬૮ ઉપવાસ–૫૧ ઉપવાસ–ગુણરત્નસંવત્સરતપ–શ્રેણિતપ–સિદ્ધિતપ–ભદ્રતપ–પાંચસો આયંબિલ!'' સોળમું માસક્ષમણ પાર્લાના સમૂહ માસક્ષમણમાં સંપન્ન કરનાર એ તપસ્વીનું નામ છે મીનાબહેન રમેશભાઈ મહેતા. એમણે પોતાના એક સંતાનને સંયમપંથે વિદાય પણ આપી છે!

ત્રીજા તપસ્વી એવા હતા કે તેઓ સળંગ સત્તાવીશ વર્ષથી અખંડ વર્ષીતપ કરે છે. તે દરમ્યાન જ્યારે જ્યારે ભાવોલ્લાસ વધે ત્યારે ત્યારે માસક્ષમણ કરે. પાર્લાના સામૂહિક માસક્ષમણ પ્રસંગે તેઓએ સત્તાવીશમા વર્ષીતપ વચ્ચે બારમી વાર માસક્ષમણની આરાધના કરી! નામ છે એમનું રતનબહેન.

કેટલાક જીવો તપના સુકાળગ્રસ્ત પ્રદેશના હોય છે જાણે, તો મોટા ભાગના જીવો તપના દુષ્કાળગ્રસ્ત પ્રદેશના હોય છે. ઉપરોક્ત ત્રણ તપસ્વીઓને આપણે તપના સુકાળગ્રસ્ત પ્રદેશના વાસી કહીશું, તો જેઓ સંવત્સરીમહાપર્વે ય એકાસણા માટે ઠાગાઠૈયા કરે એમને તપના દુષ્કાળગ્રસ્ત પ્રદેશના વાસી કહીશું. આપણે જો તપના દુષ્કાળગ્રસ્ત પ્રદેશના વાસી હોઈએ તો પ્રાર્થના પ્રભુને આ કરીએ કે :– ''હે ભગવંત! ઉપરોક્ત ત્રણે ય ને આપે બાર–બાર સોળ–સોળ માસક્ષમણો અને અ..ધ..ધ તપસ્યાઓ કરવાનું સામર્થ્ય આપ્યું. તો મને એક વાર તો માસક્ષમણ કરવાનું સત્ત્વ આપો. અમે ય આપના જ ભક્ત છીએ અને આપ ભક્તવત્સલ છો એની અમને પાકી ખબર છે. માસક્ષમણ જેવું કઠોર તપ નહિ કરીએ તો અમારાં કર્મો ખપશે શી રીતે?''

✤ ✤ ✤

# 37

પવિત્ર આગમગ્રન્થ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના પ્રથમ વિનયશ્રુતઅધ્યયનની તેરમી ગાથામાં સુશિષ્ય માટે એક અદ્ભુત વિશેષણ અપાયું છે 'चित्ताणुआ.' એ એમ જણાવે છે કે જે ઉત્તમ શિષ્યો છે તે ગુરુદેવનાં ચિત્તને–એમની ભાવનાને અનુસરનારા છે. ગુરુની ઈચ્છા એ જ એમની ઈચ્છા! ગુરુની ભાવના એ જ એમની ભાવના : જાણે કે સંજ્ઞી હોવા છતાં એ સ્વતંત્ર ઈચ્છાની બાબતમાં અસંજ્ઞી! 'ઉપદેશમાલા' ગ્રન્થમાં આનાથી જરા અલગ રીતે, પણ આટલી જ હૃદયસ્પર્શી બની જાય તેવી, વાત આમ પ્રસ્તુત થઈ છે કે જેમનું કલ્યાણ ખૂબ નિકટમાં થવાનું હોય તેઓ જ ભગવાનની જેમ ગુરુની પર્યુપાસના કરે છે! આ બન્ને પ્રસ્તુતિમાં સદ્ગુરુ પ્રત્યે શિષ્યનો સમર્પણભાવ કેવો પરાકાષ્ઠાભર્યો છે એ દૃશ્યમાન થાય છે.

પણ...સબૂર! શાસ્ત્રોની આ રજૂઆતો સર્વવિરતિધર સંયમીઓને અનુલક્ષી મુખ્યતઃ કરાઈ છે. હવે જો આવું જ સમર્પણ શ્રાવક–શ્રાવિકાવર્ગમાં નિહાળવા મળે તો આંખ–અંતર વિસ્મયવિસ્ફારિત શું ન થઈ જાય? થઈ જ જાય. કારણ કે શાસ્ત્રકથિત જે સમર્પણભાવ સંયમીઓને પણ આત્મસાત્ કરવો અતિ કઠિન બની રહે તે સમર્પણભાવ ગૃહસ્થવર્ગમાં અપેક્ષિત પણ ન હોય. આવો અનપેક્ષિત સમર્પણભાવ, ભલે તપશ્ચર્યાના પ્રસંગ પૂરતો, નિહાળવા મળ્યો વિ.સં. ૨૦૭૫માં પાર્લાસંઘમાં આયોજિત સામૂહિક માસક્ષમણમાં.

ત્યાં એવું બનતું કે લગભગ દરેક આરાધક માસક્ષમણ જેવી ઉગ્ર–કઠિન તપસ્યા સારી રીતે સંપન્ન થાય એ માટે પોતાનાં Planning ધરાવે. ભલે એમાં એ ગુરુભગવંતનું માર્ગદર્શન લે, પરંતુ Planning તો પોતાનું રાખે જ. ઉદાહરણરૂપે જેઓ Full confidence ધરાવતા હોય તેઓ ગુરુભગવંતના માર્ગદર્શનાનુસાર પહેલા જ દિવસે સોળ–અગિયાર આદિ ઉપવાસના પચ્ચક્ખાણનાં Planning કરે, તો જેઓ જીવનમાં પ્રથમ વાર જ એક ઉપવાસ કે અટ્ઠમ કરી રહ્યા હોય તેઓ

ગુરુભગવંતના માર્ગદર્શનાનુસાર એકેક ઉપવાસથી આગળ વધવાનાં Planning કરે. પરંતુ સત્તર ભાવિકોનું એક આરાધક Group એવું હતું કે એમનું ઉપવાસસંબંધી કોઈ જ Planning ન હતું. Planning ગણો તો એક જ હતું કે ગુરુભગવંત જે કહે તે 'તહત્તિ' કરવું. એ અટ્ઠાઈ કહે તો અટ્ઠાઈ અને અટ્ઠમ કહે તો અટ્ઠમ કરવો : આ એમનો અભિગમ હતો.

આ અભિગમથી ખુદ ગુરુભગવંત મીઠી મુંઝવણમાં મુકાઈ જતા. એ કહેતા : ''સત્તરના Groupમાં દરેકની શક્તિ એકસરખી ન હોય. મારે પચ્ચક્ખાણ કઈ ધારણાથી આપવા?'' સામેથી ઉત્તર આવતો : ''સાહેબજી! અમારે તો આપનું વચન એ જ ધારણા છે. એ વચન 'તહત્તિ' કરવાથી જ અમારું માસક્ષમણ થવાની અમને પૂર્ણ શ્રદ્ધા છે. આપને જે પચ્ચક્ખાણ આપવું હોય તે આપો.'' ગુરુભગવંત કહે : ''તમારી ઈચ્છા શી છે એ જણાવો. અથવા તમારી અંદાજિત શક્તિ જણાવો. તો સરલતા રહે.'' સામેથી જવાબ આવે : ''એવી 'ઈચ્છા' કે 'શક્તિ' જણાવીએ તો પછી તહત્તિભાવ ક્યાં રહે? અમારી તો 'ઈચ્છાશક્તિ' એક જ છે કે ગુરુવચન જ તહત્તિ.''

છેવટે ગુરુભગવંતે સામૂહિક અંદાજ રાખી પચ્ચક્ખાણ કરાવ્યા. સત્તરે ય તપસ્વીઓ ઉપવાસમાં આગળ વધી રહ્યા. છેલ્લા સોળ ઉપવાસ બાકી રહ્યા ત્યારે ગુરુભગવંતે પૂછ્યું : ''હવે તો તમારા સહુનું માસક્ષમણ થવાનું જ છે. તો છેલ્લે એક સાથે સોળ ઉપવાસના પચ્ચક્ખાણની ભાવના ખરી? વર્તમાન પ્રભુશાસનનું એ સૌથી મોટું પચ્ચક્ખાણ ગણાય છે.'' જવાબ આવ્યો : ''આપને જે આપવા હોય એ પચ્ચક્ખાણ આપી શકો છો. અમારે સોળના જ લેવા યા સોળના નથી લેવા એવી કોઈ ઈચ્છા નથી. અમે તો માસક્ષમણની ભાવના કરી ત્યારથી એક જ ઈચ્છા રાખી છે ગુરુવચન તહત્તિ. અમારી ઈચ્છા રાખી હોય તો આ

કે તે પચ્ચક્ખાણની વાત આવે ને?'' જવલ્લે જ જોવા મળે એવી આ ભાવના અને મૂઠીઊંચેરી આ સમજણથી ગુરુભગવંતનું અંતર આર્દ્ર થઇ ગયું...

એક સરસ ભાવો વાંચ્યા હતા પ્રાર્થનારૂપે કે ''એ જ ઇચ્છા છે કે 'હવે મને કોઇ જ ઇચ્છા ન હો.' પ્રભુ! હવે એ પણ ઇચ્છા ન હો.''

નથી લાગતું કે માસક્ષમણતપ દરમ્યાન તપસ્વીઓના તહત્તિભાવ આવા કાંઇક અલગ જ અંદાઝના હતા?

✤ ✤ ✤

# 38

''यौवनं धनसम्पत्तिः'' પંક્તિથી આરંભાતા એક સંસ્કૃત સુભાષિતમાં ચાર નુકસાનકારી બાબતો આ દર્શાવાઇ છે : યુવાની, ધનસંપત્તિ, શક્તિ, અવિવેક. જો સાવધાની ન દાખવવામાં આવે તો આ એકેક તત્ત્વો ય જીવનને ઉન્માર્ગે લઇ જઇ બહુ જબરજસ્ત પછડાટ આપે.

પણ.. વિ.સં. ૨૦૭૫માં પાર્લા સંઘમાં આયોજિત સામૂહિક માસક્ષમણમાં એક ઘટના એવી સર્જાઇ કે જેમાં ચાર બાબતો સંલગ્ન હતી. એ એવી હતી કે જે નુકસાનકારી નહિ, લાભદાયી હતી. ખૂબી ખરી એ છે કે એમાંની પ્રથમ બે બાબતો એ જ છે કે પેલા સુભાષિતશ્લોકમાં પ્રથમના બે ક્રમમાં છે ! સુભાષિત એને ચોક્કસ પરિપ્રેક્ષ્યમાં નુકસાનકારી ગણાવે છે અને અહીં એ લાભદાયી નીવડી હતી. ઘટના એ કાંઇક આવી છે :

સંઘના એક શ્રીમંત પરિવારનો એકમાત્ર યુવાન પુત્ર. દેહની ડાળ પર યુવાની તો જાણે વસંતઋતુ બનીને મહોરી હતી. યુવાન દેખાવે એકદમ Handsome. વળી લગ્ન પણ એનાં થોડાં જ વર્ષ પૂર્વેના હતા. શ્રીમંતાઇ એવી કે મુંબઇના સૌથી મોટા આરાધનભવનમાં સ્થાન પામે તેવા પાર્લાના આલીશાન પંચમજલી નૂતન આરાધનાભવનનાં મુખ્ય નામાંકનની ઉછામણી એ જ ચાતુર્માસમાં ગુરુભગવંતની નિશ્રામાં યોજાઇ ત્યારે અત્યંત માતબર ઉછામણીમાં એનો બે ભાગ્યવાનો વચ્ચે લાભ આ જ પરિવારે લીધો હતો. ચાતુર્માસસ્થિત ગુરુભગવંતનો એ ભક્ત પરિવાર હતો. એથી યુવાનને સ્વયંસ્ફુર્ત ભાવના થઇ કે અમારા પરિવારમાં એક માસક્ષમણ તો થવું જ જોઇએ. અન્ય સભ્યોને એટલી અનુકૂળતા ન હતી જેટલી આ યુવાનને હતી. એથી એણે સ્વયં નિર્ણય લીધો કે 'મારે માસક્ષમણ કરવું.' યુવાની અને સંપત્તિ : આ બે પરિબળો અહીં Minusમાં નહિ, બલ્કે Plusમાં રહ્યા.

નિર્ણય એણે ભલે કર્યો, પરંતુ જીવનમાં કોઇ મોટો તપ એણે કર્યો ન હતો. ત્યાં વહારે આવી મજબૂત શ્રદ્ધા. એ શ્રદ્ધાથી એણે નિર્ધાર કર્યો કે ગુરુભગવંતની જે પ્રેરણા થાય એટલા ઉપવાસનાં પચ્ચક્ખાણ એક સાથે લઇશ. માસક્ષમણપ્રારંભદિનની સભામાં પ્રથમ પ્રેરણા સળંગ સોળ ઉપવાસનાં

પચ્ચક્ખાણની કરાઈ અને એ યુવાને જોમ–જુસ્સાથી સળંગ સોળના પચ્ચક્ખાણ લીધા.

ઘરે ગયા પછી દાદીમા કસ્તૂરબહેનને ખબર પડી કે પૌત્રે સળંગ સોળનાં પચ્ચક્ખાણ લીધા છે. દાદીમા સ્વયં ૯૪મી વર્ધમાનતપઓળી આરાધતા હતા. પરંતુ વ્યાજનું વ્યાજ વધુ વહાલું હોય ને? એથી પૌત્રને કહ્યુંઃ ''આમાં ભલે તે ઉતાવળ કરી. પણ હવે પછી નાના–નાના જ પચ્ચક્ખાણ લેજે. આપણે જોખમ નહિ કરવાનું.'' યુવાન પૌત્રે શ્રદ્ધાની ચમકભર્યો ઉત્તર આપ્યો : ''બા, માસક્ષમણ હું નથી કરતો, ગુરુકૃપા કરાવે છે. મને ગુરુકૃપા પર શ્રદ્ધા છે. એથી એમની જે પહેલી પ્રેરણા હશે એનાં જ પચ્ચક્ખાણનો મારો નિર્ધાર છે. કાંઈ ખોટી ચિંતા ન કરશો.''

યુવાને આ શ્રદ્ધાજન્ય શબ્દોનું અક્ષરશઃ પાલન કર્યું અને સત્તરમા દિવસે બીજા પચ્ચક્ખાણ સમયે પહેલી પ્રેરણા ચૌદ ઉપવાસની કરાતાં એણે ચૌદનાં પચ્ચક્ખાણ લીધા! બે જ પચ્ચક્ખાણમાં માસક્ષમણ કરનાર એ યુવાને અટ્ઠાવીશમા ઉપવાસે તપસ્વી બહુમાન સમારોહમાં જુસ્સાથી હૃદયોદ્ગાર વ્યક્ત કરતું પ્રવચન આપ્યું એમાં ય એણે ગુરુકૃપા પર જ વજન આપ્યું. એના પરિવારે તમામ તપસ્વીઓને પારણા કરાવવાનો ઉત્તમ લાભ લીધો.

યુવાનની શ્રદ્ધા–સરલતા નિહાળી ગુરુભગવંતે પ્રેરણા કરી કે ધર્મક્ષેત્રે મજબુતાઈથી સંલગ્ન રહેવું હોય તો સૂત્રો પણ કંઠસ્થ કરવા જોઈએ. લગભગ નવકારથી કહી શકાય તેવો શ્રુતોપાસનાપ્રારંભ માસક્ષમણમાં કરાવાયો. ગૌરવ એ છે કે વ્યાવસાયિક જવાબદારી અને માસક્ષમણ છતાં તે ચાતુર્માસના અંત સુધીમાં એણે બે પ્રતિક્રમણ સૂત્રો ગુરુભગવંતની નિશ્રામાં ભણીને કંઠસ્થ કરી દીધા!

ત્રણ નદીનાં સંગમસ્થાનને હિંદુધર્મમાં પવિત્ર તીર્થ કહેવાય છે. યૌવન–સંપત્તિ–શ્રદ્ધા–શ્રુત આ ચારના સંગમતટે સર્જાયેલ વૈભવ હરેશભાઈ સુમરિયાનાં આ માસક્ષમણને આપણે માસક્ષમણતીર્થ જ કહીશું ને?

✤ ✤ ✤

# 39

પાંચ ઇન્દ્રિયોમાંથી ચારનાં કાર્યક્ષેત્ર માત્ર એક છે. જેમ કે કાન બે છે, પરંતુ શ્રવણનું કાર્યક્ષેત્ર એના માટે એક છે. આંખ બે છે, પરંતુ દર્શનનું કાર્યક્ષેત્ર એનું એક છે. નાસિકાનાં છિદ્ર બે છે, પરંતુ ગંધનું કાર્યક્ષેત્ર એનું એક છે. ત્વચા–સ્પર્શેન્દ્રિય સર્વાંગવ્યાપી છે, પરંતુ સ્પર્શનનું કાર્યક્ષેત્ર એનું એક છે. પણ..જીભ? ત્યાં વાસ્તવિકતા વિપરીત છે. જીભ એક છે, પરંતુ એનાં કાર્યક્ષેત્ર બે છે : સ્વાદ અને વાદ.

બન્ને કાર્યક્ષેત્રમાં જીભ પર નિયન્ત્રણ પ્રાપ્ત કરવું મુશ્કેલ જ નહિ, અતિ મુશ્કેલ છે. સ્વાદની પરાધીનતાવશ લોકો આરોગ્યદષ્ટિએ પથ્ય–અપથ્ય તેમજ ધર્મદષ્ટિએ લાભકારક–હાનિકારક જેવો વિવેક વીસરી જઇ ગમે તેવી અભક્ષ્ય ચીજો વાપરે છે અને આરોગ્યદષ્ટિએ–ધર્મદષ્ટિએ નુકસાની વહોરી લે છે, તો સ્વાદની પરાધીનતાનાં કારણે જ ઘણી વાર શક્તિસંપન્ન હોવા છતાં વ્યક્તિ તપથી દૂર રહે છે અને... વાદ? કેટલાક લોકો એમ માને છે કે વાપર્યા વિના પાંચ–સાત કલાક હજુ ખેંચી શકાય. પણ બોલ્યા વિના પાંચ–સાત કલાક શું, અર્ધો કલાક પણ રહી ન શકાય! મૌન એમના માટે જાણે કે મહાબિમારી બની રહે.

પ્રભુશાસને જીભનાં આ બે કાર્યક્ષેત્ર પર નિયન્ત્રણ માટે બે સાધના દર્શાવી છેઃ એક તપની અને બીજી મૌનની. અનશન–વૃત્તિસંક્ષેપ–રસત્યાગ જેવા બાહ્યતપ સ્વાદવિજયનાં અમોઘ સાધનો છે : જો એ તપને તેવા પ્રકારની સાવધાનીથી આરાધવામાં આવે તો. એ જ રીતે કલાકોની–દિવસોની જાગૃતિપૂર્વકની મૌનસાધના વાદ પર નિયન્ત્રણનું અમોઘ સાધન બને. આ બન્ને સાધનાનો સુવર્ણસંગમ થયો હોય એવી એક ઘટના સર્જાઇ વિ.સં.૨૦૭૫માં પાર્લા સંઘમાં આયોજિત સામૂહિક માસક્ષમણમાં.

માસક્ષમણપ્રારંભના પૂર્વ દિવસે એક આરાધક બહેન અન્ય સંગાથીને સાથે લઇ ગુરુભગવંત પાસે આવ્યા. વંદન કરીને એ બોલ્યા : ''સાહેબજી! કાલે મારે

અટ્ઠાઈનાં પચ્ચક્ખાણથી માસક્ષમણ શરૂ કરવાના ભાવ છે. એમાં આપ અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ સાથે 'ધારણા અભિગ્રહ'નો પાઠ પણ ફરમાવજો ને?''

''ભલે, એ પાઠ આવરી લેવાશે. પરંતુ અભિગ્રહ એક દિવસનો કે આઠ દિવસનો એ તમે મનમાં ધારી લેજો.'' ગુરુભગવંતે કહ્યું. પ્રત્યુત્તરમાં અહોભાવ પ્રગટાવતી સ્પષ્ટતા આવી કે ''સાહેબજી! મારે મૌનનો અભિગ્રહ લેવાનો છે. એ એક નહિ, આઠ દિવસનો છે. પછી નવાં પચ્ચક્ખાણે નવો અભિગ્રહ. મારી ભાવના ઉપવાસના ત્રીશેત્રીશ દિવસ ચોવીશ કલાકનાં મૌનની છે!''

આ સ્પષ્ટતા સાંભળતા એમના સંગાથી બહેનનાં નેત્રો વિસ્ફારિત થઈ ગયા. એ કહે : ''સાહેબજી આ તો બહુ અઘરું છે. કાંઈ તપ ન કર્યો હોય એ દિવસોમાં ય વાતો વિના–બોલ્યા વિના સમય પસાર ન થાય. તો પછી ઉપવાસમાં, એ ય માસક્ષમણમાં, સમય પસાર કઈ રીતે થાય? એવું નહિ બને ને કે મૌનથી માસક્ષમણ કરવા જતાં બે–ચાર દિવસમાં જ આ કંટાળી જાય?''

''ના, ન બને. જેઓ ઊંડી સમજપૂર્વક આવા મહાતપમાં સામેલ થવા ચાહતા હોય એ જ ઉપવાસ સાથે મૌનસાધના જેવો વિકલ્પ અપનાવી શકે. 'ઉપવાસ' શબ્દનો ખરો અર્થ છે 'उप=आत्मन:समीपे वास:=स्थिरता' અર્થાત્ આત્માની નિકટ વસવું – અધ્યાત્મદશામાં વર્તવું તે છે ઉપવાસ. સમજદાર–જાગૃત આરાધકો ઉપવાસમાં Timepass માટે જેમ T.V. વગેરેમાં રસ ન લે એમ એથી ય ઉચ્ચ આલા દરજ્જાના આરાધકો Timepass માટે ફઝુલ વાતો–વિકથામાં રસ ન લે. એ બોલવાની પ્રવૃત્તિને પણ બહિર્મુખદશાનું માધ્યમ ગણે.'' ગુરુભગવંતે વિસ્તૃત સમજ આપતો આવો ઉત્તર એટલે આપ્યો કે મૌન અને માસક્ષમણની જુગલબંદી કરવા ચાહતા આરાધકને એનો હેતુ વધુ સ્પષ્ટ થાય.

હવે એ આરાધકે એમના ભાવોની પૃષ્ઠભૂમિ રજૂ કરી : ''સાહેબજી! ભગવાન મહાવીરપ્રભુના ઉપવાસ અને આપણા ઉપવાસની કોઈ સરખામણી ન જ કરાય

એ મને ખબર છે : ક્યાં રજ અને ક્યાં ગજ. પ્રભુના ઉપવાસોમાં તો ઉત્કૃષ્ટ આત્મસાધના ય હતી અને ઉપસર્ગો ય હતા, પાણીનો ય ત્યાગ હતો અને વચનનો ય ત્યાગ હતો! હું એવું બધું તો કરી શકવાની નથી. પરંતુ એમાંની એક વિશેષતા 'મૌન' તો હું અપનાવી શકું. આ પૃષ્ઠભૂમિમાં મને મૌનના વિચારો આવ્યા છે. હવે આપે અત્યારે આ 'ઉપવાસ' શબ્દનો અર્થ સમજાવ્યો એટલે હું ઉપવાસમાં વધુ ને વધુ સમય જાપમાં અને સારાં પુસ્તકોનાં વાંચનમાં પસાર કરીશ.''

સંપૂર્ણ માસક્ષમણમાં અખંડ મૌન ધરી ઉત્તમ સાધના–આરાધના કરનાર એ તપસ્વીનું નામ છે લલિતાબહેન શાહ. એક સ્પષ્ટતા કે અત્યાર સુધીના સેંકડો–સેંકડો માસક્ષમણમાં મૌન સાથે માસક્ષમણની ઘટના આ એક જ નથી. મૌન સાથે માસક્ષમણની ઘટનાઓ સંખ્યાબંધ સર્જાઈ છે. માત્ર મૌન સાથે માસક્ષમણની ઘટના જ શા માટે? ચોવિહાર માસક્ષમણથી લઈને અન્ય અનેક અદ્‌ભુત ઘટનાઓ આ માસક્ષમણોમાં એકથી વધુ વાર સર્જાઈ છે. પરંતુ તેવી એકેક ઘટનાઓની પ્રસ્તુતિ એટલા માટે થાય છે કે શક્ય તેટલી વધુ વૈવિધ્યસભર ઘટનાઓ આવરી શકાય.

મૌન સાથે માસક્ષમણના એ આરાધકો જાણે આપણને એ સાદ–નાદ સંભળાવી રહ્યા છે કે ''શ્રદ્ધા હોય–શક્તિ હોય તો જરૂર મૌન સાથે માસક્ષમણ કરજો. જો એટલી શક્તિ ન જ હોય તો કમ સે કમ એટલું અવશ્ય કરજો કે ભોજનમાં અને વચનમાં પ્રમાણભાન સચવાય–મર્યાદા સચવાય. પેલું સંસ્કૃત સુભાષિત આ જ વાત બહુ અસરકારક રીતે પ્રસ્તુત કરે છે કે :–

''जिह्वे! प्रमाणं जानीहि, भोजने वचनेऽपि च।
अति भुक्तं अतीवोक्तं, महानर्थाय जायते।।''

ભાવાર્થ કે હે જીભ! તું ભોજનમાં અને વચનમાં પ્રમાણ/મર્યાદા જાળવજે. કારણ કે અતિ ભોજન અને અતિ વચન ભયંકર અનર્થનું કારણ છે...

✤ ✤ ✤

# 40

પ્રકાશ પાથરનાર બે પરિબળો સુપ્રસિદ્ધ છે : દીપક અને Bulb. દીપક પૂર્વકાલથી ઉપયોગમાં આવતું અને સંસ્કૃતિનું પ્રતીક પરિબળ છે, જ્યારે Bulb થોમસ આલ્વા એડિસનનાં સંશોધન પછી અસ્તિત્ત્વમાં આવેલ પરિબળ છે. દીપકમાં ઘી પૂરવું–વાટ બનાવવી વગેરે વિવિધ શ્રમ છે, જ્યારે Bulbમાં Switch On કરવામાત્રથી પ્રકાશ છે અને એ પણ દીર્ઘકાલીન તેમજ અત્યંત સ્પષ્ટ. આ કારણસર લૌકિક જગતમાં Bulbનું ચલણ સૌથી વ્યાપક છે.

પરંતુ કુંભસ્થાપન જેવા પવિત્ર પ્રસંગોમાં અને જાપસાધના જેવા અનુષ્ઠાનોમાં અનિવાર્યપણે દીપકની જ બોલબાલા રહે છે, Bulbની નહિ. અમને Bulb કરતાં દીપકની વિશેષતા ચડિયાતી હોવાનું એક મહત્ત્વનાં એ પણ કારણસર લાગે છે કે એક Bulb પોતાના થકી બીજા Bulbને ઝળહળાવી શકતો નથી, જ્યારે એક દીપક અનેક દીપકોને પોતાની જ્યોતિ દ્વારા ઝળહળાવી શકે છે!

જૈન શાસનની તપશ્ચર્યા (અને અન્યાન્ય અનુષ્ઠાનો પણ) આ દીપક જેવી ક્ષમતા ધરાવે છે કે જેમાં એકનાં કારણે અન્યમાં તપની/આરાધનાની/ત્યાગની જ્યોતિ પ્રગટે. વિ.સં.૨૦૭૫માં પાર્લાસંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણ દરમ્યાન આવી ઘટનાઓ એક નહિ અનેક સર્જાઇ! આપણે ઝલકરૂપે એમાંની બે ઘટના નિહાળીએ :

પહેલી ઘટના છે માસક્ષમણ જેવા પ્રાસંગિક તપનાં નિમિત્તે કાયમી આરાધનાની. બન્યું એવું કે પાર્લામાં સામૂહિક માસક્ષમણનો માહોલ તીવ્રતાથી જામ્યો એમાં એક વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂકેલ બહેનને માસક્ષમણનો મનોરથ પ્રગટ્યો. તકલીફ એ હતી કે વય ઉપરાંત શારીરિક વિવિધ બિમારીઓ અને નબળું શરીર એમાં મોટા અવરોધક પરિબળો હતા. ઉપવાસ શરૂ કરવા કે નહિ એમાં ય એમના શ્રાવકને દ્વિધા હતી. આખર બહેનની તીવ્ર ભાવનાવશ એમણે ઉપવાસનો પ્રારંભ કરાવ્યો.

એક...બે...ત્રણ : ઉપવાસ આગળ વધતા તો ગયા. પરંતુ રોજ કાંઇ ને કાંઇ શારીરિક ફરિયાદો ઊઠ્યા કરે. ચાર...પાંચ...છ... સાત : ઉપવાસ થતા ગયા. પણ કોઇ અંદાજ બંધાતો ન હતો કે માસક્ષમણ થશે યા નહિ : જાણે હાલક ડોલક નૈયા! એમના શ્રાવકને ચિંતા હતી કે શ્રાવિકા તપ માટે મક્કમ છે. પણ આ સ્થિતિ ક્યાં જઇને પહોંચશે? નિયમ એ છે કે વ્યક્તિ જ્યારે અસાધારણ અસહાયતાનો અનુભવ કરે ત્યારે પ્રભુનાં શરણે–ધર્મનાં શરણે જાય. એથી જ કહેવાયું છે કે ''धर्मः शरणमापदि.'' આ ભાઇને આઠમા દિને સવારે વિચાર આવ્યો કે કોઇ કાયમી શક્ય આરાધનાનો સંકલ્પ કરું તો શ્રાવિકાનું માસક્ષમણ પાર ઊતરે. એમણે નિર્ણય કર્યો કે કાયમ માટે પાંચ તિથિ પ્રતિક્રમણ કરીશ, જો શ્રાવિકાનું માસક્ષમણ નિર્વિઘ્ને થઇ જાય તો.

શુભ સંકલ્પનો પ્રભાવ ગણો કે કસોટીમાં ટકી રહેવાનો ઉપહાર ગણો : બહેનની તપશ્ચર્યાની ગાડી અવરોધ વિના ગતિશિલ રહી અને અંતે માસક્ષમણના Station પર સહીસલામત પહોંચી. એ તપસ્વીનું નામ છે કોકિલાબહેન અને શ્રાવકનું નામ છે સુરેશભાઇ.

બીજી ઘટના આનાથી જરા અલગ, પણ એટલી જ ક્ષમતાથી આરાધનાજ્યોતિ પ્રગટાવનાર બની. પાર્લામાં આરાધકો મોટી સંખ્યામાં સામેલ થઇ રહ્યા હતા. તેના Passનાં આંકડાઓ જાણી એક સ્થાનકમાર્ગી ભાઇ કે જેઓ આરાધના પણ સ્થાનકમાં જ કરતા હતા એમણે અહોભાવથી નિર્ણય કર્યો કે જે જે તપસ્વીઓ આગળ વધે તે તમામના માસક્ષમણ કોઇ પણ વિઘ્ન વિના પૂર્ણ થાય તે માટે અને એમના તપની અનુમોદના થાય તે માટે હું આ સમગ્ર ચાતુર્માસ દરમ્યાન બ્રહ્મચર્યપાલન–રાત્રિભોજનત્યાગ અને કંદમૂળત્યાગ કરીશ! દીવાથી દીવો પ્રગટે તે આનું નામ.

એટલી જ સમીક્ષા કરીશું આ પ્રેરક ઘટનાઓ પર કે દીવાથી દીવો પ્રગટે છે જરૂર, પરંતુ એના માટે અપ્રકાશિત દીપક પાસે ઘી–વાટ વગેરેની સજ્જતા અવશ્ય હોવી જોઈએ. અપ્રકાશિત દીપક જેવી આપણી જાત માટે આપણે પૂછીએ આ જ પ્રશ્ન કે શ્રદ્ધાની વાટ અને સંવેદનશીલતાના ઘીના સંદર્ભમાં આપણી સજ્જતા કેટલી?

❖ ❖ ❖

# 41

'મહાભારત'ની યુદ્ધવિભીષિકા અટકાવવા માટે શ્રીકૃષ્ણ જ્યારે દુર્યોધનને વિષ્ટિકારરૂપે મળ્યા ત્યારે એમણે દુર્યોધનને ન્યાયોચિતતાની દૃષ્ટિએ–ધર્મની દૃષ્ટિએ–વચનપાલનની દૃષ્ટિએ ખૂબ સમજાવ્યો. ઘણું બધું જતું કરવાની Offer કરીને ય યુદ્ધ અટકાવવાનો પ્રયાસ કર્યો. દુર્યોધને જરા ય મચક ન આપતાં છેલ્લે જે ઉત્તર આપ્યો એ પ્રસિદ્ધ છે કે ''जानामि धर्मं न च मे प्रवृत्तिः, जानाम्यधर्मं न च मे निवृत्तिः.'' મતલબ કે ધર્મ શું છે? યોગ્ય શું છે? તે હું જાણું છું. પરંતુ એને હું પ્રવૃત્તિમાં–આચરણમાં લઈ શકતો નથી. એ જ મુજબ અધર્મ–અયોગ્ય શું છે? તે પણ હું જાણું છું. પરંતુ એમાંથી હું નિવૃત્ત થઈ શકતો નથી, પરત ફરી શકતો નથી!

મહાભારતનો દુર્યોધન ભલે ધર્મ સમજવા–જાણવા છતાં એને આચરણમાં અવતરિત કરી શકતો ન હતો. પરંતુ વર્તમાનમાં કેટલાક પુણ્યાત્માઓ એવા મળે છે કે જે ધર્મને સમજે છે અને અશક્ય જણાતા સંયોગોમાં ય અડગ મનથી–અફર ભાવોથી એનું આચરણ પણ આદર્શરૂપે કરે છે. આની પ્રતીતિ કરાવે તેવી એક ઘટના સર્જાઈ વિ.સં. ૨૦૭૫ના પાર્લાસંઘના સામૂહિક માસક્ષમણો દરમ્યાન.

મૌલિક શાહ નામે યુવાન. એકદમ ધર્મભાવનાશીલ સંસ્કારી વ્યક્તિત્વ. ઘરની તમામ જવાબદારી એનાં શિરે. એને માસક્ષમણ કરવું હતું. પરંતુ સૌથી મોટો અવરોધ એના વ્યવસાયનો વિચિત્ર સમય હતો. એનું કામકાજ U.S.A.ની Company સાથે ચાલે. વ્યવસાયનો સમય ભારત મુજબ રાત્રિના દશથી બે–અઢી વાગ્યા સુધી. U.S.A.માં ત્યારે દિવસ હોય. એના Jobના કામકાજમાં એ એક દિવસનો ય Gap રાખી ન શકે. નહિ તો Job ચાલી જાય. ઉપવાસો વચ્ચે નિત્ય રાત્રિના અઢી વાગ્યા સુધી Job ચાલે, પછી અન્યાન્ય બાબતો આટોપીને સૂવામાં ત્રણ વાગે. તો એ સ્થિતિમાં માસક્ષમણ શક્ય શે બને? પરિવારજનો આ જ ચિંતાથી કહેતા કે ''તું આ વિચાર રહેવા દે. કોઈ રીતે આ Possible નહિ બને.'' બીજી બાબત એ હતી કે તે જે રીતે–જે મનોરથોપૂર્વક માસક્ષમણ કરવા ચાહતો હતો તે પણ આ Odd Timeની Jobનાં કારણે અશક્યવત્ હતું.

આમ છતાં પેલી પંક્તિ અહીં ચરિતાર્થ થઈ કે :–

लहरोसे डरनेवालोकी, नैया पार नहि होती।
कोशिश करनेवालोकी, कभी हार नहि होती।।

નોંધપાત્ર બાબત અહીં એ હતી કે માત્ર કોશિશ ન હતી, બલ્કે મક્કમ મનનો દઢ–મજબૂત પુરુષાર્થ હતો. એથી એણે પહેલે જ દિવસે સળંગ સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણ લીધા : મન શિથિલ ન થઈ જાય માટે જ તો! મક્કમ પુરુષાર્થથી ય ચાર ચાસણી ચડી જાય તેવી મૌલિકની શ્રદ્ધા હતી. આથી જે એણે જે મનોરથો સાથે માસક્ષમણ નિર્ધાર્યું હતું તે પ્રથમ જ દિવસથી અમલમાં લઈ લીધા. એ મનોરથો હતા : નિત્ય એક સામાયિક–એક પ્રતિક્રમણ–પ્રભુપૂજા અને નિત્ય પ્રવચનશ્રવણ! કલ્પના કરો કે મગજનું દહીં કરી દે તેવી Jobની જવાબદારીઓ પછી ત્રણ વાગ્યે જે વ્યક્તિ સૂએ તે સવારે ઊઠે ક્યારે? પ્રભુપૂજા કરે ક્યારે? અને પ્રવચનશ્રવણ કરે ક્યારે? અને તે ય લગાતાર ચડતા ઉપવાસો વચ્ચે! આ પ્રબળ પુરુષાર્થ જ એ દર્શાવી આપે છે કે મૌલિકે ધર્મ જાણ્યો જ ન હતો, બલ્કે પ્રવૃત્તિમાં–આચરણમાં અવતરિત પણ કરી જાણ્યો હતો. તે વિના વિષમ પરિસ્થિતિમાં આ શક્ય શે બને?

સત્તરમા દિવસે સળંગ ચૌદ ઉપવાસના પચ્ચક્ખાણ લઈ બે જ પચ્ચક્ખાણમાં ભરપૂર શ્રમ વચ્ચે માસક્ષમણ પૂર્ણ કરનાર મૌલિકે માસક્ષમણમાં જ શ્રી સ્તંભનપાર્શ્વપ્રભુની અંજનશલાકાનો લાભ ગુરુભગવંતપ્રેરિત તીર્થમાં લઈ માસક્ષમણનું ઉજમણું કર્યું!

યુવાનવયે ધર્મક્ષેત્રે–તપક્ષેત્રે થયેલ આ પુરુષાર્થ પેલી પંક્તિની યાદ અપાવી જાય છે કે :–

जोश ऐसा हो जिस पर तमन्नाको नाझ हो।
इन्साँ ऐसा हो जिस पर फरिश्तेको नाझ हो।।

✤ ✤ ✤

# 42

પરિવર્તનનું મહિમાગાન કરતી એક શાયરી સરસ પ્રસ્તુતિ કરે છે કે :–

असफल भी सफल हो जाता है, निर्बल भी सबल हो जाता है।
परिवर्तनकी है गजब क्षमता, कि किचडमें भी कमल हो जाता है।।

**કીચડ જેવા ગલીચ–નિમ્ન સ્થાનમાં કમલ જેવા ઉત્તમ અસ્તિત્વનું પ્રાગટ્ય જો પ્રકૃતિની કમાલ છે, તો કીચડ જેવા મલિન મનમાં–જીવનમાં શુભ ભાવોનું–શુભ અનુષ્ઠાનોનું પ્રાગટ્ય એ પ્રભુની કમાલ છે.** નહિ માનતા કે 'પ્રકૃતિની કમાલ' સામે આ 'પ્રભુની કમાલ' શબ્દપ્રયોગ માત્ર અનુપ્રાસ કે શબ્દસૌંદર્ય છે. આ નક્કર વાસ્તવિકતા છે અને એને શાસ્ત્રનું સમર્થન છે. 'ઉપમિતિભવપ્રપંચા' ગ્રન્થમાં શ્રીમાન સિદ્ધર્ષિગણિવર સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે ''एकोऽपि शुभो भावो भगवत्प्रसादलभ्यत्वात्.''

''ભાવાર્થ કે એક પણ શુભ ભાવ–શુભ વિચાર મનમાં પ્રગટે છે તે પ્રભુની કૃપાના પરિણામે જ પ્રગટે છે, અન્યથા નહિ.

પ્રભુની કૃપા વરસે છે ત્યારે કીચડ જેવા મનમાં –જીવનમાં કમલ જેવું કમનીય પરિવર્તન આવે છે એ નિહાળાય છે વિ.સં. ૨૦૭૫ના પાર્લાસંઘમાં યોજાયેલ સામૂહિક માસક્ષમણના એક તપસ્વીનાં જીવનમાં. બાસઠ વર્ષનાં જીવન સુધી એ આરાધકનાં જીવનમાં ધર્મનાં નામે માત્ર Zeor balance હતી. એ ભાગ્યવાન ભાઈ શ્રીમંત અને વાલકેશ્વરમાં રહે. જીવનનું લક્ષ્ય માત્ર કમાણી–મોજમજા અને હરવા–ફરવાનું. આરાધના જેવી કોઈ બાબત જીવનમાં ન મળે. એમ સમજો કે બાસઠ વર્ષ સુધીના સમયખંડમાં ધર્મક્ષેત્રે એમનો જન્મ સુદ્ધા થયો ન હતો.

અચાનક પ્રભુકૃપા વરસી  અને એક ગુરુભગવંતની પ્રેરણાથી થતાં તીર્થમાં ભગવાનની અંજનશલાકા–પ્રતિષ્ઠાનો લાભ લેવાની સ્વયંસ્ફૂર્ત ભાવના પ્રગટી. લાભ લેવાયો અને અંજન–પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો ત્યારે તીર્થની મુખ્ય ધ્વજાનો કાયમી લાભ લેવાના મનોરથ પ્રગટ્યા અને તે સમયે આઠ આંકડાની ઉછામણી બોલી કાયમી ધ્વજાનો લાભ લીધો. એ જ ગુરુભગવંતની નિશ્રામાં મિત્ર સાથે ઉપધાનતપ કરાવવાનો આદેશ લીધો ત્યારે ગુરુભગવંતે કહ્યું : ‘‘ધર્મક્ષેત્રમાં તમારો જન્મ બહુ જ વિલંબથી થયો છે. એટલે હવે માત્ર દાનથી સંતોષ નહિ માનવાનો. તપ અને વિરતિની આરાધનામાં પણ સામેલ થવું જોઈએ. તમારે ઉપધાન કરાવવાના જ નથી, કરવાના પણ છે.’’ પ્રભુકૃપા–ગુરુકૃપા વરસતી હતી. એથી એ પુણ્યાત્માએ પૂર્વે એક સામાયિક પણ કર્યું ન હોવા છતાં ઉપધાનતપ કરવાની પ્રેરણા ઝીલી લીધી. એટલું જ નહિ, ઊછળતા ઉમંગે સફળતાપૂર્વક ઉપધાનતપ પૂર્ણ કરી માળ પણ પરિધાન કરી!

જીવનમાં રોપાયેલ તપધર્મના આ માહોલમાં અલગ જ રીતે એમનાં મનમાં માસક્ષમણનું બીજારોપણ થયું. જે વર્ષે એમણે ઉપધાન કર્યા–કરાવ્યાં તે જ વર્ષથી એ જ ગુરુભગવંતની નિશ્રામાં સામૂહિક માસક્ષમણનાં મંગલાચરણ થયાં. માસક્ષમણમહોત્સવનાં પ્રવચનોમાં સહજપણે બે–ત્રણ વાર વિષયાનુરૂપ સામૂહિક માસક્ષમણની ઘટનાઓની રસપ્રદ પ્રસ્તુતિ થતા ત્યાં ઉપસ્થિત આ ભાગ્યવાનનાં અંતરમાંથી વિચારવહેણ ફૂટ્યા કે ‘‘જીવનમાં કદી કાંઈ ન કરનાર હું આ વર્ષે ઉપધાનમાં ઉપવાસ–નીવી–ઉપવાસ કરી શક્યો એ ચમત્કાર છે. આ જ ચમત્કાર હજુ આગળ લંબાઈ શકે : જો યોગ્ય રીતે  Planning કરવામાં આવે તો.

વળી ગુરુભગવંત એમ કહે છે કે ધર્મક્ષેત્રે તમારો જન્મ ખૂબ Late થયો છે એટલે માત્ર ભાવના રાખીશ–વિચારો કર્યા કરીશ તો સ્વપ્ન સાકાર નહિ થાય. ભલે Planningપૂર્વક પણ માસક્ષમણના લક્ષ્યથી પુરુષાર્થ શરુ કરવો જ છે.'' ધ્યાનમાં રહે કે આ પુણ્યાત્માને વ્યક્તિગત માસક્ષમણની કોઈ પ્રેરણા કરાઈ ન હતી. પોતે સ્વયં આ વિચારોથી ભાવિત થયા હતા.

એમણે Planningપૂર્વક તપપુરુષાર્થ શરૂ કર્યો. વિ.સં.૨૦૭૩નાં પર્યુષણાપર્વમાં અટ્ઠાઈનું લક્ષ્ય રાખ્યું ને એમાં એ સફલ થયા. વિ.સં.૨૦૭૪ના પર્યુષણાપર્વમાં એમણે પંદર ઉપવાસનું લક્ષ્ય રાખ્યું ને એમાં ય એ સફલ થયા. હવે Will-Power વધી ગયો. અને વિ.સં.૨૦૭૫ના પાર્લા ચાતુર્માસમાં એ સડસઠ વર્ષની વયે માસક્ષમણ માટે સજ્જ થઈ ગયા. સડસઠ વર્ષનું વય, વાલકેશ્વરમાં રહેતી વ્યક્તિ અને B.P.-Cholestrolની કાયમી દવા છતાં એના ત્યાગ સાથે માસક્ષમણના ભાવ : આ પ્રભુકૃપાનો ચમત્કાર નથી તો શું છે?

સમૂહ માસક્ષમણના પ્રારંભદિને તેઓ વાલકેશ્વરથી પાર્લા આવ્યા અને સળંગ અટ્ઠાઈના પચ્ચક્ખાણથી પ્રારંભ કર્યો. પણ આઠ ઉપવાસ શાતાપૂર્વક કર્યા બાદ નવમા દિવસે તેઓ આવ્યા ત્યારે નવાં પચ્ચક્ખાણ અટ્ઠમનાં લેવાની ભાવના દર્શાવી. ગુરુભગવંતે સામાન્ય પ્રેરણા કરી :''પંદર ઉપવાસ તો ગત વર્ષે થયા જ હતા. તો Will Power શિથિલ ન થવા દેવો. બીજા પચ્ચક્ખાણ અટ્ઠાઈના જ લેવાય તો સારું.''

તપસ્વીએ અલગ જ Angleથી ઉત્તર દીધોઃ ''સાહેબજી! Will Power એ જ છે. આપ ફરમાવો તો અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ લઉં. પરંતુ મારે અટ્ઠમ–અટ્ઠમથી આગળ એટલે વધવું છે કે પચ્ચક્ખાણ નિમિત્તે દર ત્રણ દિવસે હું આપની ઊર્જા–

વાસક્ષેપ પામી શકું. સળંગ અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ લઈશ તો એ નહિ બની શકે.'' ગુરુભગવંત વિસ્મિત થઈ ગયા તપસ્વીના ઉમદા અભિગમથી. એમને પછી અટ્ઠમ-અટ્ઠમના જ પચ્ચક્ખાણ અપાયા.

માસક્ષમણ પૂર્ણ થયું ત્યારે તપસ્વીએ હસતા હસતા આનંદ વ્યક્ત કર્યો : ''સાહેબજી! આપ મારો ધર્મક્ષેત્રનો જન્મ બાસઠ વર્ષની વયનો ગણો છો. એ દૃષ્ટિએ જોઈએ તો મેં જન્મના પાંચ વર્ષમાં જ માસક્ષમણ કર્યું. તો હું સૌથી નાનો બાળતપસ્વી નહિ?''

એ પુણ્યાત્માનું નામ છે સુનીલભાઈ ભોગીલાલ શાહ.

✤ ✤ ✤

# 43

''સાહેબજી! માસક્ષમણની ભાવના ખૂબ તીવ્ર છે. પરંતુ એક મૂંઝવણ છે.''

પાર્લાસંઘના ઉપાશ્રયમાં આવેલ આરાધક બહેને પાર્લામાં સામૂહિક માસક્ષમણનો અદ્‌ભુત માહોલ સર્જાયા બાદના દિવસોમાં ગુરુભગવંત સમક્ષ આવીને રજૂઆત કરી.

''શી મૂંઝવણ છે તમને ?'' ગુરુભગવંતે પ્રશ્ન કર્યો.

''વાત એમ છે કે છેલ્લા થોડા સમયમાં મારે શ્રી સિદ્ધગિરિરાજની નવાણુંયાત્રા–સોળઉપવાસ વગેરે તપ–આરાધનાઓ થઇ છે. શરીર પર એની થોડી અસર છે. એથી શ્રાવકનો આગ્રહ એવો રહ્યો છે કે આ વર્ષે માસક્ષમણ ન કરવું. મારો ભાવ તીવ્ર છે કે સામૂહિક માસક્ષમણ છે તો એમાં જ આવું મોટું તપ કરવું સરલ રહેશે. શ્રાવક છેલ્લે સુધી 'નથી કરવાનું' કહીને ગઇ કાલે દશ દિવસની Business Tour પર ગયા છે. મન એમ કહે છે કે આવતી કાલથી શરૂ થતાં માસક્ષમણમાં મારે સામેલ થવું જ છે. એમનો Phone ગઇ કાલે આવ્યો હતો અને રોજ આવશે. તપ શરૂ કરું તો મારે રોજ Phone પર એમને ખોટું કહેવું પડે કે 'ઉપવાસ નથી કરતી.' આ રીતે તપ કરવામાં મને માયા–કપટનો દોષ લાગે ?''

''ના, ન લાગે.'' ગુરુભગવંતે ક્ષણાર્ધ વિચારીને કહ્યું.

''કેમ ? મલ્લિનાથભગવાનના જીવને તો પૂર્વભવમાં તપમાં જ માયાનો દોષ લાગ્યો હતો ને ?'' બહેને સંશય વ્યક્ત કર્યો.

''જુઓ, એ ઘટનામાં અને તમારી ઘટનામાં પાયાનો ફર્ક છે. માત્ર 'માયા' શબ્દથી એક સમાનતાની કલ્પના ન કરાય. ત્યાં 'તપ કરવાની રજા ન હતી માટે માયા થઇ' એમ ન હતું. 'અન્ય સર્વ કરતા તપમાં હું આગળ ગણાઉં' એવી અહંકારમૂલક એ માયા હતી. તમારા કિસ્સામાં માયા માત્ર ધર્મમૂલક બને એમ છે.

તમે એટલા માટે માયા કરો છો કે એ વિના તમારું માસક્ષમણ શક્ય નથી. ધર્મહેતુ માટે (અહંકારાદિ કષાયહેતુ માટે નહિ) થતી માયા એ માયા નથી એમ શાસ્ત્રોના 'धर्मे माया न माया' શબ્દો સમજાવે છે . કેમ કે ત્યાં બાહ્ય–દેખાવ પૂરતી માયા છે, અંતઃકરણમાં તો માત્ર અનુષ્ઠાનની–તપની ભાવનાની નિર્મલતા છે. આવું જ વિધાન 'પંચસૂત્ર' ગ્રન્થમાં સંમતિ વિનાની દીક્ષાના ક્રમશઃ અધિકારમાં મળે છે કે ''अन्नहा अणुवहे चेव उवहिजुत्ते सिआ.'' મતલબ કે અંતરથી અમાયાવી હોવા છતાં ઉપરથી માયા (દીક્ષાધર્મની પ્રાપ્તિ માટે કરવી પડે તો) કરવી.''

આરાધકને સંતોષ થયો અને બીજા દિવસથી એમની માસક્ષમણસાધના શરૂ થઈ. એક...બે...પાંચ...સાત. જે દિવસે એમના શ્રાવક આવવાના હતા તેના પૂર્વદિને તપસ્વી કહે : ''શ્રાવક કાલે આવશે. એ ગુસ્સો–ઝઘડો કરે એવા નથી. પણ અચાનક માસક્ષમણની વાત સાંભળી દુઃખ અનુભવશે. એમને વધુ દુઃખ ન થાય તો સારું.''

તપસ્વીનાં હૈયાનાં સાચા ભાવનું પરિણામ ગણો કે જે ગણો તે, શ્રાવક આવ્યા પછી દુઃખનું–નારાજગીનું પરિણામ ન આવ્યું. બીજે દિવસે દંપતી સાથે વંદન કરવા આવ્યા ત્યારે ગુરુભગવંત સમક્ષ શ્રાવક બોલ્યા : ''હું એક ઉપવાસ નથી કરી શકતો અને એ આટલી મોટી તપસ્યા કરે છે. એટલે મને તો હર્ષના આંસુ આવે છે. મેં જે ના–ના કરી હતી એ એની ઉપરાઉપરી તપસ્યા–આરાધનાની અસર શરીર પર ન થાય એ માટે હતી. બાકી તપસ્યા તો વંદનીય જ છે.''

તપસ્વીનું માસક્ષમણ નિરાબાધ પૂર્ણ થયું અને માસક્ષમણમહોત્સવમાં તથા અંજનશલાકામહોત્સવમાં પરિવારે ઉદારતાથી લાભ લીધો. તપસ્વીનું નામ છે ડિમ્પલબહેન પરેશભાઈ શાહ.

ડિમ્પલબહેનની આ તીવ્ર ભાવનામય ઘટના આપણને એમ જણાવે છે કે નાના બાળક હતા ત્યારે મનપસંદ રમકડાં મેળવવા આપણે ખોટેખોટું ઘણી વાર રડ્યા હતા, તો ઊછીની  લીધેલ રકમના વ્યાજમાંથી છટકવા નબળી સ્થિતિ વગેરે દર્શાવવા ય આપણે ખોટેખોટું રડ્યા. એકાદ વાર ધર્મક્ષેત્રનાં સપનાં સાકાર કરવા ખોટેખોટું રડી તો બતાવો? કમ સે કમ એટલી ખાતરી તો થાય કે ધર્મક્ષેત્રનાં સપનાં સાકાર કરવાનો લગાવ અંતરનો છે–સાચો છે!

✤ ✤ ✤

# 44

Cricket Worldનું વિખ્યાત નામ વિરાટ કોહલી. એ જ્યારે Fullformમાં અને કારકીર્દિની ટોચ પર હતો ત્યારે કોઇ પત્રકારે એને પ્રશ્ન કર્યો હતો કે ''તમે પૂજાપાઠ વગેરે કરો છો?'' કોહલીએ એની હાંસી ઊડાવતો હોય એમ વળતો પ્રશ્ન કર્યો કે ''શું તમને લાગે છે કે હું પૂજાપાઠ કરું એવો છું?'' આ પ્રશ્નમાં પૂજાપાઠ (ઉપલક્ષણથી ધર્મક્ષેત્રની તમામ ક્રિયા વગેરે) તો વેવલા લોકો કરે એ ધ્વનિ છુપાયેલો હતો. અલબત્ત, સમય બદલાયો અને કોહલીએ Test Cricketમાંથી નિવૃત્તિ લેવાની ક્ષણો આવી ત્યારે એ જ Modern કોહલી વૃંદાવનના સનાતન ધર્મગુરુ પાસે જતો થઇને જાપ કરતો ય થઇ ગયો એ વળી બીજું પાસું છે. પરંતુ એણે પત્રકારને જે હાંસી ઉડાવતો ઉત્તર આપ્યો તે એ દર્શાવવા સક્ષમ છે કે યુવાનીના જોશમાં–હોંશમાં રાચતી નવી પેઢીના, બધા નહિ તો ય ઘણા, વર્ગને ધર્મ પ્રત્યે કેવો અરુચિભર્યો અભાવ છે!

મહદંશ ભલે યુવાજગતનો અભિગમ આવો અરુચિભર્યો હોય. પરંતુ બલિહારી જૈન શાસનની એવી છે કે આ શાસનમાં જન્મ ધરનાર કેટલાક યુવાવર્ગની ધર્મ પ્રત્યે અભિરુચિ એવી કાબિલ–એ–દાદ છે કે એ મન–મસ્તક બન્ને ઝુકાવી દે. વિ.સં. ૨૦૭૭ના બોરીવલી–જામલી ગલી જૈન સંઘમાં આયોજિત સામૂહિક માસક્ષમણમાં એક ઘટના આવી સર્જાઇ કે જે અંતરને અહોભાવથી તર–બ–તર કરી દે અને મુખમાંથી 'અહો માસક્ષમણમ્...અહો જિનશાસનમ્'નો નાદ પ્રગટાવી દે.

બન્યું એવું કે ત્યાં માહોલ જામ્યો અને 'અટ્ઠમ+માસક્ષમણ'ના Passનો આંક નવસોને આંબી ગયો ત્યારે ઘરે ઘરે માસક્ષમણની ચર્ચા થવા માંડી. એમાં એક સુખી–શ્રીમંત પરિવારના નવદંપતીને ય માસક્ષમણના ભાવ પ્રગટ્યા.

સૌથી મોટું આશ્ચર્ય એ હતું કે માસક્ષમણના પ્રારંભનો જે દિવસ હતો એ દિવસે એમના લગ્નને એક મહિનો પણ માંડ થતો હતો! લગ્નના બાવીશ–પચીશ દિવસોમાં નવદંપતીનાં અંતરમાં કયા અરમાન રમતા હોય? Honeymoon માણવા એકલા એકલા Hill-Stationમાં ફરવા જવાના જ કે બીજા કોઇ? શ્રીમંત પરિવારમાં તો ખાસ મોંઘી Tourનાં જ અરમાન હોય. આ સ્થિતિમાં લગ્નના બાવીશ–પચીસમા દિવસે માસક્ષમણના ભાવો પ્રગટવા એને જૈન શાસનની બલિહારી નહિ તો શું કહેવાય?

આ જ નવદંપતીનું બીજું આશ્ચર્ય. આ નવદંપતીમાં જે યુવતી હતી તે ગુરુભગવંતના ધર્મપરિચિત પરિવારનું સંતાન હતી અને પરિવારનું Back-Ground એનું ધાર્મિક હતું. પરંતુ જે યુવાન હતો એનું પારિવારિક Back-Ground ધાર્મિક ન હતું. એથી એણે જીવનમાં કોઇ તપ કર્યો ન હતો. અરે! ઉપવાસ છોડો, બિયાસણું પણ એણે જીવનમાં કર્યું ન હતું! તપનાં નામે જાણે સાવ કોરી પાટી. આમ છતાં નવોઢા પત્નીના સંસ્કારે એ માસક્ષમણ જેવા મહાતપમાં ઝુકાવવા તૈયાર થઇ ગયો. નવદંપતીએ ગુરુભગવંત પાસે આવીને ભાવના અને વાસ્તવિકતાનું બયાન કર્યું. ગુરુભગવંતે ખૂબ ધીરતાથી અને Positive વાતોથી બન્નેને હિંમત બંધાવી.

મુહૂર્તદિને ઊછળતા ભાવે બન્નેએ સેંકડો ભાવિકો સાથે તપનો પ્રારંભ કર્યો. શીખવવામાં આવ્યા મુજબ તેઓ પરમાત્માને નિત્ય ભાવુક હૈયે પ્રાર્થના કરતા કે ‘‘અમે માસક્ષમણના મહાસાગરમાં ઝુકાવ્યું છે. કિનારે લઇ આવવાની જવાબદારી તારી.’’ એમની પ્રાર્થના જાણે કે ઠેઠ સિદ્ધશિલાસ્થિત પ્રભુ સુધી પહોંચી હોય એમ બન્નેનું માસક્ષમણ બા–અદબ મંઝિલ સર કરી ગયું! એ નવદંપતીના નામ છે નિહાર અને હેતવી.

**તમન્ના એ રાખજો કે જીવનમાં દીક્ષાનો જ અવસર આવે, લગ્નનો નહિ. પરંતુ વિષમ કર્મસંયોગે સંસારબંધનમાં બંધાવું જ પડે તો એવા જીવનસાથીની ઝંખના રાખજો કે જે લગ્ન જેવા નિશ્ચિત કર્મબંધના કાળમાં ય માસક્ષમણ જેવી મહાન આરાધનાઓ કરાવે!**

✤ ✤ ✤

# 45

ક્યારેક સાવ નાનો Teenager ખેલાડી National Levelની Matchમાં રમવા ઊતરી સદી ફટકારી દે એવું બને. એમાં જેટલું આશ્ચર્ય નથી તેટલું આશ્ચર્ય એમાં છે કે તે Teenager ખેલાડી એની Battingમાં એક પણ ક્ષતિ દાખવ્યા વિના પડકારજનક પરિસ્થિતિનો ય આસાનીથી સામનો કરી શકે. કેમ કે આવી ક્ષતિવિહોણી Batting અનુભવી Batsmanમાં જ જોવા મળી શકે.

આનાથી ય અધિક આશ્ચર્ય થાય તેવી ઘટના સર્જાઇ વિ.સં. ૨૦૭૭ના બોરીવલી–જામલીગલીસંઘમાં આયોજિત સામૂહિક માસક્ષમણનાં આયોજનમાં. ત્યારે એ એક જ સંઘમાં બસો પંદર માસક્ષમણો કોરોનાની બીજી લહેર વચ્ચે થયા હતા, તો માસક્ષમણના પ્રેરણાદાતા ગુરુભગવંતના શિષ્યોએ ચાર સંઘોમાં એ જ ચાતુર્માસમાં કરાવેલ માસક્ષમણોની સંખ્યા ઉમેરીએ તો એક જ ચાતુર્માસમાં કુલ માસક્ષમણો થયા હતા ચારસો પીસ્તાલીશ. આ તમામ ચારસો પીસ્તાલીશ માસક્ષમણોમાં, બાળવય અને સતત ઉલ્લસિત ભાવધારાની દૃષ્ટિએ Extra Ordinary કહી શકાય તેવી ઘટના આ હતી. આ ઘટના Teenager Batsmanની ક્ષતિરહિત Battingથી ય અધિકઆશ્ચર્યકારી એટલે કહી શકાય કે પેલા Teenager Batsmanને તો Coach દ્વારા નિયમિત  Practice કરાવાય છે અને એથી એ Super Result આપી શકે છે. જ્યારે આ ઘટનાના બાળતપસ્વીએ તો એક પણ વારની એક ઉપવાસની પણ Practice વિના Super Result આપ્યું હતું. ઘટના એ આમ બની હતી.

માસક્ષમણના સામૂહિક પ્રથમ પચ્ચક્ખાણનો અદ્‌ભુત નજારો હતો. સેંકડો તપસ્વીઓ તપના પ્રથમ મંગલરૂપે પ્રદક્ષિણા કરી ગુરુભગવંતનો વાસનિક્ષેપ લઇ રહ્યા હતા. એમાં એક પિતા–પુત્રની જોડી આવી. પિતા લગભગ પાંત્રીશ

વર્ષના હતા ને પુત્ર માત્ર દશ વર્ષનો હતો. પિતાએ કહ્યું : ‘‘સાહેબજી! અમને બન્નેને આગળ વધવાના ભાવ છે. પરંતુ દીકરાએ આજ સુધીમાં કદી એક ઉપવાસ નથી કર્યો. માટે અટ્ઠમથી જ શરુઆત કરીશું. એનાથી આગળનાં પચ્ચક્ખાણનો અત્યારે વિચાર નથી.’’ ગુરુભગવંતે કહ્યું : ‘‘જેવો ભાવ હોય એવું કરવું.’’ પરંતુ જ્યાં પચ્ચક્ખાણનો સમય આવ્યો અને બસોથી વધુ આરાધકોએ આઠથી સોળના સળંગ પચ્ચક્ખાણમાં હાથ જોડ્યા ત્યાં પેલા દશ વર્ષીય બાળતપસ્વીએ એ પચ્ચક્ખાણમાં હાથ જોડ્યા. સભામાં પિતા-પુત્ર થોડાં અંતરથી ક્રિયામાં ઊભા હતા. પિતાએ ઈશારાથી પુત્રને અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ ન લેવાનું જણાવ્યું, તો પુત્રે ઈશારાથી કહ્યું : ‘‘ના, આ માહોલમાં મારે અટ્ઠાઈનાં જ પચ્ચક્ખાણ કરવા છે.’’ અચાનક ગુરુભગવંતની દૃષ્ટિ પિતા-પુત્ર પર ગઈ, તો એ બન્નેની દૃષ્ટિ ગુરુભગવંત પર ગઈ. ગુરુભગવંતે પિતાને ઈશારાથી કહ્યું : ‘‘ના ન કહો. એની ઈચ્છા મુજબ કરવા દો.’’ પરિણામ એ આવ્યું કે પુત્રની દૃઢતા નિહાળી પિતાએ પણ અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ કર્યા! અનુભવી Batsman એ છે કે જે આવી રહેલ દડાની Position જોઈને અર્ધી ક્ષણમાં નિર્ણય બદલીને Sixer ફટકારે. બાલતપસ્વીએ આ જ કર્યું અને ભાવની Position જોઈને અટ્ઠાઈનાં પચ્ચક્ખાણની જાણે કે Sixer લગાવી.

એક પણ ઉપવાસનો અનુભવ ન હોવા છતાં એણે અટ્ઠાઈ સરસ કરી. અગાઉના અનુભવનું પુનરાવર્તન ન થાય તે માટે માતા-પિતા પુત્રને લઈને જાહેરમાં નહિ, અલગથી પચ્ચક્ખાણ માટે આવ્યા. આવતાવેંત પુત્રે ગુરુભગવંતને કાનમાં કહ્યું : ‘‘આ લોકો અટ્ઠમથી આગળનું પચ્ચક્ખાણ નહિ જ લેવાનું નક્કી કરાવી મને અહીં લાવ્યા છે. પણ મારે તો અટ્ઠાઈનું જ

પચ્ચક્ખાણ કરવું છે.'' ગુરુભગવંતે પરિવારને સમજાવ્યો. એના પિતાને ય નવમો ઉપવાસ હતો. પણ એમની હિંમત અટ્ઠમથી આગળ વધતી ન હતી. ગુરુભગવંતે માર્ગ કાઢ્યો : ''તમે ભલે અટ્ઠમનાં પચ્ચક્ખાણ લો. બાળકને અટ્ઠાઇનાં પચ્ચક્ખાણ કરવા દો.'' એ મુજબ થયું અને બાળક અભંગ ઉત્સાહથી આગળ વધ્યો. અનુભવી Batsman એ છે કે સામે છેડેથી Support નબળો પડે તો ય પોતાની Batting Style અકબંધ સાચવી જાણે. બાલતપસ્વીએ વગર અનુભવે આ કર્યું.

બારમા દિવસે ભારે થઇ. ઘરમા પિતાને અચાનક ચક્કર આવ્યા અને એકાદ Minute ભાન ગુમાવ્યું. પચ્ચક્ખાણ એ દિવસે નવા લેવાના હતા. આ સ્થિતિમાં પરિવારે નિર્ણય બદલ્યો અને પિતાને પારણું કરાવ્યું. બાળકને અટ્ઠાઇનાં પચ્ચક્ખાણ હોવાથી એને કોઇએ પારણાનો આગ્રહ ન કર્યો. પણ આકસ્મિક આવી દુર્ઘટના નજરે નિહાળવાથી મોટી વયના તપસ્વીઓ ય મનથી હલી જાય. જ્યારે આ બાલતપસ્વીને આ ઘટનાની કોઇ વિપરીત અસર ન થઇ. એથી જ સત્તરમા દિવસે એ પિતાને સાથે લઇ પચ્ચક્ખાણ માટે આવ્યો ત્યારે એણે એક સાથે ચૌદ ઉપવાસના પચ્ચક્ખાણની વાત ઉચ્ચારી. ગુરુભગવંતે પિતા સામે દૃષ્ટિ જ કરી. પિતા સમજી ગયા કે જે રીતે આ માસક્ષમણ કરે છે એ જોતાં એને હવે કાંઇ અટકાવવો નથી. બાલતપસ્વીને સળંગ ચૌદ ઉપવાસના પચ્ચક્ખાણ અપાયા. અનુભવી Batsman એ છે કે જે વિપરીત પરિસ્થિતિ સર્જાય ત્યારે જીતની જવાબદારી સમજી વધુ Powerful Batting કરે. બાલતપસ્વી અનુભવી ન હોવા છતાં એણે એવું જ કરી બતાવ્યું.

અટ્ઠાવીશમા ઉપવાસે બહુમાનસમારોહમાં આ બાલતપસ્વીએ Stage પર

ભાવથી નૃત્ય કર્યું ત્યારે સભાનાં નયનો હર્ષાશ્રુથી છલકાઇ ઊઠ્યા. એ ચાતુર્માસના ચારસો પિસ્તાલીશ માસક્ષમણોમાં બાલતપસ્વીઓ કુલ દશેક હતા પરંતુ આ બાલતપસ્વીએ જે Will powerથી અને વિપરીતતા વચ્ચે માસક્ષમણ કર્યું એ અદ્‌ભુત છે.

હવે નિહાળીએ એના પિતાની વાત. એ વર્ષે તેઓ માસક્ષમણની ભાવનામાં સફલ ન થયા. પરંતુ બીજા વર્ષે એ જ બોરીવલીના ગીતાંજલિસંઘમાં એ જ ગુરુભગવંતની નિશ્રામાં સમૂહ માસક્ષમણો યોજાયા. ગુરુભગવંતનાં અને એમના શિષ્યોનાં ચાતુર્માસસ્થાનોમાં માસક્ષમણ થયા પાંચસો અટ્ઠાવન! બાળકના પિતાની હિંમત ન વધી એથી તેઓ પ્રથમ Roundમાં જોડાયા નહિ. માસક્ષમણ શરૂ થયાના સાતમા દિવસે તેઓ ગુરુભગવંત પાસે રડ્યા. કહે : ''સાહેબજી! માસક્ષમણ ન થાય ત્યાં સુધી તમામ મિઠાઇના ત્યાગની બાધા આપો. આજીવન નહિ થાય તો આજીવન મિઠાઇત્યાગ રાખીશ.'' ગુરુભગવંતે બાધા આપવા સાથે અનુમોદનાપૂર્વક સાન્ત્વન આપ્યું કે ''બાધાનો આ જબરજસ્ત પુરુષાર્થ જ તપના અંતરાયને દૂર કરશે.''

અને..માનશો? એ પછી સાત દિવસ બાદ માસક્ષમણનો બીજો Round શરુ થયો ત્યારે તેઓ એમાં સામેલ થયા અને નિર્વિઘ્ન માસક્ષમણની મહાન આરાધના પરિપૂર્ણ કરી!

રામચન્દ્રજી જેવા પુત્રો માટે એ ઉક્તિ પ્રચલિત છે કે ''પુત્ર હજો તો આવા!'' અમે આ બન્ને માટે લખીશું કે ''પિતા-પુત્ર હજો તો આવા...'' પિતાનું નામ છે સચીન અને પુત્રનું નામ છે જિનય.

✤ ✤ ✤

# વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત સાહિત્યની સૂચિ

**પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય**

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

**પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય**

(૨૨) ધર્મવાણી
(૨૩) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૨૪) શ્રદ્ધાનું સંગીત
(૨૫) પર્યુષણાની પાવન પ્રેરણા
(૨૬) જીવનનું ઝવેરાત
(૨૭) પજુસણ આવ્યાં રે..
(૨૮) પગલું પડે તો પંથ ખૂલે
(૨૯) વન્દના...પાપનિકન્દના
(૩૦) રેતીમાં મોતી
(૩૧) રણ બને ઝરણ
(૩૨) મેઘધનુષ
(૩૩) દિવ્યધામ દર્ભાવતી
(૩૪) માયાનાં મૃગજળ
(૩૫) નમામિ વીરમ્
(૩૬) શ્રુતસૌરભ
(૩૭) શૂલ વચ્ચે ફૂલ
(૩૮) જીવન બને ઉપવન
(૩૯) આંખ ફરે અંતર ઠરે
(૪૦) પાઠશાળા પ્રવેશિકા
(૪૧) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૪૨) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૪૩) કથા-કલ્પવલ્લિ: (સંસ્કૃત)
(૪૪) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૪૫) દર્શનં મોક્ષસાધનમ્
(૪૬) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૪૭) સ્વાતિનાં મોતી
(૪૮) પ્રેરણાનાં પુષ્પો
(૪૯) આવો આરાધના કરીએ
(૫૦) તમે મન મૂકીને વરસ્યા
(૫૧) સુગંધ (હિન્દી)
(૫૨) નવપદ ધરજો ધ્યાન
(૫૩) દીવડો ધરો ...તિમિર હરો
(૫૪) સૌરભ
(૫૫) હૈયાના હસ્તાક્ષર
(૫૬) અંતરજ્યોત
(૫૭) મયૂરપંખ
(૫૮) વંદન હોજો વાર હજાર
(૫૯) પ્રેરણાદીપ
(૬૦) આદર્શોનું અમૃત
(૬૧) પાનું ફરે ...સોનું ઝરે ...
(૬૨) ધર્મધારા
(૬૩) ધર્મસિન્ધુ
(૬૪) યુગદિવાકર મહાગ્રન્થ
(૬૫) વિમલાચલ-વન્દના
(૬૬) ધર્મસેતુ
(૬૭) હૈયે કરજો વાસ
(૬૮) મોતીની ખેતી
(૬૯) અમૃતનો આસ્વાદ
(૭૦) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૭૧) ખૂબ્બુનો ખજાનો
(૭૨) એક મૂઠી મોતી
(૭૩) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૭૪) ભીતર દીવા હજાર
(૭૫) વન થી વૃંદાવન
(૭૬) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૭૭) હયાતિના હસ્તાક્ષર
(૭૮) હસતા અક્ષર
(૭૯) માનસરોવરનાં મોતી
(૮૦) અજવાળાના અવતરણ
(૮૧) દરવાજે દસ્તક
(૮૨) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૮૩) અમૃતનું આચમન
(૮૪) વ્રત ધરીએ...ભવ તરીએ
(૮૫) મહામાનવ મોતીશાહ
(૮૬) પ્રેરણાનો પચગામ
(૮૭) પ્રેરણાના પારિજાત
(૮૮) પ્રેરણાનો પરાગ
(૮૯) પ્રેરણાનું પરબ
(૯૦) પ્રેરણાનું પંચામૃત
(૯૧) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૯૨) ચાલો શિખરજી જઈએ
(૯૩) ઝાકળભીનો ઉજાસ
(૯૪) હૃદયદીપ
(૯૫) સુખનું સરનામું
(૯૬) સુખના સૂરજમુખી
(૯૭) અમૃતની અંજલિ
(૯૮) નંદનવનનાં પુષ્પો
(૯૯) તિમિરથી તેજ
(૧૦૦) પરમને પ્રાર્થના
(૧૦૧) મંદિર પધારો સ્વામી ! સલૂણાં
(૧૦૨) તમે સૂરજ થઈને ચમક્યાં-મહાગ્રન્થ
(૧૦૩) મહેંક માર્ગાનુસારિતાની ...
(૧૦૪) વિચારસેતુ
(૧૦૫) આનંદનું એવરેસ્ટ
(૧૦૬) વાસંતી વાયરા
(૧૦૭) ભવ આલોચના
(૧૦૮) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૧૦૯) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૧૧૦) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૧૧૧) જ્યોત
(૧૧૨) વૈભવ
(૧૧૩) સુગંધનું સરનામું
(૧૧૪) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૧૧૫) અક્ષરના દીવા
(૧૧૬) ઉદ્યોત
(૧૧૭) સાહિબ ! તમે મારા છો
(૧૧૮) રત્નકિરણ
(૧૧૯) ઉન્મેષ
(૧૨૦) દષ્ટાંતદર્પણ
(૧૨૧) અહો ! માસક્ષમણમ્

**પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય**

(૧૨૨) નમામિ નિત્યં ગુરુધર્મસૂરિમ્ (સંસ્કૃત)
(૧૨૩) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૧૨૪) પ્રસંગપુષ્પાઞ્જલિ: (સંસ્કૃત)
(૧૨૫) ચિંતનની ચાંદની
(૧૨૬) મનનનાં મોતી
(૧૨૭) Treasure of Qualities
(૧૨૮) સૂર્યોદયનું સૌંદર્ય
(૧૨૯) સૂર્યોદયં સૂરિવરં પ્રણૌમિ
(૧૩૦) Entity of Supremacy
(૧૩૧) Bharat Chakravarti
(૧૩૨) Karma

**૧૩૩ થી ૧૯૩**

પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી પ્રકાશિત ઇંગ્લીશ પુસ્તકો